દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 75 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 31 March 2026, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૩૧ માર્ચ ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૯ ૧૦ ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

▸ માળખાકીય સુવિધાઓને પણ ટાર્ગેટ કરવાની ચીમકી ▸ પાકિસ્તાનની દરમ્યાનગીરી સાથેની મંત્રણામાં ભાગ લીધાનો ઈરાનનો સાફ ઇનકાર

## ટ્રમ્પની ધમકી, જો ટૂંકમાં સમજૂતી નહીં થાય તો...

# ખાર્ગને ખાક કરીશ



દુબઈઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે ધમકી આપી હતી કે જો યુદ્ધનો અંત લાવવા માટે ટૂંક સમયમાં સમજૂતી નહીં થાય, તો ઇરાનનાં ઊર્જા સંસાધનો અને અન્ય મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓનો નાશ કરીશું તથા ખાસ કરીને તેના ક્રૂડ ઓઇલનો ૯૦ ટકા હિસ્સો જ્યાંથી આવે છે એ ખાર્ગને ખાક કરીશું. ઇરાનનાં ડિસેલિનેશન પ્લાન્ટ્સ (ખારા પાણીને મીઠું કરવાના પ્લાન્ટ)ને પણ ટાર્ગેટ કરવાની ધમકી ટ્રમ્પે આપી હતી. દરમ્યાન ઈરાને કુવૈતમાં એક મુખ્ય પાણી અને વીજળી પ્લાન્ટ પર હુમલો કર્યો અને ઈઝરાયલમાં એક ઓઈલ રિફાઈનરી પર હુમલો થયો. ઈઝરાયલ અને અમેરિકાએ ઇરાન પર હુમલાની નવી લહેર શરૂ કરી છે, કારણ કે યુદ્ધનો કોઈ અંત દેખાઈ રહ્યો નથી.

ટ્રમ્પની સોશ્યલ મીડિયા પોસ્ટમાં નવી ધમકી અને અગાઉ ફાઇનાન્શિયલ ટાઇમ્સ સાથેની મુલાકાતમાં તેમની ટિપ્પણીઓ, જેમાં સૂચવવામાં આવ્યું હતું કે અમેરિકન સૈનિકો ઇરાનના ખાર્ગ આઇલેન્ડ ઓઇલ એક્સપોર્ટ હબ પર કબજો કરી શકે છે. તેમણે મંત્રણામાં વારંવાર રાજદ્વારી પ્રગતિ કરવાનો દાવો કર્યો છે. જોકે તહેરાન પાકિસ્તાનની દરમ્યાનગીરીવાળી સીધી કે આડકતરી મંત્રણામાં ભાગ લીધો હોવાનો સાફ ઇનકાર કર્યો છે. આ બાજુ અમેરિકા મધ્ય-પૂર્વમાં હજારો વધુ અમેરિકી સૈનિકો મોકલ્યા છે.

પાકિસ્તાન દ્વારા કરવામાં આવતા રાજદ્વારી પ્રયાસો કયા તબક્કે છે તે અસ્પષ્ટ છે. ઈરાન દ્વારા તેના અખાતી પડોશી દેશો પર સતત થતા હુમલા કોઈપણ વાતચીતને વધુ જટિલ બનાવી શકે છે. સંયુક્ત આરબ અમીરાત સંકેત આપી રહ્યું છે કે તે કોઈપણ યુદ્ધવિરામમાં ઇરાન નિઃશસ્ત્ર થાય તેમ ઈચ્છે છે. ઇરાનનું શાસન કદાચ આ સ્વીકારશે નહીં.

સોશ્યલ મીડિયા પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું કે લશ્કરી કાર્યવાહી રોકવા માટે ઈરાન સાથેની વાતચીતમાં મોટી

(જુઓ પાનું ૨) ▸▸

## સ્પેને યુદ્ધમાં ભાગ લેતા અમેરિકી વિમાનો માટે એરસ્પેસ બંધ કરી

મેડ્રિડઃ સ્પેનના સંરક્ષણ પ્રધાન માર્ગારિટા રોબલ્સ દ્વારા સોમવારે જણાવવામાં આવ્યું હતું કે, સ્પેને ઇઈરાન યુદ્ધમાં સામેલ અમેરિકી વિમાનો માટે પોતાનું એરસ્પેસ બંધ કરી દીધી છે.

સ્પેને અગાઉથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે મધ્ય-પૂર્વના સંઘર્ષને લગતી કામગીરી માટે અમેરિકા દેશમાં સંયુક્ત રીતે સંચાલિત લશ્કરી થાણાઓનો ઉપયોગ કરી શકશે નહીં.

રોબલ્સે પત્રકારોને જણાવ્યું હતું કે, આ વાત અમેરિકી સૈન્ય અને દળોને શરૂઆતથી જ સંપૂર્ણપણે સ્પષ્ટ કરી દેવામાં આવી હતી. તેથી, ઈરાનમાં યુદ્ધ સંબંધિત કોઈપણ કાર્યવાહી માટે ન તો બેઝ (થાણાઓ) ના ઉપયોગની પરવાનગી છે, અને અલબત્ત, સ્પેનિશ એરસ્પેસના

(જુઓ પાનું ૨) ▸▸







### આરબીઆઈએ એનઓપી મર્યાદા લાદી છતાં...

## રૂપિયામાં જબરો કડાકો, ઇન્ટ્રા-ડેમાં ૯૫ને પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ઈઝરાયલનું ઇરાન સાથેનું યુદ્ધ વધુ ઉગ્ર બને તેવી શક્યતાઓ વચ્ચે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઉછાળા સાથે ફુગાવો વધવાની શક્યતા, ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન આગલા બંધથી ૧૧૩ પૈસાનો સુધારો અને ૩૭ પૈસાનો ઘટાડો જોવા મળતાં કુલ ૧૫૦ પૈસાની વધઘટને અંતે સાધારણ ૧૫ પૈસાના સુધારા સાથે બંધ રહ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે રિઝર્વ બૅન્કે એક સર્ક્યુલર બહાર પાડીને બૅન્કો માટેની નેટ ઓપન પોઝિશનની એક દિવસીય મર્યાદા આગામી ૧૦મી એપ્રિલ સુધી ૧૦ કરોડ ડૉલર રાખવાનો આદેશ આપ્યો હોવાથી આજે

(જુઓ પાનું ૨) ▸▸

## સેન્સેક્સનું ગબડવાનું ચાલુ જ, ઈન્વેસ્ટર્સના ૧૦ લાખ કરોડ સ્વાહા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અખાતના દેશોમાં ચાલી રહેલા યુદ્ધ સાથે શેરબજારમાં પણ કડાકાનો દોર ચાલુ રહ્યો હતો અને સપ્તાહના પહેલા સત્રમાં સેન્સેક્સ ૧૬૩૫.૬૭ પોઇન્ટના કડાકા સાથે ૭૧,૯૪૭.૫૫ની સપાટીએ અને નિફ્ટી ૪૮૮.૨૦ પોઇન્ટ ગબડીને ૨૨,૩૩૧.૪૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

આ રીતે પાછલા બે સત્રમાં સેન્સેક્સમાં લગભગ ૩૪૦૦ પોઇન્ટનું ધોવાણ થયું છે. સોમવારે શેરબજારે નોંધાવેલા ધબડકામાં માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૨૨.૧૫

(જુઓ પાનું ૨) ▸▸

## કુવૈતમાં ભારતીયનું મોત

દુબઈઃ કુવૈતમાં પાવર અને વોટર પ્લાન્ટ પર ઈરાનના હુમલામાં એક ભારતીય નાગરિકનું મોત નીપજ્યું છે. આ સાથે પશ્ચિમ એશિયામાં એક મહિના પહેલા શરૂ થયેલા સંઘર્ષમાં મૃત્યુ પામનાર ભારતીયોની કુલ સંખ્યા આઠ થવા પામી છે.

કુવૈતની સરકારી સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર કુવૈતના વીજળી, પાણી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયે કહ્યું કે રવિવારના હુમલામાં પ્લાન્ટની એક સર્વિસ બિલ્ડિંગને નુકસાન પહોંચ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૮ ફેબ્રુઆરીના રોજ ઈરાન અને અમેરિકા વચ્ચે સંઘર્ષ શરૂ થયા બાદથી જમીન પર ભારતીય નાગરિકના મૃત્યુની આ પાંચમી ઘટના છે.

કુવૈતમાં ભારતીય દૂતાવાસે મૃત્યુની પુષ્ટિ કરતાં ભારતીય નાગરિકના દુઃખદ અવસાન પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. દૂતાવાસે

(જુઓ પાનું ૨) ▸▸

## ૫૦,૦૦૦ રૂપિયાથી વધુના વ્યાજ પર બૅંકો ટીડીએસ કાપશે

નવી દિલ્હીઃ બૅંકિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯ની જોગવાઇઓ હેઠળ આવતી તમામ બૅંકિંગ કંપનીઓ નિર્ધારિત મર્યાદાથી વધુ વ્યાજની આવક પર ટીડીએસ કાપશે, આ જાણકારી આવકવેરા વિભાગે સોમવારે આપી હતી.

આવકવેરા કાયદા મુજબ જો નાણાકીય વર્ષમાં બૅંક અથવા પોસ્ટ ઓફિસ ડિપોઝિટમાંથી વ્યાજની આવક સામાન્ય નાગરિકો માટે ૫૦,૦૦૦ રૂપિયા અને વરિષ્ઠ નાગરિકો માટે એક લાખ રૂપિયાથી વધુ થવા પામે છે તો તેના પર ટીડીએસ કાપવામાં આવશે. આવકવેરા વિભાગે એક્સ પર માહિતી આપી કે નવા આવકવેરા અધિનિયમ, ૨૦૨૫ની કલમ ૪૦૨ હેઠળ બૅંકિંગ કંપનીનો અર્થ એવી કંપનીઓ છે જેના પર બૅંકિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯ લાગુ પડે છે.

આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ હેઠળ બૅંકિંગ કંપનીની

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત નક્સલ-મુક્તઃ અમિત શાહ



નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સોમવારે લોકસભામાં કહ્યું હતું કે નક્સલ હિંસાને રોકવા કૉંગ્રેસે કશું જ નહોતું કર્યું. સાથે જાહેર કર્યું હતું કે ભારત હવે નક્સલ-મુક્ત થયો છે. સમસ્યાની ગંભીરતાની જાણ હોવા છતાં કૉંગ્રેસે પોતાનાં શાસનકાળમાં નક્સલવાદી હિંસા રોકવા કે નક્સલવાદના દૂષણને ડામવા કશું જ ન કર્યું હોવાનો અમિત શાહે આક્ષેપ કર્યો હતો.

છત્તીસગઢના બસ્તરમાંથી માઓવાદીઓને સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કરવામાં આવ્યા હોવાની તેમણે જાહેરાત કરી હતી.

દેશને નક્સલીઓથી મુક્ત કરવાના પ્રયાસને મામલે ચાલી રહેલી ચર્ચા અંગે પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યું હતું કે કાયદાનું શાસન ન હોવાને કારણે દેશના ૧૨ રાજ્ય રેડ કોરિડોરમાં પરિવર્તિત થઈ ગયા હતા. ૧૨ કરોડ લોકો વરસો સુધી ગરીબીમાં રહ્યા હતા અને નક્સલવાદની હિંસામાં ૫,૦૦૦ પોલીસ અધિકારી સહિત ૨૦,૦૦૦ કરતાં પણ વધુ લોકો માર્યા ગયા હતા, એમ તેમણે કહ્યું હતું. અંતે આ માટે જવાબદાર કોણ? એવો પ્રશ્ન હું પૂછવા માગું છું. ૭૫ વર્ષમાંથી ૬૦ વર્ષ કૉંગ્રેસે દેશમાં શાસન કર્યું હતું તો પછી શા માટે પછાત જાતિના લોકો વિકાસથી વંચિત રહી ગયા? વડા પ્રધાન નરેન્દ્ર મોદી હવે આ લોકોના વિકાસનું કામ કરી રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું.

૬૦ વર્ષના શાસનકાળમાં કૉંગ્રેસે પછાત જાતિના લોકોને ઘર, પાણી નહોતું આપ્યું અને સ્કૂલોનું નિર્માણ પણ નહોતું કર્યું કે બૅન્કની સુવિધા પણ નહોતી આપી એવો આક્ષેપ અમિત શાહે કર્યો હતો. ■




## જનગણના માટે લેવાયેલો વ્યક્તિગત ડૅટા ગુપ્ત રખાશે

### આવી સ્પષ્ટતા સાથે સેન્સસ કમિશનરે કહ્યું કે એપ્રિલથી દેશમાં ડિજિટલ વસ્તીગણતરી

નવી દિલ્હીઃ વ્યક્તિગત ડૅટા ગુપ્ત રાખવામાં આવશે અને પુરાવા તરીકે કે પછી કોઈ પણ સ્કીમ હેઠળ લાભ લેવા માટે તેનો ઉપયોગ કરવામાં નહીં આવે એમ જણાવતાં રજિસ્ટ્રાર જનરલ ઍન્ડ સેન્સસ કમિશનર ઑફ ઈન્ડિયા મૃત્યુંજય કુમાર નારાયણે સોમવારે કહ્યું હતું કે વર્ષ ૨૦૧૦માં તૈયાર કરવામાં આવેલા અને વર્ષ ૨૦૧૫માં અપડેટ કરાયેલા નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર (એનપીઆર)માં ગ્રામીણ, નગર, વૉર્ડ કે પછી સીમાંકન કરાયેલા વિસ્તારમાં રહેતા લોકોની વિગતો છે.

જનગણના માટે આવનારાઓને ભૂલ વિનાની ચોક્કસ વિગતો આપવાની તેમણે લોકોને વિનંતી કરી હતી.

સેન્સસ ઍક્ટની કલમ ૧૫ અંતર્ગત તમામ વ્યક્તિગત ડૅટા ગપ્ત રહેશે, એમ તેમણે કહ્યું હતું. દિલ્હી સહિતના રાજ્યોમાં એપ્રિલથી દેશના ૧૬મા ડિજિટલ સેન્સસનો

(જુઓ પાનું ૨) ▸▸

## ઘૂસણખોરી રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દોઃ મોદી

નવી દિલ્હીઃ ઘૂસણખોરોને જમીન ગેરકાયદે પચાવી પાડવાની પરવાનગી આપવાનો કૉંગ્રેસ પર આક્ષેપ કરતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું કે આસામમાં ઘૂસણખોરી એ માત્ર ચૂંટણીનો જ નહીં, પરંતુ રાષ્ટ્રીય ઓળખ અને સુરક્ષાનો પણ મુદ્દો છે.

આસામમાં નવ એપ્રિલે યોજાનારી વિધાનસભાની ચૂંટણી અગાઉ ભાજપના બૂથ સ્તરના કાર્યકર્તાઓને વર્ચ્યુઅલી સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે રાજ્યએ લાંબાગાળા સુધી અસ્થિરતા જોઈ હતી, પરંતુ છેલ્લા એક દાયકામાં ભાજપની ડબલ એન્જિન સરકારે રાજ્યમાં શાંતિ સ્થપાય તેની ખાતરી કરવા જરૂરી તમામ પગલાં લીધાં છે.

દેશભરમાં ભાજપની ડબલ એન્જિન સરકાર મહિલાઓની પ્રથમ પસંદગી છે, એમ તેમણે કહ્યું હતું.

અગાઉની કૉંગ્રેસ સરકારના કુશાસનની યાદ અપાવવાની અને તમારી નાનકડી ભૂલ પણ રાજ્યને પાછળ ધકેલી દે એવી શક્યતા

(જુઓ પાનું ૨) ▸▸

## કોણ બનશે બિહારનો મુખ્ય પ્રધાન?

### નીતીશકુમારે વિધાન પરિષદના સભ્યપદેથી રાજીનામું આપતા અટકળો જોરમાં

પટણાઃ બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારે રાજ્ય વિધાન પરિષદનું પોતાનું સભ્યપદ છોડી દેતા, હવે બિહારના મુખ્ય પ્રધાન કોણ હશે તે અંગે અટકળો તેજ બની છે.

નીતીશ કુમાર, જેઓ પહેલી માર્ચે ૭૫ વર્ષના થયા હતા, તેમણે એક અઠવાડિયા પછી રાજ્યસભામાં જવાનો નિર્ણય જાહેર કરીને સૌને ચોંકાવી દીધા હતા. આ નિર્ણય એવો સંકેત આપે છે કે તેઓ મુખ્ય પ્રધાન તરીકેની પોતાની ઇનિંગનો અંત લાવવા માંગે છે, જ્યારે વિધાનસભાની ચૂંટણીમાં તેમને નવો જનાદેશ મળ્યાને માંડ ચાર મહિના થયા છે.

નેતાના નજીકના સહયોગીઓ છેલ્લા કેટલાક સમયથી એક બંધારણીય જોગવાઈ વિશે ગૂઢ ટિપ્પણીઓ કરી રહ્યા છે, જે કોઈ વ્યક્તિને રાજ્ય વિધાનસભાના સભ્ય ન હોવા છતાં છ મહિના સુધી મુખ્ય પ્રધાનપદે રહેવાની મંજૂરી આપે છે.

શ્રવણ કુમાર જેવા વરિષ્ઠ મંત્રીઓ દ્વારા કરવામાં આવેલા આવા નિવેદનોએ અટકળોને વેગ આપ્યો છે કે જેડી(યુ), જેની પાસે ભાજપ કરતા માત્ર ચાર ધારાસભ્યો ઓછા છે, તે તેના સાથી પક્ષને ટોચના પદ માટે દાવો કરવા દેતા પહેલા સખત સોદાબાજી કરી શકે છે. ■

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ ખાર્ગ ટાપુ કબજે કેમ કરી લેતા નથી?

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અત્યાર લગી છાસ લેવા જવી ને દોણી સંતાડવી જેવું કરીને ઈરાન પર હુમલાના મુદ્દે જુદાં જુદાં બહાનાં બતાવ્યા કરતા હતા. તેનું મુખ્ય બહાનું એ હતું કે, ઈરાન પરમાણુ શસ્ત્રો બનાવી રહ્યું છે તેના કારણે દુનિયા પર મોટો ખતરો છે. એ સિવાય ઈરાનના કટ્ટરવાદી શાસકો લોકો પર અત્યાચારો કરીને માનવાધિકારોનો ભંગ કરી રહ્યા છે ને ઈરાન આતંકવાદીઓને પોષીને મિડલ ઈસ્ટમાં હિંસા અને અરાજકતા ફેલાવી રહ્યું હોવા સહિતનાં બહાનાં પણ ટ્રમ્પ આપ્યા કરતા હતા. હવે ટ્રમ્પે બધી શરમ છોડી દીધી છે અને હૈયાની વાત હોઠ પર લાવી દીધી છે. ટ્રમ્પે સ્વીકાર્યું છે કે, ઈરાનના ક્રૂડ ઓઈલ પર કબજો કરવા માટે પોતે હુમલો કર્યો છે અને ઈરાન અમેરિકાની વાત નહીં માને તો ઈરાનીઓ પાસે પોતાનો દેશ જ નહીં બચે, મતલબ કે અમેરિકા તેમને નેસ્તનાબૂદ કરી દેશે.

અમેરિકામાં ટ્રમ્પ સામે 'નો કિંગ્સ' ચળવળ હેઠળ ઉગ્ર દેખાવો કરનારાને પણ ટ્રમ્પે આડે હાથ લઈને મૂર્ખ ગણાવ્યા છે. ફાઇનાન્સિયલ ટાઇમ્સને આપેલા ઇન્ટરવ્યૂમાં ટ્રમ્પે કહ્યું કે, અમેરિકામાં કેટલાક લોકો ઈરાન પર હુમલા બદલ મારી સામે સવાલો કરી રહ્યા છે પણ એ બધા મૂર્ખ છે. ટ્રમ્પે એવી ફિશિયારી પણ મારી છે કે, ઈરાનના ક્રૂડના ભંડારો પર કબજો કરવા માટે અમેરિકા પાસે ઘણા વિકલ્પો છે. ટ્રમ્પે ઈરાનને અમેરિકાની દરખાસ્ત સ્વીકારીને સમાધાન કરી લેવાની સલાહ આપીને ધમકી આપી છે કે, અમેરિકા આ વિકલ્પો અજમાવશે તો ઈરાનીઓ દેશ વિનાના થઈ જશે. ટ્રમ્પના કહેવા પ્રમાણે તો ખર્ગ ટાપુ પર કબજો કરવો અમેરિકા માટે ડાબા હાથનો ખેલ છે. કેમ કે આ ટાપુ પર ઈરાની કોઈ કિલ્લેબંધી નથી.

ખર્ગ ટાપુ પર્શિયન ગલ્ફમાં આવેલો છે. બુશેહર પ્રાંતનો ભાગ એવો આ ટાપુ ઈરાનના કિનારે સૌથી વ્યૂહાત્મક સ્થળ મનાય છે. ઈરાનની આર્થિક જીવાદોરી જેવા ખર્ગ ટાપુ પરથી ઈરાન પોતાનું મોટા ભાગનું ક્રુડ ઓઈલ બીજા દેશોમાં મોકલે છે. ઈરાનની ક્રૂડની નિકાસમાંથી લગભગ ૯૦ ટકા ક્રૂડ ઓઈલની નિકાસ ખાર્ગ ટાપુ પરથી થાય છે. ઈરાને ખર્ગ ટાપુ પર તોતિંગ ક્રૂડ ઓઈલ સ્ટોરેજ અને ટર્મિનલ સુવિધાઓ છે. આ ટાપુ પર ૩ કરોડ બેરલ ક્રૂડ ઓઈલ સંગ્રહવાની ક્ષમતા ઉભી કરાઈ છે. એક બેરલમાં ૧૬૦ લિટર ક્રૂડ હોય એ જોતાં એકલા ખર્ગ ટાપુ પર જ ઈરાન લગભગ ૫૦૦ કરોડ લિટર ક્રૂડ રાખી શકે છે. તેના પરથી જ આ ટાપુ ઈરાન માટે કેટલો મહત્ત્વનો છે એ સ્પષ્ટ થઈ જાય.

ટ્રમ્પ દાવો કરે છે કે, આ ટાપુ માટેની સુરક્ષા એટલી મજબૂત નથી એ જોતાં અમેરિકા માટે તેના પર કબજો કરવો ડાબા હાથનો ખેલ છે. આ વાત સાચી હોય તો અત્યાર લગી ટ્રમ્પે ખર્ગ ટાપુ પર કબજો કેમ ના કર્યો ? ઈરાનને એક જ ફટકો મારીને ઘૂંટણિયે પાડી શકાય તેમ હોય તો ટ્રમ્પ ક્યા મૂરતની રાહ જુએ છે ? ટ્રમ્પે બધી શરમ છોડીને હવે તો કબૂલી જ લીધું છે કે, પોતાનો ડોળો ઈરાનના ક્રૂડ ઓઈલ પર છે તો પછી ટ્રમ્પ ખર્ગ ટાપુને જીતીને યુદ્ધનો અંત કેમ લાવી દેતા નથી ? આ સવાલોનો જવાબ એક જ છે કે, ટ્રમ્પ કોઈ મૂરતની રાહ નથી જોઈ રહ્યા પણ ટાઢા પહોરની હાંકી રહ્યા છે.

ઈરાનને બિવડાવવા માટે અને અમેરિકામાં પોતાનો વટ વધારવા માટે ટ્રમ્પ આ ફેંકાફેંકી કરી રહ્યા છે. બાકી ૧૯૮૦ના દાયકામાં થયેલા યુદ્ધમાં પણ ઈરાન પાસેથી ખાર્ગ ટાપુ આંચકી લેવામાં અમેરિકા સફળ નહોતું થયું. એ વખતે અમેરિકાના પીઠ્ઠુ સદ્દામ હુસૈનના ઈરાકી લશ્કરે ખાર્ગ ટાપુ પર બહુ હુમલા કરેલા. તેમાં ટાપુને ભારે નુકસાન થયેલું પણ સદ્દામ ખર્ગ ટાપુ જીતવામાં સફળ નહોતો થયો. ૧૯૮૦-૮૮થી ૧૯૮૮ સુધી ચાલેલા ઈરાક સામેના યુદ્ધમાં થયેલા નુકસાનને પચાવીને ઈરાને આ ટાપુને અભેદ્ય બનાવી દીધો છે. બાકી અત્યાર લગી અમેરિકાએ આ ટાપુ પર કબજો કરી લીધો હોત.

ખેર, મૂળ વાત ટ્રમ્પની દાનતની છે તેથી તેના પર પાછા ફરીએ. ટ્રમ્પે ઈરાનના ક્રૂડના ભંડારો પર પોતાનો ડોળો હોવાનું છતું કરીને સ્પષ્ટ કરી દીધું છે કે, અમેરિકા ભલે ગમે તેટલી ડાહી ડાહી વાતો કરે અને દુનિયાની ભલાઈનો ડોળ કરે પણ તેને પોતાના સિવાય કોઈની ભલાઈમાં રસ નથી, પોતાનો સ્વાર્થ સાધવા માટે એ ગમે તે હદે જઈ શકે છે. પોતાનો સ્વાર્થ સાધવા માટે ટ્રમ્પ અને તેમની ટોળીએ ઈરાનનાં પરમાણુ શસ્ત્રોનો હાઉ ઉભો કરી દીધો ને તેના કારણે દુનિયાને ડરાવી રહ્યું છે પણ અમેરિકાને ઈરાન પરમાણુ શસ્ત્રો રાખે કે ના રાખે તેનાથી કોઈ જ ફરક પડતો નથી.

અમેરિકાને એવો ફરક પડતો હોય તો પાકિસ્તાનને શું કરવા આળપંપાળ કરે ? ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો છે કે નહીં એ સ્પષ્ટ નથી ને કોઈ તબક્કે આ વાત સાબિત પણ થયેલી નથી જ્યારે પાકિસ્તાન તો સત્તાવાર રીતે પરમાણુ શસ્ત્રો ધરાવે છે. ટ્રમ્પ ઈરાનમાં કટ્ટરવાદીઓ હાવી થઈ રહ્યા હોવાની વાતો કરે છે પણ પાકિસ્તાનની વાત નથી કરતા કે જ્યાં આર્મી પોતે જ આતંકવાદીઓ સાથેની સાંઠગાંઠમાં કામ કરે છે. હવે આતંકવાદીઓ પાસે પરમાણુ શસ્ત્રો જવાનો ખતરો હોય એ મોટો ખતરો કહેવાય કે એક દેશ પરમાણુ શસ્ત્રો વિકસાવવા મથે એ ખતરો કહેવાય ? ઈરાનને પરમાણુ શસ્ત્રો વિકસાવવામાં મદદ પણ પાકિસ્તાને જ કરી છે છતાં અમેરિકા પાકિસ્તાનને કંઈ કહેતું નથી ને ઈરાન પર હુમલો કરી દીધો છે.

ઈરાને પરમાણુ શસ્ત્રો વિકસાવ્યાં એ સાબિત નથી થયું પણ વિકસાવ્યાં હોય તો તેમાં કશું ખોટું નથી. જે રીતે ભારતે પોતાની સુરક્ષા માટે પરમાણુ શસ્ત્રો વિકસાવ્યાં એ રીતે ઈરાન પણ વિકસાવી જ શકે કેમ કે ભારત અને ઈરાનની પરિસ્થિતિમાં બહુ ફરક નથી. ભારત હિંદુઓનો એક માત્ર દેશ છે અને ચારે બાજુ ડાઘિયા કૂતરા જેવા પાડોશીઓથી ઘેરાયેલો છે એ રીતે ઈરાન પણ દુનિયામાં શિયા મુસ્લિમોનો એક માત્ર દેશ છે ને તેની ચોતરફ દુશ્મનો જ દુશ્મનો છે. આપણે ત્યાં બધા મુસ્લિમો સરખા ગણાય છે તેથી ઈરાનને સૌ બીજા મુસ્લિમ દેશો જેવો જ માને છે પણ આ માન્યતા બદલવા જેવી છે. કટ્ટરવાદી સુન્ની મુસ્લિમો હિંદુઓને પોતાના દુશ્મન ગણે છે એ રીતે શિયાઓને પણ દુશ્મન માને છે ને તેમનો સફાયો કરી નાખવા ઊંચાનીચા થાય છે તેથી ઈરાને પોતાની સુરક્ષા માટે પણ પરમાણુ શસ્ત્રો વિકસાવવાં જ પડે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, મંગળવાર, તા. ૩૧-૩-૨૦૨૬, શ્રી મહાવીર જયંતી.

- ભારતીય દિનાંક ૧૦, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર સુદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૩મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની બપોરે ક. ૧૫-૨૦ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૨૧-૩૨ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૩, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૧-૧૫, રાત્રે ક. ૨૩-૨૫
- ઓટઃ સાંજે ક. ૧૭-૧૯, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૩ (તા. ૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – ત્રયોદશી. શિવદમનક ચતુર્દશી, શ્રી મહાવીર જયંતી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સવારે ક. ૧૧-૧૭ સુધી શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, ભગદેવતાનું પૂજન, નૃસિંહ દેવતાનું પૂજન, ધાન્ય ઘરે લાવવું, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-બુધ પ્રતિયુતિ સ્વતંત્ર મગજના, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ કજિયાખોર, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ પ્રતિયુતિ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ (તા.૧).
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## ભારત માનવતાવાદી સહાય લેવા આવી રહેલા ઈરાનના વિમાનને અમેરિકાએ ટાર્ગેટ કર્યું

તહેરાનઃ તાજેતરમાં અમેરિકન હવાઈ હુમલામાં ઈરાની વિમાનને નુકસાન થયું છે. અમેરિકાના આ હવાઈ હુમલામાં ઈરાનના મહાન એરલાઇન્સનું એક વિમાન શિકાર બન્યું છે.

મહત્ત્વની વાત એ છે કે, મહાન એરલાઇન્સનું આ વિમાન રાહત સામગ્રી લેવા માટે ભારત આવી રહ્યું હતું. એક એપ્રિલે ઇરાનને ભારત તરફથી માનવતાવાદી સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી. તે માનવતાવાદી સહાય લેવા માટે આ વિમાન આવી રહ્યું હતું. પ્રશ્ન એ છે કે, ઇરાન- અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં સૈન્ય સ્થાનો પર હુમલો કરવામાં આવી રહ્યો હતો, પરંત હવે અમેરિકા નાગરિક સુવિધાઓને પણ નિશાન બનાવી રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે જ્યારે હુમલો થયો ત્યારે એરપોર્ટ પર એક વિમાન દિલ્હી જવા માટે તૈયારી કરી રહ્યું હતું. ઇરાની સરકારી સૂત્રોના જણાવ્યાં પ્રમાણે મહાન એરલાઈન્સનું એક નાગરિક વિમાન હુમલામાં નાશ પામ્યું છે. આ વિમાન દિલ્હી જઈ રહ્યું હતું અને યુદ્ધ પીડિતો માટે ૧૧ ટનથી વધુ માનવતાવાદી દવાઓ લઈને ઈરાન પરત ફરવાનું હતું. જોકે, મશહદ એરપોર્ટ પરના હુમલામાં વિમાન ઉડાન ભરે તે પહેલાં જ નાશ પામ્યું હતું. જેથી અમેરિકાનો શાંતિ પ્રસ્તાવ હવે શંકાના દાયરામાં આવ્યો છે. ■

## ડેટિંગ ઍપ પર મળેલી ગર્લફ્રેન્ડની નૅવીના જવાને હત્યા કરી ને શરીરનાં અવયવ ફ્રીઝમાં રાખ્યાં

વિશાખાપટ્ટનમઃ પોલીસે સોમવારે જણાવ્યું હતું કે, વિશાખાપટ્ટનમમાં એક નૌકાદળના કર્મચારીની ૨૮ વર્ષીય મહિલાની હત્યા અને તેના શરીરના ટુકડા કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી.

આઈએનએસ દેગામાં તહેનાત ચિંતાદા રવિન્દ્ર તરીકે ઓળખાતા આરોપીએ ગજુવાકા વિસ્તારમાં તેના નિવાસસ્થાને મહિલા પોલીપલ્લી મૌનિકાની કથિત રીતે ઉગ્ર બોલાચાલી બાદ હત્યા કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, રવિન્દ્રએ હત્યા કર્યા પછી શરીરના ટુકડા કરી દીધા હતા, કેટલાક ભાગો રેફ્રિજરેટરમાં સંગ્રહિત કર્યા હતા અને બાકીના ભાગોને અલગ અલગ સ્થળોએ ફેંકી દીધા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પુરાવાનો નાશ કરવાના પ્રયાસમાં તેણે કથિત રીતે અદાવિવરમ નજીક એક ખાલી જગ્યાએ માથું અને હાથ બાળી નાખ્યા હતા.

પોલીસે વધુમાં જણાવ્યું હતું કે આરોપી અને પીડિતા ડેટિંગ એપ્લિકેશન દ્વારા મળ્યા બાદ ૨૦૨૧થી સંપર્કમાં હતા અને સંબંધમાં હતા, વારંવાર શહેરભરમાં મળતા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપીએ દાવો કર્યો હતો કે મહિલાએ તેની પાસેથી રૂ.૩.૫ લાખ રૂપિયા લીધા હતા અને તેની પત્નીને આ સંબંધ જાહેર કરવાની ધમકી આપી હતી, જેના કારણે તેમની વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા.

ઘટનાના દિવસે, રવિન્દ્રએ મૌનિકાને તેના ફ્લેટમાં બોલાવી હતી, જ્યાં ઉગ્ર દલીલ થઈ હતી અને પછી તેણે તેનું ગળું દબાવીને હત્યા કરી દીધી હતી. ■

## મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રની કમાલને પગલે ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિદર ૫.૨ ટકા

નવી દિલ્હીઃ ઉત્પાદન ક્ષેત્રમાં થયેલા સુધારાને પગલે ફેબ્રુઆરીમાં દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૫.૨ ટકાનો વધારો નોંધાયો હોવાનું સોમવારે જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું. ઈન્ડેક્સ ઑફ ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્શન (આઈઆઈપી)માં માપવામાં આવતા ઔદ્યોગિક ઉત્પાદનના આંકમાં ફેબ્રુઆરી ૨૦૨૬માં ૨.૭ ટકાનો વધારો જોવા મળ્યો હોવાનું સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. ધ નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑફિસ (એનએસઓ)એ જાન્યુઆરી ૨૦૨૬ માટે ઔદ્યોગિક ઉત્પાદનનો આંક અંદાજિત ૪.૮ ટકાથી સુધારીને ૫.૧ ટકા કર્યો હતો.

એનએસઓના આંકડાઓમાં દર્શાવ્યા અનુસાર જાન્યુઆરી ૨૦૨૬ના ૨.૮ ટકાની સરખામણીએ ફેબ્રુઆરી ૨૦૨૬માં ઔદ્યોગિક ઉત્પાદનમાં છ ટકાનો વધારો જોવા મળ્યો હતો. (એજન્સી) ■

## એલઈટીના હેન્ડલર શાબિર અહમદ લોનેની દિલ્હીના ગાઝીપુરમાંથી ધરપકડ

નવી દિલ્હીઃ દિલ્હી પોલીસના વિશેષ એકમે લશ્કરે તોઈબા (એલઈટી)ના શંકાસ્પદ હેન્ડલર શાબિર અહમદ લોનેની દિલ્હીના ગાઝીપુરમાંથી ધરપકડ કરી હોવાનું અધિકારીઓએ સોમવારે કહ્યું હતું. પોલીસે શાબિર પાસેથી અનેક દેશની કરન્સી અને અન્ય વાંધાજનક સામગ્રી કબજે કરી હતી.

શાબિરને કટ્ટર અને ઉચ્ચ તાલીમ પામેલો આતંકવાદી લેખાવતા અધિકારીઓએ કહ્યું હતું કે તેણે પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈ વતી ઑપરેટ કરતા હેન્ડલરો સાથે જોડાણ કર્યું હોવાનું માનવામાં આવે છે.

રાજા અને કાશ્મીરી તરીકે પણ જાણીતો શાબિર અહમદ જમ્મુ-કાશ્મીરના શ્રીનગરનો રહેવાસી છે અને દિલ્હી તેમ જ કોલકાતાના વિવિધ સ્થળે દેશવિરોધી પૉસ્ટરો લગાડવા બદલ તાજેતરમાં પર્દાફાશ કરવામાં આવેલા મોડ્યુલના સંચાલનમાં તે સંડોવાયેલો હોવાનું માનવામાં આવે છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર ૨૯ માર્ચની રાત્રે શાબિર અહમદની દિલ્હીના ગાઝીપુરમાંથી ધરપકડ કરવામાં આવી હતી. એલઈટી સાથે સંકળાયેલો હોવાને કારણે શાબિર અહમદ વૉન્ટેડ હતો. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ખાર્ગને

પ્રગતિ થઈ રહી છે. પરંતુ તેમણે ગુસ્સામાં ચેતવણી આપી હતી કે જો ટૂંક સમયમાં કોઈ સોદો નહીં થાય અને જો હોર્મુઝની સામુદ્રધુની તરત જ ફરીથી ખોલવામાં નહીં આવે, તો યુએસ પાવર પ્લાન્ટ્સ, તેલના કૂવાઓ, ખાર્ગ આઇલેન્ડ અને કદાચ પીવાનું પાણી પૂરું પાડતા ડિસેલિનેશન પ્લાન્ટ્સને સંપૂર્ણપણે નષ્ટ કરીને તેના આક્રમણને વ્યાપક બનાવશે.

શાંતિના સમયમાં હોર્મુઝની સામુદ્રધુની એ એક મહત્વપૂર્ણ જળમાર્ગ છે જેમાંથી વિશ્વના તેલનો પાંચમો ભાગ પસાર થાય છે. કાનૂની વિદ્વાનો કહે છે કે સશસ્ત્ર સંઘર્ષના કાયદા ઉર્જા પ્લાન્ટ્સ જેવી નાગરિક માળખાગત સુવિધાઓ પર હુમલાની મંજૂરી ત્યારે જ આપે છે જ્યારે લશ્કરી ફાયદો નાગરિક નુકસાન કરતા વધારે હોય. આ માપદંડ પૂરો કરવો ઘણો કઠિણ માનવામાં આવે છે.

ટ્રમ્પે એક મુલાકાતમાં કહ્યું હતું કે, પોતાનો યુદ્ધ માટેના ઇરાદામાંનો એક ઇરાનની પેટ્રો સંપત્તિઓ કબજે કરવાનો છે અને તેના માટે ખાર્ગ ટાપુ પર કબજો જમાવવાની જરૂર છે.

અમેરિકા, ઇઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ સતત ચાલી રહ્યું છે. જેમાં અમેરિકાના હુમલા બાદ ઈરાને પણ ઈઝરાયલ અને ખાડી દેશો પર અનેક હુમલાઓ કર્યા છે. તેમજ ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ પર કબજો કરીને વિશ્વના અનેક દેશોને મુશ્કેલીમાં મૂકી દીધા છે. તેવા સમયે ટ્રમ્પ દ્વારા એક ખતરનાક મિશનને અંજામ આપવાની રણનીતિ ઘડવામાં આવી રહી છે. જેમાં અમેરિકા કોઈપણ રીતે ઇરાન પાસે રહેલો ૪૫૦ કિલો યુરેનિયમનો જથ્થો કબજે કરવા માગે છે. જેની માટે લશ્કરી કાર્યવાહી પણ કરવામાં આવી શકે છે.

દરમ્યાન ઇઝરાયેલના મુખ્ય પરમાણુ સંશોધન કેન્દ્ર પાસે પરોઢિયે સાયરન વાગ્યા હતા, જે દેશનો એવો ભાગ છે કે જેને તાજેતરના દિવસોમાં વારંવાર નિશાન બનાવવામાં આવ્યો છે.

ઇરાને તેના અખાતી આરબ પડોશીઓ પર દબાણ ચાલુ રાખ્યું હતું. સઉદી અરેબિયાએ તેના તેલથી સમૃદ્ધ પૂર્વીય પ્રાંતને નિશાન બનાવતી પાંચ મિસાઇલોને આંતરી હતી; દુબઈ પર જ્યારે મિસાઈલને આંતરવામાં આવી ત્યારે આકાશમાં આગનો ગોળો ફાટી નીકળ્યો હતો; અને કુવૈતમાં ઈરાની હુમલાએ પાવર અને ડિસેલિનેશન પ્લાન્ટને નિશાન બનાવ્યો હતો, જેમાં એક કામદારનું મોત થયું હતું અને ૧૦ સૈનિકો ઘાયલ થયા હતા, તેમ રાજ્ય સંચાલિત કુના સમાચાર સંસ્થાએ અહેવાલ આપ્યો હતો.

ઈરાને પાકિસ્તાન દ્વારા આયોજિત મધ્યસ્થતાના પ્રયાસોમાં સામેલ હોવાના કોઈપણ સૂચનને નકારી કાઢ્યું છે, અને ભારપૂર્વક જણાવ્યું છે કે આ ક્ષેત્રમાં વધી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવા માટે દબાણ વધી રહ્યું હોવા છતાં તેણે આવી કોઈ રાજદ્વારી પહેલમાં ભાગ લીધો નથી.

મુંબઈમાં ઈરાનના કોન્સ્યુલેટ જનરલ દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં, તહેરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે અમેરિકા સાથે કોઈ સીધી વાતચીત થઈ નથી, અને વોશિંગ્ટન પર મધ્યસ્થીઓ દ્વારા અત્યંત, ગેરવાજબી માગણીઓ કરવાનો આરોપ મૂક્યો હતો. પ્રવક્તાએ વધુમાં ઉમેર્યું હતું કે પાકિસ્તાનના રાજદ્વારી મંચો તેમના પોતાના હતા અને સ્પષ્ટ કર્યું હતું કે, અમે (તેમાં) ભાગ લીધો નથી.

આ દરમ્યાન ઈઝરાયેલની જંતુનાશક દવાઓ બનાવતી કંપની ઍડેમા એ જણાવ્યું હતું કે દક્ષિણ ઈઝરાયેલમાં આવેલા તેના મખ્તેશિમ પ્લાન્ટ પર રવિવારે કાં તો ઈરાની મિસાઈલ અથવા તો તોડી પાડવામાં આવેલી મિસાઈલનો કાટમાળ પડ્યો હતો, જોકે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

ચીની માલિકીના સિન્જેન્ટા ગ્રુપનો હિસ્સો એવી ઍડેમા કંપનીએ જણાવ્યું હતું કે, પ્લાન્ટને થયેલા નુકસાનની ચોક્કસ માત્રા હાલમાં જાણી શકાઈ નથી.

કંપનીએ જનતાને નેઓટ હોવાવ ઔદ્યોગિક વિસ્તારથી દૂર રહેવા વિનંતી કરી છે, કારણ કે ત્યાં જોખમી પદાર્થોની હાજરી છે અને અગ્નિશમન દળની ૩૪ ટુકડીઓ આગ પર કાબૂ મેળવવા માટે કામ કરી રહી છે. કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે ઔદ્યોગિક વિસ્તારથી ૮૦૦ મીટરના અંતરની બહાર જનતા માટે કોઈ જોખમ નથી.(એજન્સી)

### સ્પેને યુદ્ધમાં

ઉપયોગની પણ મંજૂરી નથી. વડાપ્રધાન પેડ્રો સાંચેઝના નેતૃત્વ હેઠળની સ્પેનની સરકાર મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈઝરાયલની સૈન્ય કાર્યવાહીની યુરોપમાં સૌથી વધુ ટીકા કરનાર અવાજ રહી છે.

ઇરાનમાં ચાલી રહેલા યુદ્ધને ગેરકાયદે અને અત્યંત અન્યાયી ગણાવતા રોબલ્સે કહ્યું હતું કે, મને લાગે છે કે સ્પેનનું વલણ દરેક જાણે છે; તે ખૂબ જ સ્પષ્ટ છે. (એજન્સી)

### કુવૈતમાં

સોશિયલ મીડિયા પર જણાવ્યું કે રાજદૂત પરમિતા ત્રિપાઠીએ સોમવારે કુવૈતના સેન્ટ્રલ મોર્ગની મુલાકાત લીધી હતી. જ્યાં પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ પર થયેલા હુમલામાં મૃત્યુ પામેલા ભારતીય નાગરિકના મૃતદેહને લાવવામાં આવ્યો હતો. દૂતાવાસે મૃતક ભારતીય વિશે વધુ વિગતો આપ્યા વિના કહ્યું કે દૂતાવાસ મૃતક ભારતીય નાગરિકના પરિવાર સાથે સંપર્કમાં છે. તેમજ મૃતદેહને વહેલી તકે ભારત પરત મોકલવા માટે કુવૈતના અધિકારીઓ સાથે સંકલન સાધી રહ્યું છે. કુવૈતના અધિકારીઓએ પાવર અને વોટર પ્લાન્ટ પરના આ હુમલાઓને બર્બર ગણાવ્યા હતા. જો કે તેમણે ક્યા પ્લાન્ટ પર હુમલો થયો હતો એ સ્પષ્ટ કર્યું ન હતું.

### રૂપિયામાં જબરો

સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૪.૮૫ના બંધ સામે મજબૂત અન્ડરટોને ૯૩.૬૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૯૩.૫૭ અને નીચામાં ૯૫ની સપાટી પાર કરીને ૯૫.૨૨ સુધી ગબડીને અંતે આગલા બંધ સામે ૧૫ પૈસાના સુધારા સાથે ૯૪.૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે આજે રિઝર્વ બૅન્કના બૅન્કો માટે નેટ ઓપન પોઝિશન મર્યાદાને પગલે રૂપિયામાં એક તબક્કે નોંધપાત્ર સુધારો જોવા મળ્યો હતો, પરંતુ અમેરિકા-ઈરાન વચ્ચેનું યુદ્ધ વધુ ઉગ્ર થાય તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં ક્રૂડતેલના વાયદામાં ઉછાળો, બજારોમાં અનિશ્ચિતતાના વલણનાં જોખમો, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં ભારત સહિતની ઊભરતી બજારોના ચલણો નબળા પડ્યાં હોવાનું સીઆર ફોરેક્સ એડવાઈઝર્સના મેનેજિંગ ડિરેક્ટર અમિત પાબારીએ જણાવ્યું હતું.

વધુમાં ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું કે ક્રૂડતેલમાં તેજીને કારણે ડૉલરમાં સલામતી માટેની માગને ટેકે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવા છતાં આરબીઆઈએ ૧૦ અબજ ડૉલરની મર્યાદા મૂકી હોવાથી રૂપિયામાં સુધારો જોવા મળ્યો હતો. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ વધ્યા મથાળેથી સાધારણ ઘટાડા સાથે ૧૦૦.૩૦ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૨.૬૦ ટકા વધીને બેરલદીઠ ૧૧૪.૯૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આ સિવાય આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૬૩૫.૬૭ પૉઈન્ટનો અને ૪૮૮.૨૦ પૉઈન્ટનો કડાકો બોલાવાની સાથે ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૩૬૭.૩૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો.

### ૫૦,૦૦૦ રૂપિયાથી

વ્યાખ્યામાં માત્ર એવી બૅંકિંગ કંપનીઓનો સમાવેશ થતો નથી કે જેને બૅંકિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯ લાગુ પડે છે, પરંતુ તે કાયદાની કલમ ૫૧માં ઉલ્લેખિત કોઇ પણ બેંક અથવા બૅંકિંગ સંસ્થાનો પણ સમાવેશ થાય છે.

આવકવેરા વિભાગે કહ્યું કે બૅંકિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯ની વર્તમાન કલમ ૫૧ હેઠળ આવતી એવી બેંક અને બૅંકિંગ સંસ્થાઓ આવકવેરા એક્ટ, ૨૦૨૫ની કલમ ૪૦૨ હેઠળ બૅંકિંગ કંપનીની વ્યાખ્યામાં સમાવિષ્ટ માનવામાં આવશે, ભલે તેનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો ન હોય. આ રીતે આવી બૅંકો અથવા બૅંકિંગ સંસ્થાઓ કલમ ૩૯૩(૧)માં નિર્ધારિત મર્યાદા કરતાં ઓછી રકમ પર આવકવેરો કાપવા માટે બંધાયેલ રહેશે નહીં, એમ આવકવેરા વિભાગે જણાવ્યું હતું.

### જનગણના માટે

પ્રથમ તબક્કો શરૂ થશે.

એનપીઆર અંગે પૂછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે એનપીઆર અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં નથી આવ્યો અને એ અંગે અમે કોઈ આદેશ બહાર નથી પાડ્યો.

સેન્સસ વૅબસાઈટ મુજબ આગામી વસતી ગણતરીમાં હાઉસિંગ લિસ્ટિંગ ઍન્ડ હાઉસિંગ ઑપરેશન્સ સાથે એનપીઆર પણ અપડૅટ કરવાનું હતું. સેન્સસ ૨૦૨૭ના પ્રથમ તબક્કામાં હાઉસિંગ લિસ્ટિંગ ઍન્ડ હાઉસિંગ ઑપરેશન્સ પહેલી એપ્રિલથી શરૂ થશે એ ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે.

છેલ્લે ૧૯૯૧થી ૧૯૩૧ દરમિયાન જાતિ આધારિત જનગણના કરવામાં આવી હતી.

ડિજિટલ સિક્યોરિટી કડક પગલાં લેવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

જનગણના દરમિયાન કોઈ દસ્તાવેજ માગવામાં નહીં આવે, એમ તેમણે કહ્યું હતું. જનગણનાની પ્રક્રિયામાં પ્રથમ વાર સેલ્ફ ઈનમરેશન દાખલ કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

દેશના ૧૦ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશે એપ્રિલ મહિનાથી જનગણનાનો પ્રથમ તબક્કો શરૂ કરવા નોટિફિકેશન બહાર પાડ્યું છે તો ૧૫ રાજ્ય મે મહિનાથી અને ૧૦ રાજ્ય જૂન મહિનાથી જનગણનાનો પ્રથમ તબક્કો શરૂ કરશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### સેન્સેક્સનું

લાખ કરોડ સામે રૂ. ૯.૭૪ લાખ કરોડના ઘટાડા સાથે ૪૧૨.૪૧ લાખ કરોડની સપાટીએ પહોંચ્યું હતું.

ઈરાન અને યુએસ-ઇઝરાયલ વચ્ચે વધતા યુદ્ધને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં ફરી તીવ્ર ઉછાળા જોવા મળ્યા હતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓઇલ બેરલદીઠ ૧૨૦ ડૉલર વટાવી ગયું હોવાના અહેવાલોએ સેન્ટિમેન્ટને તોડી નાખ્યું હતું. આ ઉપરાંત બજારનું માનસ ડહોળવામાં એફઆઇઆઇની એકધારી વેચવાલી સહિતના અન્ય કેટલાંક પરિબળોનો પણ સમાવેશ થાય છે.

નોંધવું રહ્યું કે આ મહિનામાં એફઆઇઆઇએ અંદાજે ૧૨ અબજ ડૉલરના શેરની વેચવાલી કરી છે. ઇરાન અને ઇઝરાયલ, અમેરિકા વચ્ચે ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ ફાટી નીકળ્યા બાદ એફઆઈઆઈએ ભારતીય ઈક્વિટીમાં રૂ. ૧.૧૪ લાખ કરોડ (૧૨.૩૦ અબજ ડૉલર)ની વેચવાલી કરી છે જે કોઈ એક મહિનાની વિક્રમી વેચવાલી હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું. માર્ચમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો દ્વારા ઈક્વિટી કેશમાં રૂ. ૧,૨૮,૦૬૫.૬૫ કરોડની નેટ લેવાલી રહી છે, જ્યારે વિદેશી રોકાણકારોની ઈક્વિટી કેશમાં રૂપિયાની દ્રષ્ટિએ ૧,૧૩,૩૭૭.૩૫ કરોડની નેટ વેચવાલી રહી છે.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં ટેક મહિન્દ્ર ૧.૬૫ ટકા અને પાવર ગ્રીડ ૦.૨૭ ટકા વધ્યા હતા જ્યારે બજાજ ફાઈનાન્સ ૫.૦૯ ટકા, સ્ટેટ બેંક ૩.૯૫ ટકા, ઈન્ડિગો ૩.૮૦ ટકા, બજાજ ફિનસર્વ ૩.૭૧ ટકા, એક્સિસ બેન્ક ૩.૫૯ ટકા, કોટક મહિન્દ્ર ૩.૪૮ ટકા, એચડીએફસી બેંક ૩.૨૩ ટકા, ટ્રેન્ટ ૩.૧૦ ટકા, ભારતી એરટેલ ૨.૯૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૭૯ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૭૮ ટકા, આઈટીસી ૨.૩૯ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૨.૩૫ ટકા, સન ફાર્મા ૨.૧૩ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૯૪ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૮૧ ટકા, ઈટર્નલ ૧.૭૪ ટકા, લાર્સન ૧.૭૩ ટકા, એચસીએલ ટેક ૧.૬૫ ટકા, ઈન્ફોસીસ ૧.૪૮ ટકા, એનટીપીસી ૧.૩૨ ટકા, ટીસીએસ ૧.૨૯ ટકા, ભારત ઈલેક્ટ્રોનિક્સ ૧.૦૩ ટકા અને મારુતિ ૧.૦૩ ટકા ઘટ્યા હતા.

### ઘૂસણખોરી

હોવાની પ્રથમ વખત જ મતદાન કરી રહેલા મતદાતાઓને યાદ અપાવવાની જરૂર છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે રાજ્યમાં વિજયની હૅટ ટ્રીકની ખાતરી કરવા ભાજપના કાર્યકર્તાઓ સખત પરિશ્રમ કરી રહ્યા છે. 'મેરા બૂથ, સબસે મજબૂત સંવાદ' દરમિયાન મોદીએ કહ્યું હતું કે ઘૂસણખોરો જ્યાં પણ સ્થાયી થાય છે ત્યાં તેઓ નાના વેપાર અને સ્થાનિક લોકોના જીવનનિર્વાહ પર કબજો કરી લે છે.

ભાજપના કાર્યકર્તાઓ સ્થાનિક લોકોની આ સમસ્યા અને પીડા સમજે છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આસામના લોકોએ એ જાણી લેવાની જરૂર છે કે કૉંગ્રેસે ઘૂસણખોરો દ્વારા જમીન પર કરવામાં આવતા અતિક્રમણને પરવાનગી આપી હતી, પરંતુ ભાજપ રાજ્યના લોકોના અધિકારોનું રક્ષણ કરી રહ્યો છે.

ઈશાન ભારતમાં શાંતિ સ્થાપવા સરકારે વિવિધ સંગઠનો સાથે ૧૨ શાંતિ કરાર પર સહી કરી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે કૉંગ્રેસના શાસનકાળમાં શાંતિ કરારને બાજુએ મૂકી દેવામાં આવ્યા હતા અને યુવકોને પીડા અને અશાંતિમાં ધકેલી દીધા હતા.

શાંતિ રાજ્યના વિકાસ માટે પ્રાથમિક જરૂરિયાત હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આસામમાં કૉંગ્રેસના શાસનકાળમાં બળવાખોરો અને વિદ્યાર્થી સંગઠનો સાથેના કોઈ કરાર કારગત નહોતા નીવડ્યા. એનડીએ સરકારે લોકો માટે ઘણુ કર્યું છે, પરંતુ લોકો અમારી સરકાર પાસે હજુ વધુ અપેક્ષા રાખી રહ્યા છે. વર્ષ ૨૦૧૬થી આસામમાં ભાજપના વડપણ હેઠળની એનડીએ સરકાર છે. (એજન્સી)

# ૧ એપ્રિલથી બદલાય છે ૭ નિયમો

## કામનાં કલાકો અને પગારને અસર કરશે

મુંબઈઃ નાણાકીય વર્ષ પૂરું થઈ રહ્યું છે અને ૧ એપ્રિલથી નવું નાણાકીય વર્ષ શરૂ થઈ રહ્યું છે. યુદ્ધને કારણે પહેલાથી જ મોંઘવારી વધી ગઈ છે, ત્યારે હવે સામાન્ય લોકોને મોટો ફટકો પડવાનો છે. હાથમાં રહેલા પગારથી લઈને કામના કલાકો સુધી અને આઇટીઆરથી લઈને ઘર ભાડા સુધી, આ નવા નાણાકીય વર્ષમાં ઘણા નિયમો બદલાવાના છે.

નવા નાણાકીય વર્ષની શરૂઆત ઝટકા સાથે થવા જઈ રહી છે. આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ના સ્થાને હવે આવકવેરા અધિનિયમ ૨૦૨૫ લાગુ કરવામાં આવી રહ્યો છે. ટેક્સ ફાઇલિંગ, ક્રેડિટ કાર્ડ બિલ, રેલવે ટિકિટ રદ કરવા વગેરે માટેના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે.

### ૧ આવકવેરાના નિયમોમાં ફેરફાર

હવે ફોર્મ નં. ૧૬ ને બદલે ફોર્મ નં.૧૩૦ ભરવું પડશે. નાણાકીય વર્ષ અને આકારણી વર્ષને ટેક યર દ્વારા બદલવામાં આવશે. તમે જે વર્ષમાં કમાણી કરો છો તે વર્ષ માટે કર ચૂકવવો પડશે. એચઆરએ નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. જો કોઈ વ્યક્તિ ભાડાનું ઘર ધરાવે છે, તો તેની પાસે પાન કાર્ડ અને ભાડાની ચુકવણીની રસીદ હોવી ફરજિયાત રહેશે. એચઆરએમાં ૫૦ ટકા છૂટ મળશે. આ ઉપરાંત પગાર સ્લિપમાં પણ ફેરફાર કરવામાં આવશે. આઈટીઆર ફાઇલ કરવાની તારીખ, જે પહેલા ૩૧ જુલાઈ હતી, તેને લંબાવીને હવે ૩૧ ઓગસ્ટ કરવામાં આવી છે.

### ૨ પાન કાર્ડ સંબંધિત આ નિયમો બદલાશે

હવે ફક્ત આધાર કાર્ડની મદદથી પાન કાર્ડ બનાવવામાં આવશે નહીં. તેના માટે ખાસ ફોર્મ (૯૩-૯૬) ભરવા પડશે. એટલું જ નહીં જો તમારો આધાર અને પાન કાર્ડ પરનું નામ મેળ ખાતું નહીં હોય, ભલે નાની ભૂલ હોય, તો તે તાત્કાલિક બંધ અથવા નિષ્ક્રિય થઈ શકે છે. ૧૦ લાખ રૂપિયાના રોકડ વ્યવહારો, ૫ લાખ રૂપિયાની કાર ખરીદવા અથવા કોઈપણ મિલકતના વ્યવહારો માટે હવે પાન કાર્ડ ફરજિયાત રહેશે.

### ૩ બેંકિંગ સંબંધિત મોટા ફેરફારો

ભલે આપણે પ્રત્યક્ષ બેંકમાં ન જતા હોઈએ, પણ તે આપણા જીવનનો એક અભિન્ન ભાગ છે. જો તમે ૧૦ લાખથી વધુની ચુકવણી કરી રહ્યા છો, તો તમારે આવકવેરા વિભાગને જાણ કરવી જરૂરી છે. ક્રેડિટ કાર્ડ પર હવે બિલ ચુકવણી માટે ૧ ટકા ચાર્જ લાગશે. યુપીઆઇ વ્યવહારો માટે, માસિક મફત મર્યાદા સમાપ્ત થયા પછી તમારી પાસેથી પ્રતિ વ્યવહાર ૨૩ રૂપિયા લેવામાં આવશે.

### ૪ ડિજિટલ ચુકવણી અને સુરક્ષા

ઓનલાઈન છેતરપિંડીને રોકવા માટે, આરબીઆઇએ ‘ટૂ-ફેક્ટર ઓથેન્ટિકેશન’ (૨-એફએ) ફરજિયાત બનાવ્યું છે. હવે ફક્ત ઓટીપી દાખલ કરવાથી કામ નહીં ચાલે. તેની સાથે તમારે બાયોમેટ્રિક્સ (ફિંગરપ્રિન્ટ અથવા ફેસ આઈડી) અથવા ડિવાઇસ બાઈન્ડિંગ જેવા બે સુરક્ષા ધોરણોનો ઉપયોગ કરવો પડશે. આનો હેતુ તમારા બેંક એકાઉન્ટને હેકર્સથી વધુ સુરક્ષિત બનાવવાનો છે.

### ૫ ટ્રેન ટિકિટ રદ કરવી હવે મોંઘી પડશે!

જો તમે છેલ્લી ઘડીએ તમારી ટ્રેન ટિકિટ રદ કરી રહ્યા છો, તો હવે સાવધ રહો. રેલવેએ ટિકિટ રદ કરવાના નિયમો વધુ કડક બનાવ્યા છે. હવે, જો તમે ટ્રેન ઉપડવાના ઓછામાં ઓછા ૮ કલાક પહેલા તમારી ટિકિટ રદ કરશો તો જ તમને રિફંડ મળશે. પહેલા આ સમયમર્યાદા ૪ કલાકની હતી. તેથી તમારે હવે તમારી મુસાફરીનું આયોજન વધુ કાળજીપૂર્વક કરવું પડશે.

### ૬ શૅરબજાર અને સોનામાં રોકાણ મોંઘુ થયું

શેરબજારમાં ‘ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ’ (એફએન્ડઓ) માં ટ્રેડિંગ કરનારાઓ માટે ખરાબ સમાચાર છે. ઓપ્શન્સ પર સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટેક્સ ૦.૧ ટકાથી વધારીને ૦.૧૫ ટકા કરવામાં આવ્યો છે. જો તમે સેકન્ડરી માર્કેટમાંથી ગોલ્ડ બોન્ડ ખરીદ્યા હોય, તો હવે તમારે મેચ્યોરિટી પર કેપિટલ ગેન ટેક્ષ ચૂકવવો પડશે. કર મુક્તિ ફક્ત મૂળ ખરીદદારોને જ મળશે.

### ૭ હાથમાં પગાર ઓછો આવશે

તમારા કુલ પગારના ૫૦ ટકા બેઝિક પે અને મોંઘવારી ભથ્થું હોવું ફરજિયાત છે. આનાથી તમારા પીએફ અને ગ્રેચ્યુઇટીમાં વધારો થશે, જે ભવિષ્ય માટે સારું છે, પરંતુ દર મહિને તમારા હાથમાં આવતો પગાર અમુક હદ સુધી ઘટી શકે છે. ■

# હવે ઘરેથી પાર્કિંગ રિઝર્વ કરાવી શકાશે

મુંબઈઃ મુંબઈમાં વાહન લઈને બહાર નીકળતી વખતે પાર્કિંગની સમસ્યા હંમેશા રહે છે. જોકે, હવે તેનું ટેન્શન રહેશે નહીં. મુંબઈ મહાનગરપાલિકાએ પાર્કિંગ એપ્લિકેશન વિકસાવવાનો નિર્ણય લીધો છે. જેના કારણે નાગરિકો હવે તેમના વાહન માટે શહેરમાં ગમે ત્યાં ઘરે બેઠા પાર્કિંગ રિઝર્વ કરી શકશે. આ પ્રોજેક્ટ ક્યારે શરૂ કરવામાં આવશે તે અંગેની એક અપડેટ સામે આવી છે.મહાનગરપાલિકા અંતર્ગત શરૂ થનાર સ્માર્ટ પાર્કિંગ પ્રોજેક્ટ આગામી મહિનામાં શરૂ કરવામાં આવશે. શરૂઆતમાં, આ ૫૩૦ પાર્કિંગ લોટ તબક્કાવાર ઉપલબ્ધ કરાવવામાં આવશે. એકવાર આ પાર્કિંગ વિસ્તાર ખાનગી કંપનીને આપવામાં આવે, પછી તેમના માટે એપ્લિકેશન દ્વારા વાહનોને પાર્કિંગ જગ્યાઓ પૂરી પાડવી ફરજિયાત રહેશે, એમ પાલિકાએ જણાવ્યું છે.■

ખાડીનો માર્ગ ખુલ્લો કરવા માટે
ધૌતી યોગ
પાવડર અને ગોળીઓ
આજે જ રાત્રે લો, સવારે OK!
ડો. અભિજીત 9422011723

OSHO Glimpse
OSHO Bookstore
Collection of
OSHO Books
English and Hindi titles
Available
Contact: 9820065123
Address: Shop no 2,
Talati Apartment, S. V. Road,
Andheri (W), Mumbai- 400 058

# સરકારી યોજના હેઠળ સસ્તામાં ઘર અપાવવાના બહાને થાણેના ૧૧ રહેવાસીઓ સાથે છેતરપિંડી

**તેમના દસ્તાવેજોનો દુરુપયોગ કરી નાણાકીય વ્યવહારો માટે બેંક ખાતાં ખોલાવ્યાં**

થાણેઃ થાણે જિલ્લાના ૧૧ રહેવાસીઓને સરકારી યોજના હેઠળ સસ્તામાં ઘર અપાવવાને બહાને છેતરપિંડી આચરવામાં આવી હતી અને તેમના દસ્તાવેજોનો દુરુપયોગ કરીને નાણાકીય વ્યવહારો માટે બેંક ખાતાં ખોલવામાં આવ્યાં હતાં.ઉલ્હાસનગરમાં રહેતી આ કેસની ફરિયાદી ૫૪ વર્ષની મહિલાએ આક્ષેપ કર્યો હતો કે આરોપીઓએ મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) યોજના હેઠળ તેને રાહત દરે ઘર અપાવવાનું આશ્વાસન આપીને વિશ્વાસ સંપાદન કર્યો હતો.ફરિયાદી મહિલા ઉપરાંત અન્ય રહેવાસીઓને પણ મ્હાડાના ઘર સસ્તામાં અપાવવાનું આશ્વાસન આપીને આરોપીઓએ છેલ્લાં બે વર્ષમાં તેમની પાસેથી રૂપિયા લીધા હતા.

હિલલાઇન પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીએ સિમ કાર્ડ મેળવવા, ઇમેઇલ આઇડી તૈયાર કરવા અને બેંક ખાતાં ખોલવા માટે રહેવાસીઓની વ્યક્તિગત વિગતોનો દુરુપયોગ કર્યો હતો.

આરોપીઓએ પ્રત્યેક રહેવાસી પાસેથી પાંચ હજાર રૂપિયા લીધા હતા અને તેમના દસ્તાવેજોનો દુરુપયોગ કરીને તેમના નામે ખોલવામાં આવેલા બેંક ખાતા દ્વારા મોટા નાણાકીય વ્યવહારો કર્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

તેમણે દસ્તાવેજોનો ઉપયોગ કરીને તથા બોગસ હસ્તાક્ષર દ્વારા કંપનીઓ તથા બિલ્ડરોના બેંક ખાતાંમાં ભંડોળ ટ્રાન્સફર કર્યાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો. દરમિયાન મહિલાએ શનિવારે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ત્રણ આરોપી સામે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. આરોપીઓએ આ પ્રમાણે અન્ય લોકો સાથે પણ છેતરપિંડી આચરી હોવાની પોલીસને શંકા છે. (પીટીઆઇ)■

## ખાનદેશને રેલવે તરફથી મોટી ભેટ

# મુંબઈથી ભુસાવળ સુધીની મુસાફરી સરળ અને સસ્તી થશે

મુંબઈ : ખાનદેશ જતા મુસાફરો માટે રાહતના સમાચાર છે. પશ્ચિમ રેલવે દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. દાદર અને ભુસાવળ વચ્ચે અઠવાડિયામાં ત્રણ વખત દોડતી વિશેષ ટ્રેન હવે કાયમી ટ્રેન તરીકે ચાલુ રહેશે. પહેલા આ ટ્રેનને વિશેષ ટ્રેન તરીકે દોડાવવામાં આવતી હતી, પરંતુ હવે તેને નિયમિત ટ્રેનનો દરજ્જો આપવામાં આવ્યો છે.

આ ટ્રેનને મર્યાદિત સમય માટે શરૂ કરવામાં આવી હતી અને સમયાંતરે તેનો સમયગાળો લંબાવવામાં આવતો હતો. જોકે, તેને જળગાંવ, ધુળે અને નંદુરબાર વિસ્તારોના મુસાફરો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો હતો. ઉપરાંત કાયમી ટ્રેનની સતત માગ થઈ રહી હતી. આ પૃષ્ઠભૂમિમાં, રેલવે વહીવટીતંત્રે આ નિર્ણય લીધો છે.

આ નિર્ણયથી મુસાફરોને આર્થિક રીતે પણ ફાયદો થશે. કારણ કે એકવાર ટ્રેન નિયમિત થઈ ગયા પછી, ટિકિટના ભાવમાં લગભગ ૨૦ થી ૨૫ ટકાનો ઘટાડો થવાની શક્યતા છે. તેથી નોકરિયાતો, વિદ્યાર્થીઓ, વ્યાપારીઓ અને દર્દીઓ માટે મુસાફરી સસ્તી અને વધુ અનુકૂળ બનશે. આ ટ્રેન અઠવાડિયામાં ત્રણ દિવસ સોમવાર, બુધવાર અને શનિવાર દોડશે. આનાથી મુંબઈ અને ભુસાવળ વચ્ચે મુસાફરી સરળ બનશે અને ભવિષ્યમાં આ ટ્રેનની ફ્રીક્વન્સી વધવાની શક્યતા છે. ■

# વરલીના ટ્રાફિકમાંથી મળશે મુક્તિઃ બે નવા બ્રિજનું 30 ટકા કામ પૂર્ણ

મુંબઈઃ વરલીમાં ટ્રાફિકની સમસ્યા ઘટાડવા માટે બે નવા બ્રિજ શરૂ થવા જઈ રહ્યા છે. આ નવા બ્રિજને કારણે બે મહત્ત્વના સ્થળો વચ્ચેનું અંતર ખૂબ જ ઓછા સમયમાં કાપી શકાશે. હાલમાં આ પ્રોજેક્ટનું ૩૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને આ માર્ગ મુસાફરો માટે ક્યારે ખુલ્લો મુકવામાં આવશે, તેના પર સૌની નજર ટકેલી છે.

દક્ષિણ મુંબઈના વરલી વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક જામ એક ગંભીર સમસ્યા બની ગઈ છે. તેનો ઉકેલ લાવવા માટે નેહરુ સાયન્સ સેન્ટરથી નેહરુ પ્લેનેટોરિયમને જોડતો ફ્લાયઓવર બનાવવામાં આવી રહ્યો છે. જેનું કામ અત્યારે નેહરુ સાયન્સ સેન્ટર પાસેના નાળા પર આખરે શરૂ થઈ ગયું છે. આ પ્રોજેક્ટને ત્રણ વર્ષ પહેલાં મંજૂરી મળી હતી, પરંતુ આ માર્ગમા આવતી ઝૂંપડપટ્ટીઓ અને અન્ય કારણોસર આ કામ અટકી પડ્યું હતું. હવે આ પુલનું કામ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાની સમયમર્યાદા હોવા છતાં તે પૂર્ણ થવાની શક્યતા વધુ આગળ વધી શકે તેમ છે.નેહરુ સાયન્સ સેન્ટર અને નેહરુ પ્લેનેટોરિયમ વચ્ચેનું અંતર નજીક હોવા છતાં વાસ્તવમાં વાહનચાલકોએ વરલી નાકાથી બે કિલોમીટરનો ચકરાવો લેવો પડે છે. તેમાં પણ નેહરુ સાયન્સ સેન્ટર પાસેના નાળાને કારણે ઈ. મોઝેસ રોડથી એની બેસન્ટ રોડ સુધી સીધું જોડાણ નથી.

બ્રિજ પૂર્ણ થયા પછી વાહનચાલકોએ વરલી નાકા ઓળંગવાની જરૂર રહેશે નહીં. જીજામાતા નગરથી વરલી નાકા સુધીની ૧૫ મિનિટની મુસાફરી હવે માત્ર પાંચ મિનિટમાં પૂર્ણ થશે. આ ઉપરાંત પેડર રોડ અને કોસ્ટલ રોડ સાથે સીધું જોડાણ મળવાને કારણે ટ્રાફિકની સમસ્યામાં મોટા પ્રમાણમાં ઘટાડો થવાની શક્યતા છે. ■



# બીકેસી એમએમઆરડીના તાબામાં પણ સફાઈની જવાબદારી પાલિકાની: સફાઈ કરવા સાત કરોડનો ખર્ચ

મુંબઈ: બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સ (બીકેસી)માં છેલ્લા ૧૦ વર્ષથી મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મેકેનિકલ બ્રુમ (યાંત્રિક ઝાડુ)થી સફાઈ કરવામાં આવી રહી છે. જૂનો કૉન્ટ્રેક્ટર પૂરો થતા નવેસરથી ફરી આગામી ત્રણ વર્ષ માટે કૉન્ટ્રેક્ટરને કામ આપવામાં આવવાનું છે, તે માટે પાલિકા સાત કરોડ રૂપિયાથી પણ વધુ રકમનો ખર્ચ કરવાની છે. બીકેસી મુંબઈનું આંતરરાષ્ટ્રીય વેપારનું કેન્દ્ર ગણાય છે. બીકેસીમાં દુનિયાભરની નામાંકિત કંપનીઓ આવેલી છે. અનેક દેશના દૂતાવાસ પણ અહી આવેલા છે અને અનેક આઈટી કંપનીઓ પણ અહીં આવેલી છે. મોટી સંખ્યામાં વિદેશીઓની અહીં અવરજવર રહેતી હોય છે. અહીં દરરોજ લગભગ ચાર લાખની આસપાસ માણસોની અવરજવર રહેતી હોય છે. તેથી આ વિસ્તારમાં સફાઈ પર ખાસ ધ્યાન આપવામાં આવે છે. બીકેસી પરિસર એમ તો મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીના નિયંત્રણમાં આવે છે, તેથી તેની સફાઈની જવાબદારી પણ તેની જ હોવી જોઈએ પણ તેના બદલે પાલિકાના માથા પર સફાઈની જવાબદારી આવી પડી છે.

આધુનિકરણના ભાગ તરીકે આ પરિસરમાં ૨૦૧૪થી રસ્તાની સફાઈ મેકેનિકલ બ્રુમ (યાંત્રિક ઝાડુ)થી કરવામાં આવે છે. અગાઉનો કૉન્ટ્રેક્ટ ફેબ્રુઆરી, ૨૦૨૬માં પૂરો થયો હતો હવે આગામી ત્રણ વર્ષ માટે ફરી નવી કંપનીને કૉન્ટ્રેક્ટ આપવામાં આવ્યો છે. ત્રણ વર્ષના કૉન્ટ્રેક્ટ માટે પાલિકા લગભગ સાત કરોડ ૨૨ લાખ રૂપિયાનો ખર્ચ કરવાની છે.

# વિપક્ષ નેતાઓના અપમાનના મુદ્દે હાઉસમાં હોબાળો: વિરોધ પક્ષોનું વોકઆઉટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મેયરની કેબિનમાં યોજાયેલી બેઠકમાં ભાજપ-શિંદે સેનાની મહાયુતિ દ્વારા ભૂતપૂર્વ મેયર અને શિવસેના (ઠાકરે ગ્રૂપ)ના નેતા કિશોરી પેડણેકરનું અપમાન કરવામાં આવ્યું હોવાનો આરોપ લગાવીને વિરોધપક્ષે સોમવારે સુધરાઈની યોજાયેલી સામાન્ય સભામાંથી વોકઆઉટ કર્યું હતું.

પાલિકાના મુખ્યાલયમાં સોમવારે સામાન્ય સભા યોજાઈ હતી, જેમાં કિશોરી પેડણેકરે કહ્યું હતું કે મેયર રિતુ તાવડે દ્વારા બોલાવવામાં આવેલી બેઠક દરમ્યાન તેમનું અપમાન કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું હતું કે 'મને મેયરની કેબિનમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું પણ મેયર અને તેમના ગઠબંધનના નેતા સાથે બીજા મુદ્દા પર ચર્ચા કરવા માગતા હતા, તેથી બેઠક શરૂ થાય તે પહેલાં જ તેમને પહેલા ચેમ્બરમાં રાહ જોવાનું કહેવામાં આવ્યું હતું'.

કિશોરી પેડણેકરે કહ્યું હતું કે વિરોધપક્ષના નેતાનું પદ આદરને પાત્ર હોય પણ મેયર તરફથી જે વર્તન કરવામાં આવ્યું હતું તે સહન કરવામાં આવશે નહીં.

કિશોરી પેડણેકરના અપમાન મુદ્દે સામાન્ય સભામાં શિવસેના (ઠાકરે)ના નગરસેવક દ્વારા સભાને સ્થગિત કરવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો, જેને કૉંગ્રેસે પણ ટેકો આપ્યો હતો એ બાદ શિવસેના, સમાજવાદી પાર્ટી, કૉંગ્રેસ, મનસે સહિત એઆઈએમઆઈએમ સહિત વિપક્ષોએ વોકઆઉટ કર્યું હતું.

મળેલ માહિતી મુજબ મેયરે અગાઉથી કોઈ પણ પ્રકારની જાણ નહીં કરતા અને અજેન્ડા નહીં આપતા સર્વપક્ષીય ગ્રૂપ લીડરની અર્જન્ટ બેઠક બોલાવી હતી . તે અનુસાર કિશોરી પેડણેકર, મનસેના ગ્રૂપ લીડર યશવંત કિલ્લેદાર, એમઆઈએમના વિજય ઉબાળે અને સમાજવાદી પાર્ટીના ગ્રૂપ લીડર મેયર ઓફિસમાં પહોંચી ગયા હતા. તે સમયે ડેપ્યુટી મેયર સંજય ઘાડી અને શિંદેસેનાના ગ્રૂપ લીડર અમેયર ઘોલે સહિત અન્ય નગરસેવક ત્યાં પહેલાથી હાજર હતા અને તેઓ કોઈ વિષય પર ચર્ચા કરી રહ્યા હતા.

# ૨૪ કલાક પાણી પુરવઠા માટે ૬,૫૦૦ કરોડની યોજના

મુંબઈ: રાજ્યમાં નવેસરથી વિકસિત થઈ રહેલા શહેરોમાં ૨૪ કલાક પાણી પુરવઠો પૂરો પાડવા તેમજ આ શહેરોમાં ગંદા પાણીના પુનઃવપરાશ માટે નગર વિકાસ વિભાગે રૂ. ૬,૫૦૦ કરોડની એક વિશેષ યોજના તૈયાર કરી છે. નગર વિકાસ વિભાગના સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ વિશ્વ બેંકની સહાયથી અમલમાં આવનારી આ યોજના દ્વારા શહેરી જળ વ્યવસ્થાપન માટે વ્યાપક પગલાં લેવામાં આવશે. આજની તારીખે રાજ્યની ૪૮ ટકા વસ્તી શહેરી વિસ્તારોમાં વસે છે અને આ વસ્તીને દરરોજ ૧૨,૮૭૨ મિલ્યન લિટર પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. શહેરી વિસ્તારોમાં દરરોજ અંદાજે ૮,૫૨૫ મિલ્યન લિટર ગંદા પાણીનું નિર્માણ થાય છે, પરંતુ તેમાંથી માત્ર ૭૪ ટકા એટલે કે ૬,૩૮૯ મિલ્યન લિટર ગંદા પાણી પર જ પ્રક્રિયા કરવામાં આવે છે. તેમાંથી માત્ર ૧૯ ટકા એટલે કે ૧,૨૭૪ મિલ્યન લિટર પાણીનો જ પુનઃવપરાશ કરવામાં આવે છે. આથી, પ્રક્રિયા કરેલા પાણીનો પુનઃવપરાશ વધારવા અને શહેરી વિસ્તારોમાં ૨૪ કલાક શુદ્ધ પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે 'રાજ્ય નાગરિક જળ પુરવઠા, ગંદા પાણીનું વ્યવસ્થાપન અને પુનઃવપરાશ યોજના' તૈયાર કરવામાં આવી છે. અંદાજે રૂ. ૬,૫૦૦ કરોડના ખર્ચની આ યોજનાને તાજેતરમાં પ્રધાનમંડળે મંજૂરી આપી દીધી છે.

આમાંથી ૭૦ ટકા એટલે કે રૂ. ૪,૧૫૦ કરોડનું ભંડોળ વિશ્વ બેંકની સહાયથી ઊભું કરવામાં આવશે, જેને કેન્દ્રીય નાણા મંત્રાલયે મંજૂરી આપી દીધી છે. જ્યારે બાકીના ૩૦ ટકા એટલે કે અંદાજે રૂ. ૨,૪૦૦ કરોડનું ભંડોળ રાજ્ય સરકાર ખર્ચશે.

આ યોજના દ્વારા પ્રક્રિયા કરેલા પાણીનો ઔદ્યોગિક, કૃષિ અને શહેરી વપરાશ માટે પુનઃવપરાશ વધારીને પીવાલાયક પાણી પરની નિર્ભરતા ઘટાડવામાં આવશે. આ યોજનાના માધ્યમથી મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયતોના વિસ્તારોમાં ડ્રેનેજ લાઈન, પંપ હાઉસ અને ગંદા પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટ્સ ઊભા કરવામાં આવશે.

# પુણે-મુંબઈ એક્સપ્રેસ-વે અને અમદાવાદ હાઈવે પર ૩થી ૪ કિ.મી. સુધી વાહનોની કતાર

મુંબઈ: ઉનાળાની રજાઓને લીધે રાજ્યના બે મુખ્ય હાઈવે પર સોમવારે સવારથી જ ભારે ટ્રાફિક જામ જોવા મળ્યો હતો. પુણે-મુંબઈ એક્સપ્રેસ-વે અને મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર વાહનોની લાંબી લાઈનો લાગતા હજારો મુસાફરો કલાકો સુધી અટવાઇ ગયા હતા. પુણે-મુંબઈ એક્સપ્રેસ-વે પર આડોશી ટનલથી મિસિંગ લિંક સુધી ૩થી ૪ કિમી લાંબો જામ લાગ્યો હતો. ટ્રાફિકનું ચોક્કસ કારણ જાણી શકાયું ન હતું. ઘાટ વિસ્તારમાં વાહનોની સંખ્યા વધવાને કારણે આ પરિસ્થિતિ ઊભી થઈ હોવાનું અનુમાન છે.

બીજી તરફ પાલઘર જિલ્લામાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર પણ સ્થિતિ અત્યંત ગંભીર હતી. મનોર પાસે હાલોલીથી વરઈ વચ્ચે ૬ થી ૭ કિલોમીટર લાંબી વાહનોની લાઈનો લાગી હતી. ગુજરાતથી મુંબઈ તરફ જતા લેન પર વહેલી સવારથી જ ટ્રાફિક જામ થવાને કારણે મુસાફરો ૩ થી ૪ કલાક સુધી અટવાયેલા હતા.

# પાકિસ્તાનમાં બનેલા સૌંદર્ય પ્રસાધનો વેચવા બદલ ત્રણ દુકાનદાર સામે ગુનો

છત્રપતિ સંભાજીનગર: પાકિસ્તાનમાં બનેલા સૌંદર્ય પ્રસાધનો વેચવા બદલ છત્રપતિ સંભાજીનગર ખાતે ત્રણ દુકાનદાર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ત્રણેય દુકાનદારની ઓળખ મોહંમદ અબરાર (૨૬), અંકુર અગ્રવાલ (૩૫) અને જુમન ખાન (૪૮) તરીકે થઇ હોઇ તેમની વિરુદ્ધ રવિવારે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સિટી ચોક પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે મોહંમદ અબરાર, અગ્રવાલ અને ખાનની માલિકીની દુકાનમાંથી અમે સાબુ સહિત ૨૮ વસ્તુઓ જપ્ત કરી હતી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પાલિતાણા નિવાસી હાલ કાંદિવલી બળવંતભાઇ બાવચંદભાઇ મગિયા (ઉં. વ. ૭૫) જે દક્ષાબેનના પતિ તા. ૨૯-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ખ્યાતિ અને કુણાલના પિતા. તે હરેન્દ્ર અને કુંતલના સસરા. જયશુખભાઇ, સ્વ. મહેન્દ્રભાઇ, સ્વ. કાંતિભાઇ અને ભારતીબેન છોટાલાલ શાહના ભાઇ. હીરાલક્ષ્મી અનંતરાય ગાંધીના જમાઇ. અનન્યા અને અર્હમના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ સ્થાનકવાસી જૈન**

માંગરોળ નિવાસી હાલ માટુંગા સ્વ. નવીનચંદ્ર નરભેરામ પારેખના ધર્મપત્ની વિનોદીનીબેન (ઉં. વ. ૮૯) તા. ૨૯-૩-૨૬ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. તે જયંત, નિશિતાના માતુશ્રી. તે રૂપમ, સ્વ. કિરીટભાઇના સાસુજી. માંગરોળ નિવાસી જશવંતી જસવંતલાલ વોરાના સુપુત્રી. સ્વ. વિનયચંદ્ર, સ્વ. કિર્તીકુમાર, સ્વ. ઇન્દુમતીબેન, સ્વ. પ્રમોદાબેન, સ્વ. તારાબેન, સ્વ. રસિકબેન, સ્વ. નીલમબેન, જયાબેનના ભાભી. તે સ્વ. કિશોરભાઇ, નલીનભાઇ, દીપકભાઇ, મધુરીબેનના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના રસિક દેઢિયા (ઉં. વ. ૭૫) તા. ૨૮-૩ ના અવસાન પામેલ છે. ખેતબાઈ રામજી ભીમશીના પુત્ર. ચેતનાના પતિ. પૂર્વી, નીરવના પિતા. લતાના ભાઈ. ચક્ષુદાન, ત્વચાદાન, હાડકા દાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. રસિક શાહ. એ-૨૦૩ ઝેનિથ, પી.કે. રોડ, મુલુંડ (વે).

સમાઘોઘાના ચીમનલાલ રાંભિયા (ઉં. વ. ૯૧) તા. ૨૬-૩-૨૬ના અવસાન પામેલ છે. હીરબાઇ કુંવરજીના પુત્ર. ગુણવંતીબેનના પતિ. કિરણ, પંકજ, ઇલાના પિતા. અમૃતલાલ, મણીલાલ વસંત, શાંતિલાલના ભાઇ. ફરાદી પુરબાઈ ચાંપશી ગેલાભાઇ ગાલાના જમાઇ. મુંબઇમાં પ્રાર્થના રાખેલ નથી. નિ. ચીમનલાલ રાંભિયા, ૧-૭-૧૪૫/૧૭, કિરણ કુંજ, શ્રીનિવાસ કોલોની, મુસીરાબાદ, હૈદ્રાબાદ - ૨૦.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર નિવાસી હાલ બોરીવલી, સ્વ. ચંદ્રકાંત જાધવજી શાહના ધર્મપત્ની સુભદ્રાબેન (ઉં. વ. ૮૩) ૨૮/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે નિલેશ, શિલ્પા તથા પૂજ્ય સાધ્વીજી વરિષ્ઠ ગુણા શ્રીજીના સંસારી માતુશ્રી, સ્વ. મણીબેન બાબુલાલ ભણસાલીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

મની નવરોજી જોખી તે મરહુમો નરગીસ નવરોજી જોખીના દીકરી. તે પરવેઝ, એમી, ખોરશેદના બહેન. તે હોરમઝ ને નીલુફરના માસી. તે ફરાદ, યઝદ, આરઝાન, આરીયા, બ્રેડનના મોટા માસી. તે વીલુના નણંદ. તે જેનીફરના માસી-સાસુ. (ઉં. વ. ૮૨) રે. ઠે. ૧૨/૧૭ રુસ્તમ બાગ, બીજે માળે, સંત સાવતા માર્ગ, ભાયખલા, (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાની ક્રિયા: તા. ૧-૪-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે, કપાવાલા અગિયારીમાં છેજી.

એમી જાંહાગીર જસાવાલા તે મરહુમ શાપુર અદાજનીયાના ધન્યાની. તે મરહુમો શીરીન જાંહાગીર જસાવાલાના દીકરી. તે મરહુમ દોરાબના બહેન. તે મીસીસ ગુલ માનેક કોતવાલના ફ્રેન્ડ. (ઉં. વ. ૧૦૫) રે. ઠે. ૭૦૪, બખતાવર, કોલાબા પોસ્ટ ઓફિસ આગળ, મુંબઈ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયા: તા. ૩૧-૩-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે કરાની અગિયારીમાં છેજી.

## હિન્દુ મરણ

નિતીનભાઇ ગોપાલજી તન્ના (ઉં. વ. ૬૯) (કચ્છી) સ્વ. ગોપાલજી તન્ના તથા સ્વ. શારદાબેન ગોપાલજી તન્નાના સુપુત્ર સોમવાર, તા. ૩૦-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. શોકસભા તથા લૌકિક પ્રથા રાખેલ નથી. પત્ની : વિજયાબેન નિતીનભાઇ તન્ના. શિશીરભાઇ તથા માયાબેન તન્ના. ભાવેશ, શ્રદ્ધા, સોનલ, સૌરભ, ચાંદની, હર્ષ, જતીન, અન્વેષા તથા સમસ્ત તન્ના તથા રામજી દેવશી ભીંડે. (કેસરવાલા).

**હાલાઇ લોહાણા**

મૂળ વતન પોરબંદર હાલ મલાડ સ્વ. ભરતભાઇ તે સ્વ. સરસ્વતીબેન પ્રાગજીભાઇ બાટવિયાના પુત્ર (ઉં.વ.૭૭) તે રક્ષાબેનના પતિ. તે ભાવનગરવાળા સ્વ. શાંતિબેન વલ્લભદાસ રાયચુરાના જમાઇ. તે સ્વ. પ્રેમિલાબેન શશીકાંત દાસાણી, સ્વ. જયાબેન, સ્વ. હરકિશનભાઇ, સ્વ. મહેન્દ્રભાઇ, રમેશભાઇ, સ્વ. બકુલીબેન પ્રવીણભાઇ છેડાના ભાઇ. તે મોનિકા શ્રીજીત પુલાની, રિતેશભાઇ, ભૂમિ મેહુલ પટેલના પિતાશ્રી. તે શ્રીજીત, જીજ્ઞા, મેહુલના સસરા તા. ૨૮-૩-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**લોહાણા**

મૂળ ગામ જામ ખંભાળિયા હાલે થાણા, ગં.સ્વ. વનીતાબેન જમનાદાસ તન્ના (ઉં. વ. ૭૮) તે સ્વ. કંકુબેન તન્નાના પુત્રવધૂ. સ્વ. જમનાદાસ દામોદર તન્નાના ધર્મપત્ની, સ્વ. મંજુલાબેન મણીલાલ લાખાણીનાં સુપુત્રી. જગદીશ, પ્રકાશ લાખાણી, કાંતાબેન સૈજાની, જશીબેન રુઘાણી, મીનાબેનનાં બહેન, સ્વ. દર્શનાબેન તન્ના, સ્વ. છાયાબેન સવજીયાણી, સ્વ. જીમિતભાઈ તન્ના, મિહિરભાઈ તન્નાના માતોશ્રી, સૌ. ચાંદની તન્નાના સાસુ. શુક્રવાર તા.૨૭/૦૩/૨૬ના રોજ અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા રાખવામાં આવી નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ ભાટિયા**

અ.સૌ. હીનાબેન હંસરાજ કાપડિયા (જયુબેન) (ઉં. વ. ૮૬) તે મધુરીબેન તુલસીદાસ કાપડિયાના પુત્રવધૂ. સ્વ. દીપક અને દામિની કામદારનાં માતા. કિરીટ કામદારનાં સાસુ. પ્રતિમા માધવ, પૂનમ રણજિત, પ્રતિમા દિલીપ, સ્વ. ચંદ્રાબેન હંસરાજ અને નીતા નરેન્દ્ર આશરનાં ભાભી. સ્વ. કસ્તુરબાઈ માધવદાસ ડોસાનાં પુત્રી. કલ્પના જયેશ આશર, કુંજલ ચીરાગ પારેખ, હર્ષ, ધ્રૂવ, અક્ષતા સોહીલ કોઠારીનાં કાકી તા. ૩૦-૩-૨૬ને સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧-૪-૨૦૨૬ને બુધવારે ૫થી ૬.૩૦. વાય. બી. ચવાણ સેન્ટર, જનરલ જગન્નાથ ભોસલે માર્ગ, મુંબઈ-૪૦૦૦૨૧ લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ઘાટકોપર નિવાસી, ચંદ્રકાંત રણછોડદાસ જગડાનાં સુપુત્ર બંકિમ (ઉં. વ. ૪૧) શનિવાર તા. ૨૮.૩.૨૬નાં શ્રીજીચરણ પામ્યા છે. તે ઇન્દિરાબેનનાં પુત્ર. સ્વ. નિર્મળાબેન રણછોડદાસ જગડાનાં પૌત્ર. સ્વ દ્વારકાદાસ ડાહ્યાભાઈ મણિયારનાં દોહિત્ર. મુકેશ, સ્વ. હિમાંશુ, ચિરાગ, મનીષાબેન, રૂપલ જાગૃતિબેન, બીજલ, નિશા, નિકિતા તથા કાલિન્દીના દિયર. હસમુખભાઈ કિર્તીભાઈ, મહેન્દ્રભાઈ, મહેશભાઈ, સ્વ. કિશોરભાઈ, વિજયભાઈ, શારદાબેન, સ્વ. કપિલાબેન, સ્વ. રેખાબેન, ભારતીબેન તથા રેખાબેનનાં ભત્રીજા. પ્રાર્થનાસભા તા. ૩૧/૩/૨૬, મંગળવારનાં રોજ સમય ૪.૩૦ થી ૬.૦૦. સ્થળ: બાલકંજી બારી બાલભવન, ગ્રાઉન્ડ ફ્લોર, બાલકંજી બારી રોડ નંબર-૩, સંન્યાસ આશ્રમની બાજુમાં, રાજાવાડી ગાર્ડનની સામે, રાજાવાડી, ઘાટકોપર ઇસ્ટ.

**કચ્છી ભાટિયા**

તારા મરચંટ (ઉં. વ. ૯૧) તે સ્વ. લક્ષ્મી દ્વારકાદાસ ઉદેશીનાં પુત્રી. રણજીત મોરારજી મર્ચન્ટનાં પત્ની. મોંઘીબાઈ મોરારજી મર્ચન્ટનાં પુત્રવધૂ, અમીતા બિપિન બત્રા અને નિમિષા હંસ ઉદેશીનાં માતા. સના, સાંચી, મુકેશ અને સોનાલીનાં નાની. અબીરનાં પરનાની. ૨૪/૦૩/૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૦૨/૦૪/૨૬નાં સાંજે ૪ થી ૬. ક્લબ એક્વેરિયા દેવીદાસ ક્રોસ લેન, એલ આઈ સી કોલોની, બોરીવલી વેસ્ટ.

**લાડ વાણિયા**

સુધાબેન વાપીવાલા તા. ૨૮.૦૩.૨૬ શનિવારના અવસાન પામેલ છે. ગિરીશ વાપીવાલા, સંજીવ, ભાવના, જયેશ, દિનેશ, કાજલ. પ્રાર્થનાસભા તા. ૩૧-૩-૨૦૨૬, મંગળવારના રોજ સવારે ૧૧ થી ૧૨.૩૦. સરનામું: ઓબેરોય ગાર્ડન્સ ક્લબ હાઉસ ઠાકુર ગામ કાંદિવલી પૂર્વ.


## ક્લાસિફાઈડ

**૧૭. જગ્યા આપવી છે**

**JUHU - 4 BED**
**નવા બિલ્ડિંગમાં હાયર ફ્લોર, જીમ એમેનીટીઝ (10 Cr) અનિલભાઈ - 9004900290. (૯૪૪-એ)**

**મીરારોડ**
**શાંતિનગર, સેક્ટર ૧, ૩ બેડરૂમ હોલ કિચન, ૭૯૫ એરિયા, ત્રીજે માળે, ૧.૩૫ કરોડ, નેગોશિયેબલ, ઓનર: 9898053229. (એસડીબી-૩૧૮૧)**

**બોરીવલી વેસ્ટ**
દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં, SVP રોડ, 2 બેડરૂમ જોડી, 1232' @ 4.60 CR પઝેશન નવેમ્બર 2026. બિલ્ડર - 8291699699. (૯૧૭-એ)

**બોરીવલી વેસ્ટ**
દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં, SVP રોડ, 2 બેડરૂમ, 630' @ 2.35 CR પઝેશન નવેમ્બર 2026. બિલ્ડર - 8291699699. (૯૧૭-ડી)

**PIRAMAL MAHALAXMI**
Central Tower 3 BHK 1200 Sqft Higher Floor 2 Parking 9892710071 / 9619048555. (B-17328)

**KHAR WEST**
Near Station 2 BHK L & L 1 Lac Nego Fully Furnished 9892710071 / 9619048555. (B-17334)

**૫૨. કુરીઅર્સ**

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# આઠ વર્ષ જૂના મૃણાલતાઈ ગોરે ફ્લાયઓવરના કામમાં ઈરાદાપૂર્વક વિલંબ?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના નગરસેવકોના એક પ્રતિનિધિ મંડળે સોમવારે ગોરેગામમાં છેલ્લા આઠ વર્ષથી બાંધવામાં આવી રહેલા મૃણાલતાઈ ગોરે ફ્લાયઓવરના સ્થળની મુલાકાત લીધી હતી અને થઈ રહેલા કામની સમીક્ષા કરતા કહ્યું હતું કે બાંધકામમાં વિલંબ જાણીજોઈને થઈ રહ્યું હોવાનું જણાય છે.

નોંધનીય છે કે પાલિકાની સ્થાયી સમિતિમાં બ્રિજના ખર્ચમાં થયેલા વધારાને લગતા મુદ્દા સામે નારાજગી વ્યક્ત કરીને તે પ્રસ્તાવ મંજૂરી આપવાનો ઈનકાર કર્યા બાદ સાઈટનું સોમવારે ઈન્સ્પેકશન કર્યું હતું.

કૉંગ્રેસના ગ્રૂપ લીડરે ઈન્સ્પેકશન બાદ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ પૂર્ણ થવાને આરે છે. ત્યારે આ ક્ષણે ખર્ચમાં વધારો કરવો અયોગ્ય છે. સ્પષ્ટપણે જણાઈ આવ્યું છે કે પ્રારંભમાં યોગ્ય આયોજન વિના પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. તેથી સત્તાવાળાઓ એક પાઠ તરીકે લેવો જોઈએ અને યોગ્ય રીતે આગળ વધતા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટના નિર્માણ માટે યોગ્ય યોજના અમલમાં મૂકવાનો પ્રયાસ કરવો જોઈએ.

ભાજપના નગરસેવક અને સ્થાયી સમિતિના અધ્યક્ષ પ્રભાકર શિંદે જેઓ આ પ્રતિનિધિ મંડળનો ભાગ હતા તેમણે કહ્યું હતું બ્રિજ આગામી એક મહિનામાં પૂર્ણ થઈ જશે. બ્રિજ સ્ટીલનો માળખાનો છે અને વાલભાટ નદીની ઉપરથી પસાર થતા થાંભલાઓને ફરીથી ગોઠવવાના હોવાથી વિલંબ થયો છે. પાલિકાના દસ્તાવેજ અનુસાર જયારે આઠ વર્ષ પહેલાં આ બ્રિજ બનાવવા માટેના વર્ક ઓર્ડર જારી કરવામાં આવ્યા હતા ત્યારે પાલિકા પ્રશાસને ૧૭૦.૮૨ રૂપિયાના ખર્ચે ફ્લાયઓવર બનાવવા માટે ૨૪ મહિનાની સમયમર્યાદા નક્કી કરી હતી. જોકે હજી સુધી પ્રોજેક્ટનું બાંધકામ ચાલુ છે.છેલ્લા આઠ વર્ષમાં આ પ્રોજેક્ટનો ખર્ચ બે વખત સુધારો નોંધાયો છે. ખર્ચમાં સુધારાનો નવો પ્રસ્તાવ આ મહિનાની શરૂઆતમાં સ્થાયી સમિતિમાં રજૂ કરવામાં આવ્યો હતો.

છેલ્લા પાનાનું ચાલુ

## પીએનજી માટે

રહી છે. પીએનજી કનેક્શન શક્ય તેટલી વહેલી તકે મળે તે માટે નિયમો અને શરતોમાં પણ છૂટછાટ આપવામાં આવી છે. આ દરમિયાન પીએનજી કનેક્શન વિશે વાત કરતી વખતે અન્ન અને નાગરિક પુરવઠા પ્રધાન છગન ભુજબળે મોટી અને મહત્વપૂર્ણ માહિતી આપી છે.

ભુજબળે અપીલ કરી છે કે જ્યાં પીએનજી કનેક્શન મળી શકે છે ત્યાં શક્ય તેટલી વહેલી તકે અરજી કરો. ઉપરાંત જે વિસ્તારોમાં પીએનજી સિસ્ટમ છે ત્યાં ત્રણ મહિનાની અંદર પીએનજી કનેક્શન માટે અરજી કરવી જરૂરી છે. જો તમારા વિસ્તારમાં ઘરેલુ કે વ્યાપારી હેતુ માટે પીએનજી સુવિધા હોય, તો તમારે આવા જોડાણ માટે અરજી કરવી જોઈએ. ઘણી કંપનીઓ પીએનજી જોડાણો આપવા માટે કામ કરી રહી છે. તેમને રાજ્યના વિવિધ ભાગો ફાળવવામાં આવ્યા છે, એમ ભુજબળે જણાવ્યું હતું.

ઉપરાંત જો તમને ખબર ન હોય કે પીએનજી માટે ક્યાં અરજી કરવી, તો તમે જિલ્લા પુરવઠા અધિકારીને અરજી સબમિટ કરી શકો છો. તેમાં સરનામું વગેરે આપો. જો તમે પીએનજી કનેક્શન માટે અરજી કરી હોય અને છતાં પણ પીએનજી કનેક્શન ન મળે, તો એલપીજી સપ્લાય બંધ નહીં થાય. ભુજબળે કહ્યું કે તમે પીએનજી માટે અરજી કરી હોવાથી, તમારું એલપીજી બંધ થશે નહીં. ઉપરાંત, જો તમારા વિસ્તારમાં પીએનજી કનેક્શન સુવિધા હોય પણ તમે અરજી નહીં કરી હોય, તો તમારું એલપીજી બંધ થઈ શકે છે. જ્યાં પીએનજીનું કામ ચાલી રહ્યું છે તે વિસ્તાર માટે જ આ નિયમ છે. ભુજબળે સ્પષ્ટતા કરતા કહ્યું.

## ડેટ રિકવરી

૨૦૧૫માં આરોપી સંસ્થાઓની માલિકીની આશરે રૂ. ૨૪.૯૨ કરોડને 'ગુનાની આવક' તરીકે ઓળખી કાઢી હતી અને કામચલાઉ રીતે સ્થાવર મિલકતો જપ્ત કરી હતી. જપ્ત કરેલી મિલકતો પ્રતિવાદી એચડીએફસી બેંકને ગીરવે મૂકવામાં આવી હતી.

બેંકે એવી દલીલ કરી હતી કે ઇડીની કાર્યવાહી પહેલાં મિલકતો તેની પાસે ગીરવે મૂકવામાં આવી હતી, તેથી તેઓ આરડીબી અને સરફાસી એક્ટની જોગવાઈઓ હેઠળ કાનૂની પ્રાથમિકતા ધરાવે છે.

ત્યારબાદ બેંકે પીએમએલએની કલમ ૨૬ હેઠળ જપ્તીને પડકારતી અપીલ ટ્રિબ્યુનલનો સંપર્ક કર્યો. પીએમએલએ એપેલેટ ટ્રિબ્યુનલે બેંકની તરફેણમાં આદેશ પસાર કર્યો, જેમાં કહેવામાં આવ્યું કે 'સુરક્ષિત લેણદારો દેવાની વસૂલાત કાયદાઓમાં કાનૂની પ્રાથમિકતા ધરાવે છે.'

જોકે, ઈડીએ આ આદેશને પડકાર્યો હતો અને દાવો કર્યો હતો કે ટ્રિબ્યુનલે 'ગુનાની આવક'ની જપ્તીને સિવિલ કાયદા હેઠળ વસૂલ કરી શકાય તેવી સરકારી બાકી રકમ સાથે ખોટી રીતે સરખાવી છે. ટ્રિબ્યુનલ એ સમજવામાં નિષ્ફળ રહ્યું છે કે પીએમએલએએ દેવાની વસૂલાત નહીં, પરંતુ ગુનાની મિલકત જપ્ત કરવાનો એક ખાસ દંડ કાયદો છે, એમ ઈડીએ રજૂઆત કરી હતી.

ઈડીએ દલીલ કરી હતી કે વિવાદિત આદેશ પીએમએલએના જપ્તીના ઉદ્દેશ્યને સિવિલ વસૂલાતની કાર્યવાહીને આધીન બનાવીને તેને નબળી પાડે છે.

આ બાબતે સુપ્રીમ કોર્ટના ચુકાદાને ટાંકીને, હાઈ કોર્ટે નોંધ્યું હતું કે બંને કાયદાઓની જોગવાઈઓ એકબીજા પર ભારે અસર કરતી હોવાનું કહી શકાય નહીં.

'અમે દિલ્હી હાઈકોર્ટ દ્વારા ડેપ્યુટી ડિરેક્ટર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દિલ્હી વિરુદ્ધ એક્સિસ બેંક એન્ડ અધર્સના કેસમાં લેવામાં આવેલા મંતવ્યને સમર્થન આપીએ છીએ કે પીએમએલએ હેઠળ જપ્તીનો આદેશ ગેરકાયદેસર નથી કારણ કે સુરક્ષિત લેણદારનો વિષય મિલકતમાં પૂર્વ સુરક્ષિત હિત છે,' એમ કોર્ટે કહ્યું હતું. જોકે, હાઈકોર્ટે સ્પષ્ટતા કરી હતી કે જો જપ્તીનો આદેશ પસાર કરવામાં આવ્યો હોય, અથવા પીએમએલએની કલમ ૪ હેઠળના ગુના માટે કેસની સુનાવણી શરૂ કરવામાં આવી હોય, તો કાયદેસર હિત હોવાનો દાવો કરનાર પક્ષના દાવા પર ફક્ત ખાસ અદાલત દ્વારા જ નિર્ણય લેવામાં આવશે.

ટ્રિબ્યુનલનો આદેશ 'ગેરકાયદેસર, મનસ્વી અને કાયદાની જોગવાઈ વિરુદ્ધ' હોવાનો ચુકાદો આપતા, હાઈકોર્ટે બેંકને પીએમએલએ જોગવાઈઓ હેઠળ ખાસ અદાલત સમક્ષ મિલકતની જપ્તી મુક્તિ માટે યોગ્ય અરજી દાખલ કરવાની સ્વતંત્રતા આપી હતી. (પીટીઆઈ)

## પાર્થ પવાર

ગયા હતા. તેથી, આ મુલાકાત પાછળનું કારણ રહસ્યમાં છે.

બીજી એપ્રિલે રાજ્યસભાની સાત બેઠકો ખાલી થઈ રહી છે. તેમાંથી એક પાર્ટી દ્વારા પાર્થ પવારને તક આપવામાં આવી છે. પાર્થ પવાર રાજ્યસભામાં બિનહરીફ ચૂંટાશે એવું માનવામાં આવી રહ્યું છે. ત્યારબાદ પાર્થ પવાર પહેલીવાર રાજ ઠાકરેને મળવા ગયા છે.

પાર્થ પવાર લગભગ દોઢ કલાક સુધી તેમના શિવતીર્થ નિવાસસ્થાને હતા. તેથી, આ બેઠકે બધાનું ધ્યાન ખેંચ્યું છે. એવું જોવા મળે છે કે અજિત પવારના વિમાન દુર્ઘટના અને ત્યારબાદ એનસીપીમાં થયેલા ઘટનાક્રમ પછી પાર્થ પવાર રાજકારણમાં સક્રિય થયા છે.

## સળંગ ત્રણ દિવસ

દબાણનો પટ્ટો નિર્માણ થવાનો છે. તેથી અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગર પરથી બાષ્પયુક્ત પવનો રાજ્યની દિશામાં ફૂંકાશે. પવનોની દિશા કલાકના ૩૦થી ૫૦ કિલોમીટરની રહેશે.

વરસાદ અને માવઠા માટે હવામાન વિભાગે ઓરેન્જ અલર્ટ આપ્યું છે. રાજ્યમાં અહિલ્યાનગર, બીડ, ધારાશિવ, લાતુર, સોલાપૂર, છત્રપતિ સંભાજી નગર, અહિલ્યાનગર, બીડ, જાલના, પરભણી, પુણે, સાતારા, સાંગલી, સોલાપૂરમાં ઓરેન્જ અલર્ટ રહેશે.

## રાજકારણમાં

છે. ઓપરેશન લોટસને કારણે ઘણા કોંગ્રેસના નેતાઓ ભાજપમાં જોડાયા હતા. હવે રાજ્યમાં ચર્ચા ચાલી રહી છે કે શું કેટલાક સાંસદો અને વિધાનસભ્યો ફરીથી શિંદે સેનામાં જોડાશે કે ભાજપમાં જશે.

હું તમને ફક્ત એટલું જ કહી શકું છું કે રાજ્યના રાજકારણમાં કંઈક મોટું થવાનું છે. મોટો ભૂકંપ આવવાનો છે પછી ભલે તે ઓપરેશન ટાઇગર હોય કે ઓપરેશન તુતારી હોય કે બીજું કંઈક, યોગ્ય સમય આવશે ત્યારે ખબર પડશે. રાજકારણમાં પરફેક્ટ ટાઇમિંગ ખૂબ જ મહત્વપૂર્ણ છે. યોગ્ય સમય આવશે ત્યારે અમે તમને ચોક્કસ જણાવીશું.

આ રાજકીય બોમ્બ એકનાથ શિંદેની શિવસેના સાંસદ જ્યોતિ વાઘમારેએ ફેંક્યો હતો. જ્યોતિ વાઘમારે નાંદેડમાં સંધ્યાતાઈ પ્રતિષ્ઠાન દ્વારા આયોજિત મહિલાઓના સન્માન કાર્યક્રમમાં ભાગ લેવા માટે નાંદેડમાં હતા. તેમણે આ નિવેદન આપ્યું હતું જેનાથી રાજકીય ખળભળાટ મચી ગયો છે.

## રેશનિંગ પર

શહેરોમાં વૈકલ્પિક ઇંધણનો મુદ્દો વધુ ગંભીર બની રહ્યો છે અને કાળા બજાર વધવાની આશંકા છે.

કોમર્શિયલ એલપીજી પરના પ્રતિબંધોને કારણે હોટેલ, ઢાબા અને નાના ઉદ્યોગોને વૈકલ્પિક ઇંધણ તરીકે કેરોસીનનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આનાથી કેરોસીનની માગ વધવાની શક્યતા છે, અને ઓછો પુરવઠો અને વધુ માગને કારણે કાળાબજારનો ભય છે. કેટલાક સ્ટોલ ધારકો લાંબા સમયથી કેરોસીનનો ઉપયોગ કરી રહ્યા છે. હવે તેમને ઊંચા દરે કેરોસીન ખરીદવું પડે છે.

ગ્રામીણ વિસ્તારોમાં સરકારી દરે કેરોસીન લગભગ ૬૦ થી ૬૫ રૂપિયા પ્રતિ લિટરના ભાવે ઉપલબ્ધ થશે. શહેરોમાં સત્તાવાર વિતરણના અભાવે કેટલાક વ્યવસાયીઓ અને નાના હોટેલ માલિકો બ્લેક માર્કેટમાંથી કેરોસીન ખરીદી રહ્યા હોવાના અહેવાલ છે.

રેશન દુકાનદારોને ફક્ત બે મહિના માટે કેરોસીનનો સંગ્રહ કરવા, તેનું વિતરણ કરવા અને તેના માટે જરૂરી સામગ્રીથી લઈને બધું જ ખરીદવું પડતું હોવાથી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આનાથી તેમનામાં અસંતોષનું વાતાવરણ ઉભું થયું છે. કેરોસીન સ્ટોર કરવા માટે અલગ જગ્યાની જરૂર હોવાથી દુકાનદારોને પણ સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. જોકે, મુંબઈગરાની સુવિધા માટે, મુંબઈમાં પણ કેરોસીનનું વિતરણ કરવાની જરૂર છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

सत्यमेव जयते
ગુજરાત સરકાર

વિકસિત ભારત વિકસિત ગુજરાત

GUJARAT URBAN DEVELOPMENT YEAR 2025
20 વર્ષ શહેરી વિકાસના



# માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે



**₹19,800 કરોડ થી વધુના વિકાસલક્ષી વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત**

**અતિથિ વિશેષ**

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**વિશેષ ઉપસ્થિતિ**

**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી શંકરભાઈ ચૌધરી**
માનનીય અધ્યક્ષ, વિધાનસભા, ગુજરાત

### કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પો

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના 44 પ્રકલ્પો
- કેન્દ્રના માર્ગ પરિવહન તથા રાજમાર્ગ મંત્રાલયના 6 પ્રકલ્પો
- વિદ્યુત મંત્રાલય અને રેલવે મંત્રાલયના 3-3 પ્રકલ્પો
- જળ સંપત્તિ વિભાગના 5 પ્રકલ્પો
- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC)ના 3 પ્રકલ્પો
- આરોગ્ય, પ્રવાસન તેમજ માર્ગ અને મકાન વિભાગના 2-2 પ્રકલ્પો
- પાણી પુરવઠા અને આદિજાતિ વિકાસ વિભાગના વિવિધ પ્રકલ્પો

**તારીખ: 31/3/2026 | સમય: સાંજે 04:00 વાગે | સ્થળ: નાણી, વાવ-થરાદ**

## વિકાસની ઐતિહાસિક ભેટ

**આરોગ્ય ક્ષેત્રે સુવિધાઓમાં વધારો**
1600થી વધુ દર્દીઓના પરિવારજનોને ન્યૂનતમ દરે રહેવા અને ભોજનની ઉત્તમ સગવડ મળશે

**રેલ કનેક્ટિવિટીમાં વધારો**
₹891 કરોડના રેલ પ્રકલ્પો દ્વારા 94 કિમી સુધી કનેક્ટિવિટી મજબૂત બનશે, મુસાફરી સરળ થશે અને અર્થતંત્રને વેગ મળશે

**અમદાવાદ-ધોલેરા SIR માર્ગમાં ઐતિહાસિક ગતિ**
₹5,105 કરોડના 109 કિમી એક્સપ્રેસ-વેથી મુસાફરીનો સમય આશરે 2 કલાક 15 મિનિટથી ઘટીને માત્ર 45 મિનિટ થશે. જે વેપાર, રોકાણ અને રોજગારી માટે નવી તકો સર્જાશે

**વિશ્વસનીય વીજ પુરવઠો**
₹3,645 કરોડના રોકાણ સાથે 6000 MVA + 4.5 GW ક્ષમતા અને આશરે 958 CKM ટ્રાન્સમિશન લાઈન નેટવર્કથી 30 લાખથી વધુ રહેણાંકોને અવિરત વીજ પ્રવાહ મળશે



**ટ્રાફિક સમસ્યામાં રાહત**
અડાલજના 1.02 કિ.મી. લાંબા ઓવરબ્રિજથી અન્નપૂર્ણા સર્કલ ખાતે ટ્રાફિક સમસ્યામાં રાહત, હજારો નાગરિકોનો દૈનિક પ્રવાસ વધુ સુગમ, સરળ અને સુરક્ષિત બનશે

**આદિજાતિ યુવાનોને શિક્ષણમાં નવી તકો**
628 વિદ્યાર્થીઓનો સમાવેશ ધરાવતી હોસ્ટેલ્સથી સુરક્ષિત રહેઠાણ, અભ્યાસ અને ભોજન જેવી સુવિધાઓ મળી રહેશે

**પર્યટનનો અનુભવ બનશે વધુ રોચક**
₹68 કરોડના પર્યટન પ્રકલ્પોથી મુલાકાતીઓ માટે હેરિટેજ સ્થળોની અનુભૂતિ આહલાદક બની રહેશે સ્થાનિક રોજગારીમાં વધારો થશે અને રાજ્યના સાંસ્કૃતિક વારસાને આધુનિકતાનો ઓપ મળશે

**ગ્રામીણ પરિવારોને સુરક્ષિત રહેઠાણ**
પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ 34 જિલ્લાના 38,949 આવાસોમાં ગૃહ પ્રવેશથી હજારો પરિવારોને સન્માનપૂર્ણ અને સુરક્ષિત જીવનનો આધાર મળશે

**જળ સુવિધાનું વિસ્તરણ**
110 કિમી લાંબી પાઈપલાઈનોનું નિર્માણ, 128 ગામોના 280 તળાવો નર્મદાના જળ સાથે જોડાયા, ગુજરાતના 92,000 એકર વિસ્તારને સિંચાઈનો બહોળો લાભ મળશે

**ઔદ્યોગિક વિકાસને મજબૂત આધાર**
સાણંદ-2 અને નરોડા GIDC સહિતના પ્રકલ્પોથી 2,416 હેક્ટર વિસ્તારમાં આશરે 1,150થી વધુ ઉદ્યોગોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડ્રેનેજ, રસ્તા અને પરિવહન સુવિધાનો સીધો લાભ મળશે

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS

# આજે વડા પ્રધાન ગુજરાતમાં, વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત અને લોકાપર્ણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે ૩૧ માર્ચના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેમની આ મુલાકાત દરમિયાન તેઓ વાવ-થરાદ ખાતેથી ભારત સરકાર અને ગુજરાત સરકારના મળીને કુલ ₹૧૯,૮૦૬.૯ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં ભારત સરકારના ઊર્જા, માર્ગ,પરિવહન અને હાઇવે તેમજ રેલવે મંત્રાલયના ₹૧૦,૯૨૧ કરોડના તેમજ ગુજરાત સરકારના શહેરી વિકાસ, જળ સંસાધન, પાણી પુરવઠા, માર્ગ અને મકાન, જીઆઈડીસી આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન અને આદિજાતિ વિકાસ વિભાગના ₹૮૮૮૬ કરોડના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ભારત સરકારના માર્ગ, પરિવહન અને હાઇવે મંત્રાલય હેઠળ ઇડર-બડોલી બાયપાસ ફોર લેન રોડ (₹૭૦૫ કરોડના ખર્ચે) અને ધોળાવીરા-મૌવાણા-વોવા-સાંતલપુર સેક્શનનું (₹૫૭૫ કરોડના ખર્ચે) ખાતમુહૂર્ત તેમજ અમદાવાદ-ધોલેરા પેકેજ ૧ (₹૧૨૯૮ કરોડના ખર્ચે), પેકેજ ૨ (₹૧૪૧૫ કરોડના ખર્ચે), પેકેજ ૩ (₹૧૦૩૪ કરોડના ખર્ચે) અને પેકેજ ૪નું (₹૧૩૫૮ કરોડના ખર્ચે) લોકાર્પણ કરવામાં આવશે. ભારત સરકારના રેલવે મંત્રાલયના ₹૮૯૧ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવશે, જેમાં હિંમતનગર-ખેડબ્રહ્મા બ્રોડગેજ લાઇન, ગાંધીધામ-આદિપુર વચ્ચે ક્વોડ્રપલિંગ અને રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટના ભાગરૂપે કાનાલુસ-જામનગર ડબલિંગ જેવા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ખેડબ્રહ્મા-હિંમતનગર-અસારવા ટ્રેનને ખેડબ્રહ્મા ખાતેથી લીલી ઝંડી આપવામાં આવશે. આમ, કુલ મળીને આ ભારત સરકારના આ ત્રણ મંત્રાલયો હેઠળ ₹૧૦,૯૨૧ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.

આ સાથે વડા પ્રધાન ગુજરાત સરકારના વિવિધ વિભાગો હેઠળ કુલ ₹૮૮૮૬ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં શહેરી વિકાસ વિભાગ હેઠળ સૌથી વધુ ₹૫૨૯૫.૫ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે. શહેરી વિકાસ વિભાગના આ પ્રોજેક્ટ્સમાં મુખ્યત્વે અમદાવાદ અને ગાંધીનગર ખાતેના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

શહેરી વિકાસ વિભાગ ઉપરાંત, ગુજરાત સરકારના જળ સંસાધન, પાણી પુરવઠા, માર્ગ અને મકાન, જીઆઈડીસી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન, આદિજાતિ વિકાસ તેમજ ગ્રામીણ વિકાસ વિભાગના પણ વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. વધુમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ગુજરાતના ૩૪ જિલ્લાઓમાં ૩૮,૯૪૯ આવાસોમાં નાગરિકોનો ગૃહપ્રવેશ કરાવશે, તેમ રાજ્ય સરકારની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

સૂત્રો મુજબ વડા પ્રધાન સવારે ૧૦ વાગ્યે, ગાંધીનગરમાં સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન કરશે. તેઓ આ પ્રસંગે સભાને પણ સંબોધિત કરશે. બપોરે લગભગ ૧૨:૪૫ વાગ્યે સાણંદ ખાતે કેન્સ સેમિકોન પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરશે અને જાહેર સભાને પણ સંબોધિત કરશે. ત્યારબાદ વાવ-થરાદ જશે.

# મારી પત્નીને પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરી સાથે આડાસંબંધો, બંનેએ દૂધસાગર ડેરીમાં આચર્યું મોટું કૌભાંડઃ પતિએ નોંધાવી ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં ખુદ પતિએ જ તેની પત્નીને ગુજરાતના પૂર્વ ગૃહ પ્રધાન વિપુલ ચૌધરી સાથે આડસબંધો હોવાનો અને તેમની પત્ની અંકિતા મિશ્રાએ વિપુલ ચૌધરી સાથે મળીને દૂધસાગર ડેરીમાં કૌભાંડ આચર્યું હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તે ઉપરાંત ફરિયાદીનો આરોપ છે કે તેમની પત્નીએ પિતા તરીકે તેમની ઓળખ છુપાવવા અને ભવિષ્યમાં ગેરકાનૂની રીતે દેશ છોડી ભાગી જવાના ઈરાદાથી બંને દીકરીઓના શાળાના રેકોર્ડમાં પિતાનું નામ કાઢી નાખ્યું છે. આ સાથે જ દીકરીઓની અટક મિશ્રાને બદલે ચૌહાણ કરી ખોટા દસ્તાવેજો ઊભા કરવામાં આવ્યા છે.

વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતા અભિષેક કુમાર મિશ્રાએ પોતાની પત્ની અંકિતા ચૌહાણ અને સ્કૂલના સંચાલકો વિરુદ્ધ અટલાદરા પોલીસ સ્ટેશનમાં ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીનો આરોપ છે કે તેમની પત્નીએ પિતા તરીકે તેમની ઓળખ છુપાવવા અને ભવિષ્યમાં ગેરકાનૂની રીતે દેશ છોડી ભાગી જવાના ઈરાદાથી બંને દીકરીઓના શાળાના રેકોર્ડમાં પિતાનું નામ કાઢી નાખ્યું છે. આ સાથે જ દીકરીઓની અટક મિશ્રાને બદલે ચૌહાણ કરી ખોટા દસ્તાવેજો ઊભા કરવામાં આવ્યા છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ફરિયાદી અને અંકિતા મિશ્રાનાં લગ્ન ૨૦૧૧માં થયા હતા અને હાલ તેમને સંતાનમાં બે દીકરી છે. જો કે ૨૦૧૯માં ફરિયાદીના પરિવાર સાથે દુર્વ્યવહાર કરીને અંકિતા ગુજરાતના પૂર્વ ગૃહ પ્રધાન વિપુલ ચૌધરી સાથે રહેવા જતી રહી હતી.

ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે વિપુલ ચૌધરી સાથે અંકિતા મિશ્રાને અનૈતિક સબંધો હોવાથી તેને ગુડગાવથી મહેસાણા દૂધસાગર ડેરીમાં બોલાવવામાં આવી હતી. અહીં તે માર્કેટિંગ ડિપાર્ટમેન્ટમાં ગેરીકાયદે યુવાન છોકરીઓની ભરતી કરતી હોવાનો આક્ષેપ કર્યો હતો.

ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે બંનેએ મળીને મોટું કૌભાંડ આચર્યું હતું અને ગરીબોના પૈસા પડાવી લીધાનો પણ આક્ષેપ થયો હતો. આ કૌભાંડની જાણ સરકારને થઈ ત્યારે કાર્યવાહી કરીને વિપુલ ચૌધરીની ધરપકડ કરવામાં આવેલી અને અંકિતા મિશ્રાને ડેરીમાંથી કાઢી નાખવામાં આવેલી હતી. ફરિયાદીની બંને દીકરીઓ અગાઉ મહેસાણાની સ્કૂલમાં અભ્યાસ કરતી હતી, જ્યાં તેમના પિતા તરીકે અભિષેક મિશ્રાનું નામ નોંધાયેલું હતું. જોકે, ૨૦૨૧માં વડોદરાની સ્કૂલમાં દીકરીઓ પાછળથી પિતાનું નામ કાઢી નખાયું હતું. ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે શાળા પાસે બાળકોનાં નામ કે પિતાની ઓળખ બદલવાની કોઈ કાયદેસર સત્તા ન હોવા છતાં, આર્થિક ફાયદા માટે ભ્રષ્ટાચાર કરી ખોટા કાગળો બનાવવામાં આવ્યા છે.

અદાલતના હુકમ બાદ નોંધાયેલી આ એફ.આઈ.આર.માં બી.એન.એસ.ની કલમ ૩૧૬, ૩૧૮, ૩૧૯, ૩૩૫ અને ૩૩૬ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદીએ એવો પણ દાવો કર્યો હતો કે તેમની પત્ની વિપુલ ચૌધરી સાથેના સંબંધો અને દૂધસાગર ડેરીના કથિત કૌભાંડોમાં સંડોવાયેલી હોવાથી પોલીસ અને એરપોર્ટ પર પકડાઈ ન જાય તે માટે ઓળખ બદલી રહી છે. હાલ અટલાદરા પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ અને ભુજ કોર્ટને ફરીવાર બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી, શંકાસ્પદ વસ્તુ ન મળતા હાશકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા મેઈલ મળવાનો સિલસિલો યથાવત છે. ૩૦ માર્ચ સોમવારના રોજ રાજકોટ અને ભુજ કોર્ટેને ફરીવાર બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા અફરાતફરી મચી ગઈ હતી. મળતી વિગત મુજબ, રાજકોટના ઘંટેશ્વર નજીક આવેલી નવી કોર્ટમાં બપોરે એક વાગ્યે બૉમ્બબ્લાસ્ટ થશે તેવો ધમકીભર્યો ઇમેઇલ મળ્યો હતો. મુજબ સવારે ૧૧ વાગ્યા આસપાસ રાજકોટ ડિસ્ટ્રિક્ટ કોર્ટના ઓફિશિયલ ઇ મેઇલ આઇડી પર મેઈલ મળ્યો હતો. જેમાં લખ્યું હતું કે, આજરોજ બપોરની ઇસ્લામી નમાઝ પહેલા તમારી કોર્ટ બિલ્ડિંગ ખાલી કરી દેજો કારણ કે તમારી કોર્ટ બિલ્ડિંગમાં બૉમ્બ વિસ્ફોટ થશે. ૧ વાગ્યા સુધીમાં કોર્ટ બિલ્ડિંગ ખાલી કરી દેવાની ધમકી મળતાની સાથે જ આ સમાચાર વાયુવેગે ફેલાતા વકીલો, અસીલો અને કોર્ટ સ્ટાફમાં ફફડાટ વ્યાપી ગયો હતો. જો કે, રાજકોટ શહેર એસઓજી, બૉમ્બ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ, અને યુનિવર્સિટી પોલીસ સ્ટાફ તપાસમાં જોડાયો હતો. પોલીસ દ્વારા કોર્ટના ખૂણેખૂણાની તપાસ હાથ ધરવામાં આવી હતી.

ભારે જહેમત બાદ પણ કોઈ બોમ્બ વિસ્ફોટ ન થતા અને તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ ચીજવસ્તુ ન મળતા સુરક્ષા એજન્સીઓ સહિત તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. સાયબર ક્રાઇમની ટીમો દ્વારા ઇમેઇલ આઇડીની તપાસ શરૂ કરવામાં આવી છે. અગાઉ પણ ૧૭ ફેબ્રુઆરીના રોજ ધમકીભર્યો ઇમેઇલ મળ્યો હતો.

આ જ પ્રકારે કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજમાં આવેલી કોર્ટને પણ અજાણ્યા શખ્સો દ્વારા બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર વહીવટી તંત્ર અને પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ હતી. કોર્ટના ચાલુ કામકાજ દરમિયાન ભુજ કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા તાત્કાલિક અસરથી પોલીસને જાણ કરવામાં આવી હતી. ધમકીના પગલે સ્થાનિક પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. સુરક્ષાના કારણોસર સમગ્ર કોર્ટ પરિસરને ખાલી કરાવવામાં આવ્યું હતું, જેના લીધે વકીલો, કોર્ટના કર્મચારીઓ અને પોતાના કામ માટે આવેલા સેંકડો પક્ષકારોમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસ દ્વારા સમગ્ર કોર્ટ બિલ્ડિંગ અને આસપાસના વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું તેમ છતાં કોઈ વાંધાજનક વસ્તુ મળી ન હતી. વારંવાર મળતી આવી ધમકીઓને પગલે કોર્ટ પરિસરમાં કાયમી ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવાની માંગ પણ ઊઠી રહી છે.

# ભાજપે ઉમરેઠની પેટાચૂંટણીમાં ગોવિંદ પરમારના પુત્ર હર્ષદને ટિકિટ આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉમરેઠની પેટાચૂંટણીમાં ભાજપે દિવંગત ગોવિંદભાઈ પરમારના પુત્રને ઉમેદવાર જાહેર કર્યા હતા. ૨૩ એપ્રિલે ઉમરેઠ વિધાનસભાની પેટાચૂંટણી યોજાશે. ગુજરાત ભાજપે ઉમરેઠ વિધાનસભાની પેટાચૂંટણી માટે પૂર્વ પ્રધાન પ્રદીપસિંહ જાડેજાની નિરીક્ષક (ગાર્ડિયન) તરીકે અને હસમુખ પટેલ (આણંદ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ)ની ઇન્ચાર્જ તરીકે નિમણૂક કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ઉમરેઠ પેટાચૂંટણી માટે જાહેરનામું પ્રસિદ્ધ થયું હતું. ઉમેરઠ વિધાનસભા સીટની પેટાચૂંટણી માટે તા. ૬ એપ્રિલ સુધીમાં ઉમેદવારીપત્રક ભરી શકાશે. ૭ એપ્રિલે ઉમેદવારીપત્રકોની ચકાસણી થશે. ૯ એપ્રિલે સુધીમાં ઉમેદવારીપત્ર પરત ખેંચી શકાશે. ૨૩ એપ્રિલે મતદાન યોજાશે અને ૪થી મેના રોજ પરિણામની જાહેરાત કરવામાં આવશે.

ઉમરેઠ પેટાચૂંટણીમાં ૨.૪૨ લાખથી વધુ મતદારો ચૂંટણીમાં ભાગ લેશે. ઉમરેઠ વિધાનસભા પેટાચૂંટણી માટે ચૂંટણી અધિકારી તરીકે જિલ્લા પુરવઠા અધિકારી જે.એસ. પટેલની નિમણૂક કરાઈ છે અને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે ઉમરેઠના મામલતદાર એન.પી.પારેખ અને આણંદ ગ્રામ્ય મામલતદાર વી.કે.ગોહિલની મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત ૧૯ નોડલ અધિકારીઓ પણ નિમાયા છે.

ઉલ્લેખનીય છે કે, ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીમાં ઉમરેઠ અને આણંદ મળીને કુલ બે તાલુકાની કુલ ૪૯ ગ્રામ પંચાયત અને ત્રણ નગરપાલિકાનો સમાવેશ થાય છે.

# કડીમાં યુવક પર જીવલેણ હુમલો, પોલીસની નિષ્ક્રિયતા મુદ્દે ક્ષત્રિય સમાજની મહેસાણામાં રેલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના કડીમાં ક્ષત્રીય સમાજના યુવક પર કેટલાક અસામાજિક તત્ત્વોએ જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલો એટલો ભયાનક હતો કે યુવાનના શરીરમાં ૪૦ જેટલા ફ્રેક્ચર થયાં હતાં. જો કે તે ઘટનાના ૨૫ દિવસ વીતવા છતાં મહેસાણા પોલીસ દ્વારા તપાસ યોગ્ય દિશામાં કરવામાં આવી રહી નથી. રાજકીય દબાણ હેઠળ ગુનેગારોને બચાવવામાં આવતા હોવાના ગંભીર આક્ષેપો સમાજના અગ્રણીઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

જો કે યુવાન પર થયેલા હિંચકારા અને અમાનવીય હુમલાના વિરોધમાં સમગ્ર ક્ષત્રિય સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ૩૦ માર્ચે મહેસાણા ખાતે ક્ષત્રિય સમાજના આગેવાનો દ્વારા એક વિશાળ રેલી યોજવામાં આવી હતી. આ રેલી બાદ મહેસાણા જિલ્લા કલેક્ટર અને ડીએસપીને આવેદનપત્ર પાઠવીને ન્યાયિક તપાસની માગ કરવામાં આવી હતી.

ક્ષત્રિય સમાજે માગ કરી હતી કે, આ કેસમાં કલમ ૩૦૭ મુજબ ગુનો નોંધવામાં આવે અને કોઈ પણ રાજકીય વગ ધરાવતા શખ્સના દબાણમાં આવ્યા વગર સાચા ગુનેગારોની ધરપકડ કરવામાં આવે. જો આગામી દિવસોમાં પોલીસ દ્વારા સંતોષકારક કામગીરી કરવામાં નહીં આવે, તો સમાજ દ્વારા આંદોલન વધુ તેજ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

# કેનાલમાં કરુણાંતિકાઃ ગાંધીનગર પાસે નર્મદામાં ચાર યુવાન ડૂબ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર જિલ્લા પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં માત્ર ૨૪ કલાકમાં ચાર યુવાન ડૂબી ગયાની ઘટના ઘટી હતી. બન્ને અલગ અલગ ઘટનામાં મૃતકો પિતરાઈ અને સગા ભાઈ થતા હોવાનું જાણવા મળ્યું હતું. જોકે આ લખાય છે ત્યાં સુધી બે યુવાનના મૃતદેહ મળ્યા હોવાનું અને અન્ય બેની શોધખોળ ચાલુ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ધોલેરાના વતની અને અમદાવાદમાં રહેતા સુનીલ આંબલીયા અને રોશન આંબલીયા પિતરાઈ ભાઈ હતા. વલાદ પાસે તેઓ ઊભા રહ્યા હતા અને કેનાલમાં હાથપગ ધોવા ગયા હતા, પરંતુ એક ભાઈનો પગ લપસતા તે તણાઈ ગયો હતો, તેને બચાવવા જતા બીજો ભાઈ પણ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ફાયર બ્રિગેડની ટીમ દોડી આવી હતી. તેમના દ્વારા સુનીલનો મૃતદેહ બહાર લવાયો હતો, પરંતુ રોશન હજુ લાપતા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અન્ય એક ઘટનામાં અમદાવાદના નરોડામાં રહેતા બે સગા ભાઈ દહેગામ નરોડા હાઈવે પર રાયપુર નજીક આવેલી કેનાલમાં પડીને મૃત્યુ પામ્યા હતા. અહીં રહેતા નિખિલ અને નિરજ જયંતીભાઈ વાઘેલા કોઈ કારણોસર પરિવારથી રિસાઈને ઘરેથી નીકળા હતા. અહીં કેનાલ પાસે આવ્યા બાદ નિખિલે કેનાલમાં ઝંપલાવ્યું હતું, જેને બચાવવા જતા નિરજ પણ કેનાલમાં કૂદી પડ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમે નિખલના મૃતદેહને શોધી કાઢ્યો હતો, પરંતુ નિરજ હજુ પણ લાપત્તા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આમ બન્ને પરિવારને યુવાન દીકરા ગુમાવતો વાતાવરણ ગમગીન બની ગયું હતું.

### સુરત સ્વિમિંગ પુલની આશ્ચર્ય પમાડે તેવી ઘટના

# ઘણાં લોકો હોવા છતાં યુવાન વલખાં મારી ડૂબી ગયો ને કોઈનું ધ્યાન ન ગયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાપીમાં નેશનલ હાઈ-વે પર એક વ્યક્તિનાં મોત બાદ ૨૦ મિનિટ સુધી કોઈ મદદે ન આવ્યા હોવાના કિસ્સા બાદ સુરત શહેરમાં એક નવાઈ પમાડે તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીંના સ્વિમિંગ પુલમાં એક ૨૨ વર્ષીય યુવાન ડૂબીને મૃત્યુ પામ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. આશ્ચર્યની વાત એ છે કે યુવાને ડૂબતા પહેલા બે મિનિટ સુધી વલખા માર્યા હતા અને આસપાસમાં ઘણા લોકો પણ હતા, પરંતુ કોઈનું ધ્યાન ગયું નહીં. આ ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ હતી.

અહીંના અક્ષય રિસોર્ટમાં સ્વિમિંગ પુલમાં ૨૩મી માર્ચે પાંડેસરાનો રહેવાસી પુરુષોત્તમ અશોકભાઈ ચૌધરી નામનો યુવાન બપોરે બે વાગ્યે ન્હાવા પડ્યો હતો. તે સમયે પુલમાં અને આસપાસ લગભગ ૨૦ કરતા વધારે લોકો હાજર હતા. ઘણા પુલમાં જ સ્વિમિંગ કરતા હતા, ધૂબાકા મારતા હતા.

આ યુવાન પુલમાં પડ્યા બાદ ડૂબવા વાગ્યો અને બહાર આવવા વલખા મારવા લાગ્યો હતો, જે સીસીટીવીમાં જોઈ શકાય છે. લગભગ બે મિનિટ સુધી તે હાથ ઉપર કરી સ્થિર રહેવાની અને મદદની મેળવવાની કોશિશ કરતો રહ્યો. તે સમયે તેની આસપાસના લોકોમાંથી કોઈનું આ યુવાન તરફ ધ્યાન ગયું નહીં. ત્યારબાદ તે પુલમાં ડૂબી ગયો અને બેભાન થઈ ગયો હતો. તેને ઓલપાડ સરકારી હૉસ્પિટલ લઈ જવાયો હતો જ્યાં ડોક્ટરોની ટીમે તેને મૃત જાહેર કર્યો હતો.

આ ઘટનાએ સૌ કોઈને આશ્ચર્યમાં મૂક્યા છે. આસપાસના લોકો તેની મદદ માટેના ઈશારાને સમજી શકયા નહીં, કે કોઈનું ધ્યાન ગયું નહીં તે ચર્ચાનો વિષય બન્યો છે. આ સાથે સ્વિમિંગ પુલમાં સુરક્ષાની વ્યવસ્થા લઈને સવાલો ઊભા થયા છે.

# સાસણ ગીરમાં સાવજને જોવા હવે ગ્લાસ રૂફ વિસ્ટાડોમ કોચ દોડાવશે રેલવે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાસણ ગીરમાં સાવજ જોવા માટે દર વર્ષે લાખો સહેલાણીઓ આવે છે. હવે આ સહેલાણીઓને વધુ એક સુવિધા મળે, તેવો નિર્ણય રેલવે વિભાગે લીધો હતો.

રેલવે વિભાગે સાસણગીર અને તેની આસપાસ દોડતી મીટરગેજ ટ્રેનોમાં ખાસ ગ્લાસ રૂફવાળા વિસ્ટાડોમ કોચ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. ભાવનગર ડિવિઝન હાલની સેવાઓમાં આવા બે કોચ ઉમેરશે, જે સાસણ ગીરથી કાસિયા નેસ સુધીના રૂટ પર પ્રવાસીઓને વધુ સારો અનુભવ કરાવશે.

આ કોચમાં સંપૂર્ણપણે કાચની પેનલ અને ૩૬૦-ડિગ્રી રિવોલ્વિંગ સિટ હશે, જેનાથી મુસાફરો ગીર જંગલના મનોહર દ્દશ્યોનો આનંદ માણી શકશે. હાલમાં રાજસ્થાનના બિકાનેરમાં આ કોચમાં ફેરફાર કરી બનાવવામાં આવી રહ્યા છે અને આગામી ત્રણેક મહિનામાં તલાળાથી પસાર થતી ટ્રેનોમાં તેને ફીક્સ કરવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

ગીર રાષ્ટ્રીય ઉદ્યાનના પ્રવેશદ્વાર તરીકે જાણીતું સાસણગીર વર્ષે લગભગ આઠ લાખ પર્યટકોને આકર્ષે છે. આ પ્રદેશમાંથી પસાર થતી મીટરગેજ રેલવે લાઇન, ખાસ કરીને તલાલા અને સાસણ ગીર વચ્ચે અને પછી કાસિયા નેસ સુધી, આરક્ષિત વન વિસ્તારોમાંથી પસાર થાય છે. આ એક અનોખો અનુભવ હોય છે. આ રૂટ પર ટ્રેનો ૩૦ કિમી પ્રતિ કલાક દોડે છે. જેથી વન્યજીવો અને મુસાફરોની સલામતી રહે અને જંગલ અને સિંહને જોવાની મજા પર્યટકો માણી શકે.

નવા કોચ અંગેની ચર્ચા સાસણ ગીર ખાતે વરિષ્ઠ રેલવે અધિકારીઓ, વન વિભાગ અને હોટેલ ઉદ્યોગના સભ્યોની બેઠક દરમિયાન થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ દરમિયાન, કેન્દ્ર સરકારે તાલાલા-સાસણ-વિસાવદર-જૂનાગઢ સુધીના મીટરગેજ રૂટને હેરિટેજ રેલવે ટ્રેક તરીકે જાહેર કરવા માટે એક સર્વે પણ હાથ ધર્યો હોવાની માહિતી પણ મળી હતી.

# ગુજરાત ટૂરિઝમમાં અમદાવાદનો દબદબોઃ એક જ વર્ષમાં ૨.૭૬ કરોડ પ્રવાસીઓ ઊમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત દેશ-વિદેશના પ્રવાસીઓને સતત આકર્ષી રહ્યું છે. કેન્દ્રીય પ્રવાસન પ્રધાન જી. કિશન રેડ્ડી દ્વારા લોકસભામાં સાંસદ મનસુખ વસાવા દ્વારા પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવવામાં આવ્યું હતું કે ગુજરાત પ્રવાસન ક્ષેત્રે દેશમાં અગ્રેસર રાજ્ય તરીકે ઊભરી આવ્યું છે. 'ભારત પ્રવાસન કમ્પેન્ડિયમ ૨૦૨૫' ના આંકડા મુજબ ગુજરાત ઘરેલું પ્રવાસીઓની સંખ્યામાં દેશમાં આઠમા ક્રમે અને વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે છે. વર્ષ ૨૦૨૪ ના વૈશ્વિક પ્રવાસ અને પ્રવાસન વિકાસ સૂચકાંકમાં ભારત ૩૯મા સ્થાને છે અને સાર્ક દેશોમાં પ્રથમ સ્થાને છે, જેમાં ગુજરાતનું યોગદાન અત્યંત નોંધપાત્ર રહ્યું છે.

સંસદમાં રજૂ કરવામાં આવેલા વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૫ ના પ્રવાસીઓના આંકડાકીય વિશ્લેષણ મુજબ, અમદાવાદ શહેર રાજ્યનું સૌથી મોટું પ્રવાસન હબ બની ગયું છે, જ્યાં વર્ષ ૨૦૨૫ માં અંદાજે ૨.૬૮ કરોડ ઘરેલું અને ૭.૫૭ લાખ વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા. યાત્રાધામોમાં બનાસકાંઠાનું અંબાજી મંદિર અને દેવભૂમિ દ્વારકાનું દ્વારકાધીશ મંદિર પ્રવાસીઓની પ્રથમ પસંદગી રહ્યા છે. દ્વારકામાં વર્ષ ૨૦૨૫ માં ૧.૪૧ કરોડથી વધુ અને અંબાજીમાં ૧.૮૦ કરોડથી વધુ ઘરેલું પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત, સ્ટેચ્યૂ ઓફ યુનિટી (એકતા નગર) ખાતે પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો જોવા મળ્યો છે, જે વર્ષ ૨૦૨૫માં વધીને ૬૮ લાખથી વધુ થઈ ગઈ છે.

ગુજરાતના ટોચના ૧૦ પ્રવાસન સ્થળોની યાદીમાં સોમનાથ મંદિર, ડાકોરનું રણછોડરાયજી મંદિર, પાવાગઢ અને સુરત શહેરનો પણ સમાવેશ થાય છે. ખાસ કરીને ડાકોરમાં પ્રવાસીઓની સંખ્યામાં વર્ષ ૨૦૨૪ ની સરખામણીએ ૨૦૨૫ માં મોટો ઉછાળો જોવા મળ્યો છે. આ આંકડાઓ સાબિત કરે છે કે ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત, ઐતિહાસિક સ્થળો અને વૈવિધ્યસભર ભૌગોલિક પરિસ્થિતિ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહી છે, જે રાજ્યના આર્થિક વિકાસમાં પણ મહત્ત્વનો ફાળો આપી રહી છે.

ગુજરાતમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે સરકાર દ્વારા એકીકૃત અભિગમ અપનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, ગુજરાત સરકાર દ્વારા ઓછા જાણીતા પ્રવાસન સ્થળોને પ્રોત્સાહન આપવા અને પ્રવાસીઓના અનુભવને બહેતર બનાવવા માટે ડિજિટલ પ્લેટફોર્મનો વ્યાપક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તેમ સરકારે જણાવ્યું હતું.

# રાજકોટમાં પખવાડિયા પહેલા કામે ચડેલા નેપાળી પરિવારના બે બાળક સ્વિમિંગ પૂલમાં ડૂબી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હાઈરાઈઝ બિલ્ડિંગમાં જોવા મળતા સ્વિમિંગ પુલની સુરક્ષા સામે સવાલો ઊભા કરી દેતો કિસ્સો રાજકોટમાં બન્યો હતો. અહીં કામ કરતા નેપાળી પરિવારના બે બાળક સ્વિમિંગ પુલમાં ડૂબી મૃત્યુ પામ્યાં હતાં.

ઘટનાની મળતી વિગતો અનુસાર રાજકોટમાં આવેલા સોપાન હાઈટ્સ બિલ્ડિંગમાં બપોરના અઢી વાગ્યા આસપાસ બે બાળકો સ્વિમિંગ પુલ પાસે રમી રહ્યાં હતાં. અહીં પુખ્ત વયના લોકો માટે બનેલા સ્વિમિંગ પુલમાં બહેન પહેલા ઉતરી હતી. બહેનને અંદર જતી જોઈ તેને પકડવા કે બચાવવા ભાઈ પણ અંદર ઉતર્યો હતો. કમનસીબે બન્ને બાળક સ્વિમિંગ પુલમાં ડૂબી ગયાં હતાં. બન્ને બાળક સાત અને પાંચ વર્ષના હોવાનું જાણવા મળ્યું હતું. મૂળ નેપાળી પરિવાર અહીં સફાઈ સહિતના કામકાજ માટે માત્ર ૧૪ દિવસ પહેલા જ આવ્યો હતો, પરંતુ પોતાના બન્ને સંતાન ગુમાવતા શોકમાં સરી પડ્યો હતો.

બંને બાળકોને ૧૦૮ મારફતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે યુનિવર્સિટી પોલીસને પણ જાણ કરવામાં આવી હતી.

# અમદાવાદ સિવિલ હૉસ્પિટલના ડોક્ટર સાથે ૭૦ લાખની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર સિવિલ હોસ્પિટલ ખાતે પ્લાસ્ટિક સર્જરી વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડોક્ટર સાથે ૭૦.૬૫ લાખની ઠગાઈ થતા ફરિયાદ નોંધાઈ હતી. સાયબર ગઠિયાઓએ તબીબને ફોરેક્ષ ટ્રેડિંગમાં રોકાણ કરવાનું કહીને વધુ વળતરની લાલચ આપી હતી. તબીબે માત્ર ૩૬ દિવસમાં ૭૦.૬૫ લાખનું રોકાણ કર્યું હતું. જેમાંથી ગઠિયાઓએ ફક્ત ૧.૧૨ લાખ રૂપિયા પરત આપ્યા હતા, બાકીના ૬૯.૫૩ લાખ પરત ન આપતા ડૉક્ટરે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

મળતી માહિતી મુજબ, મૂળ રાજસ્થાનના અને સિવિલ હૉસ્પિટલમાં ફરજ બજાવતા ૩૯ વર્ષીય ડૉક્ટરે ટેલીગ્રામ મારફતે ટ્રેડિંગ માટેની લિંક ઓપન કરી હતી. આ લિંકમાં આધારકાર્ડ, પાનકાર્ડ સહિતની વિગતોથી રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ડોક્ટરને ટેલીગ્રામ મારફતે અજાણી વ્યક્તિએ અલગ અલગ લિંક પણ મોકલી હતી. આ લિંક પણ ઓપન કરીને ડોક્ટરને સંજના નામની યુવતીએ રોકાણ કરવાનું કહેતા ડોક્ટરે રોકાણ કરવાનું શરૂ કર્યું હતું. ડોક્ટરને રોકાણનો નફો પણ વેબસાઈટમાં બતાવતા હતા.

તબીબે ૨૭ જૂનથી ૧૬ જુલાઈ સુધી ૧૭.૬૫ લાખ અને ૧૭ જુલાઈથી ૧ ઓગસ્ટ સુધી ૫૩ લાખનું રોકાણ કર્યું હતું. ૭૦.૬૫ લાખના રોકાણની સામે ૨.૩૫ લાખ ડૉલર નફો બતાવતા હતાં. આ દરમિયાન ડોક્ટરે ૨૭૨૮૫ રૂપિયા અને ૮૫૦૦૦ રૂપિયા ઉપાડ્યા હતા જે બાદ વધુ રકમ ઉપાડવા જતા ટેક્ષ ભરવા જણાવ્યું હતું. જેથી ડોક્ટર સાથે ઠગાઈ થઈ હોવાની જાણ થઈ હતી. ડોક્ટરે સમગ્ર મામલે સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સાયબર ગઠિયાઓને ઝબ્બે કરવા કાર્યવાહી શરૂ કરી છે.



મુંબઈ સમાચાર
આયોજિત
માતૃભાષા ભાગવત સપ્તાહ
૨ એપ્રિલથી ૮ એપ્રિલ
મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય
અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકાશારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ
વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી–અમદાવાદ)
શ્રી વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીનું
રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજસાહેબનું
માર્ગદર્શન
પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી
સનાતન નગરી:
સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ, (ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)
ભાગવત કથા:
બપોરે ૩.૩૦થી ૬.૩૦
પ્રસાદ:
સાંજે ૬.૩૦ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી
માતૃભાષા મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમો:
રાત્રે ૭.૩૦થી ૧૦.૦૦
Supported by:
adani
દરરોજના કાર્યક્રમ
૨ માર્ચ
માતૃભાષા માનવંદના:
મરાઠી સંગીત સંધ્યા
સંજીવની ભેલાંડે
પલ્લવી કેળકર
નચિકેત દેસાઈ
દીપ્તિ ભાગવત
હેમંત બર્વે
અને અજિત પરબ
3 માર્ચ
પદ્મશ્રી કૈલાસ ખેરનો ‘કૈલાસા’ કોન્સર્ટ અને કૈલાસા લાઈવ
૪ માર્ચ
ગીતા રબારીનો સંગીત જલસો
૭ માર્ચ
કીર્તિદાન ગઢવીનો ડાયરો
SKYLINE
INFRA FORGE
શ્રી સૌરભ મહેતા
(મુખ્ય મનોરથી)
૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર ‘મુંબઈ સમાચાર’ની અલૌકિક-અદ્‌ભુત પહેલ
તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા
gandhar Group of Companies
શ્રી રમેશભાઈ પારેખ
(સહ મનોરથી)
પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા
૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા
શ્રીમદ્ ભાગવત કથા- ઉત્સવ સેવા યાદી
વામન અવતાર ઝાંખી:
શ્રીમતી ભદ્રાબેન વિનોદરાય ચિતલિયા
વિરલ ચિતલિયા – મિલન ચિતલિયા
નરસિંહ અવતાર ઝાંખી:
સ્વ. રિતેશ નલિનભાઈ રુઘાણી
શ્રીમતી રાધિકા રિતેશ રુઘાણી
કૃષ્ણ જન્મ ઝાંખી:
શ્રીમતી કોકિલા નવીનચંદ્ર દલાલ
હસ્તે જાગૃતિ સમીક નવીનચંદ્ર દલાલ
રુક્મિણી વિવાહ ઝાંખી:
શીતલ બિરેન સંઘવી
૮૪ બેઠકજી દર્શન ઝાંખી:
માતૃશ્રી કલાવતી ધરણીધર ગાંધી પરિવાર (મહુવાવાળા) શ્રીમતી તૃપ્તિ ધર્મેશ ગાંધી
ઉત્સવ અને ઝાંખીની વધુ વિગતો માટે સંપર્ક : નીતાબહેન પારેખ
9833106379
જીવંત પ્રસારણ
મુંબઈ સમાચાર
YouTube
ગુજરાતી
धर्म संदेश
आस्था
आस्था भजन
वसुधैव कुटुंबकम्
॥ Sandipani ॥
DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:
આયોજક : મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન
★ શ્રી નીલેશ દવે
★ શ્રી પરાગ શાહ
★ શ્રી જિજ્ઞેશ ભુતા
★ શ્રી નિરવ મહેતા
★ શ્રી સંતોષ સિંહ
★ શ્રી જસ્મીન શાહ
★ શ્રી જિજ્ઞેશ હિરાણી
★ શ્રી મુકેશ પટેલ
★ શ્રી જિતેન્દ્ર મહેતા
★ શ્રી શોભિત દેસાઈ
★ શ્રી રાજુ સાવલા
★ શ્રી જગદીશ ઓઝા
★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ)
★ શ્રી અરવિંદ શાહ
★ શ્રી ભાર્ગવ પટેલ
★ શ્રી દુષ્યંત સોની (દુબઈ)
વિશેષ આભાર:
★ શ્રી સંજય ઉપાધ્યાય
★ શ્રી અસીત કુમાર મોદી
★ શ્રી જે. ડી. મજેઠિયા
★ શ્રી સંજય છેલ
★ શ્રી મુકેશ મહેતા
★ શ્રી ભૂપેન્દ્ર મહેતા
★ શ્રી વિપુલ પારેખ
★ શ્રી વિરલ ચિતલિયા
★ શ્રીમતી માધવી ભુતા
AJMERA BUILT ON TRUST
MICL LIVE BETTER
Showglitz Events & Entertainment Private Limited
HEM AGARBATTI
MUNJAL
hitech events & exhibition
मा तुमाया वंदना
ARVINDBHAI KHATRI SONS
BRIGHT OUTDOOR MEDIA LIMITED
Neela Film Productions
NATUREPURE Wellness Pvt. Ltd.
WellPure | Keshasvi
APAR ADVERTISERS PRIVATE LIMITED
NEELKANTH Building Trust Since 1938
Velji Harkha Patel & Sons.
SURBHI GROUP Redefining Urban Lifestyle
Contact - +91 98218 85998/
SILVER BUILDING LANDMARKS SINCE 1986

# કેમરૂન ગ્રીન બૉલિંગ શું કામ નથી કરી રહ્યો એ કેકેઆર જાણે છે

## અજિંક્ય રહાણેની કમેન્ટ પર ક્રિકેટ ઑસ્ટ્રેલિયાનો જવાબ



સિડનીઃ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ સોમવારે જણાવ્યું હતું કે કોલકાતા નાઈટ રાઈડર્સ મેનેજમેન્ટને ઓલરાઉન્ડર કેમરૂન ગ્રીનની ઈજાની જાણકારી છે. નોંધનીય છે કે કોલકાતાના કેપ્ટન અજિંક્ય રહાણેએ મુંબઈ ઈન્ડિયન્સ સામે આઈપીએલની પહેલી મેચ પછી કહ્યું હતું કે ફક્ત યજમાન ક્રિકેટ બોર્ડને જ જાણકારી છે કે ગ્રીન બોલિંગ કેમ કરી રહ્યો નથી. ગ્રીનની બોલિંગ ન કરવા અંગેના પ્રશ્નોના જવાબમાં રહાણેએ કહ્યું હતું કે, ક્રિકેટ ઓસ્ટ્રેલિયાને પૂછો.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના પ્રવક્તાએ કહ્યું હતું કે, કેમરૂનને પીઠમાં ઈજા થઈ હતી જેના કારણે તે થોડા સમય માટે બોલિંગ કરી શકશે નહીં. તે ૧૦-૧૨ દિવસ પછી બોલિંગ કરી શકશે અને કેકેઆરને આ વાતથી સંપૂર્ણ જાણકારી છે.‘‘ નોંધનીય છે કે ગ્રીને સપ્ટેમ્બર ૨૦૨૪થી ઓક્ટોબર ૨૦૨૫ સુધી બોલિંગ કરી ન હતી. તેણે છેલ્લે ૨૦ ફેબ્રુઆરીએ ઓમાન સામેની ટી-૨૦ વર્લ્ડ કપ મેચમાં બોલિંગ કરી હતી. તે આખા વર્લ્ડ કપમાં ફક્ત ૧૯ બોલ ફેંકી શક્યો હતો. નોંધનીય છે કે કોલકાતાની ટીમે ગ્રીનને ૨૫.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો અને તે સૌથી મોંઘો વિદેશી ખેલાડી બન્યો હતો.

ઉલ્લેખનીય છે કે ટીમ તેના ઝડપી બોલરો મથીશા પથિરાના, હર્ષિત રાણા, આકાશદીપ વિના રમી રહી છે. હર્ષિત અને આકાશ દીપ ઈજાના કારણે સીઝનમાંથી બહાર થઈ ગયા છે. પથિરાના સ્વસ્થ થઈ રહ્યો છે અને હજુ સુધી ટીમમાં જોડાયો નથી.

ટીમને વૈભવ અરોરા અને બ્લેસિંગ મુઝરબાની પર આધાર રાખવાની ફરજ પડી હતી. જ્યારે અનકેપ્ડ કાર્તિક ત્યાગીનો ઇમ્પેક્ટ સબ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. સ્પિનર વરુણ ચક્રવર્તી પણ સારું પ્રદર્શન કરી શક્યો નહીં અને ૧૨ રન પ્રતિ ઓવરમાં આપ્યા હતા. આ મેચ મુંબઈએ છ વિકેટથી જીતી લીધી હતી. ■

# સૂર્યવંશીનો સુપર શો ને થાલા વિનાની સીએસકેનો ફ્લોપ શો

ગુવાહાટીઃ આઈપીએલની અહીં રમાયેલી રાજસ્થાન રોયલ્સ (આરઆર) અને ચેન્નઈ સુપરકિંગ્સ (સીએસકે) વચ્ચેની મેચમાં એમ.એસ. ધોની થાલા સિવાયની ચેન્નઈની ટીમ ન બેટિંગમાં કશું ઉકાળી શકી કે ન કોઈ સ્પાર્ક બોલિંગ-ફીલ્ડિંગમાં દેખાડી શકી. ટીનએજ સેન્સેશન વૈભવ સૂર્યવંશી(૧૭ બોલમાં બાવન રન)એ માત્ર ૧૫ બોલમાં હાફ સેન્ચુરી ફટકારીને ચેન્નઈએ આપેલા ૧૨૮ રનના લક્ષ્યને પાર કરવામાં પોતાની ટીમને મદદ કરી હતી. આરઆરએ ફક્ત ૧૨.૧ ઓવરમાં બે વિકેટનો વિજયી ટાર્ગેટ સિદ્ધ કર્યું હતું.

આઈપીએલ ૨૦૨૬ની ત્રીજી મેચમાં રાજસ્થાન રોયલ્સ (આરઆર) સામે ઇન્જર્ડ ધોની વિના મેદાનમાં ઊતરેલી ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની ટીમ પ્રથમ બેટિંગ કરતા ૧૯.૪ ઓવરમાં ૧૨૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. સંજૂ સેમસન, સરફરાઝ ખાન, ઋતુરાજ ગાયકવાડ અને શિવમ દુબે ફ્લોપ રહ્યા હતા. ટીમ માટે જેમી ઓવરટને સૌથી વધુ ૩૬ બોલમાં ૪૩ રન કર્યા હતા.

આ અગાઉ પ્રથમ બેટિંગ કરતા ચેન્નઈએ સંજૂ સેમસન અને ઋતુરાજ ગાયકવાડ સાથે ઇનિંગની શરૂઆત કરી હતી. નાંદ્રે બર્ગર બીજી ઓવરમાં સંજૂને બોલ્ડ કર્યો હતો તે ફક્ત છ રન કરી શક્યો હતો. ગાયકવાડે પણ છ રન કર્યા હતા. ત્યારબાદ બર્ગરે ચોથી ઓવરના પહેલા બોલે આયુષ મ્હાત્રેને આઉટ કર્યો. તે શૂન્ય પર આઉટ થયો હતો. ચેન્નઈને મેથ્યૂ શોર્ટ પાસેથી ઘણી આશાઓ હતી, પરંતુ તે પણ છઠ્ઠી ઓવરમાં માત્ર બે રન કરીને આઉટ થયો હતો.

ત્યારબાદ સરફરાઝ ખાને ઇનિંગને સ્થિર કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ જાડેજાએ તેની પહેલી જ ઓવરમાં તેને આઉટ કર્યો. સરફરાઝે ૧૭ રન કર્યા હતા. ત્યારબાદ જાડેજાએ તે જ ઓવરમાં શિવમ દુબેને આઉટ કર્યો. શિવમ દુબેએ ૬ રન કર્યા હતા. કાર્તિક શર્માએ ૧૮ રન કર્યા હતા. ચેન્નઈ તરફથી આર્ચર, બર્ગર અને જાડેજાએ બે-બે વિકેટ ઝડપી હતી. સંદીપ શર્મા, બ્રિજેશ શર્મા અને રવિ બિશ્નોઈને એક-એક વિકેટ મળી હતી. ■

# ‘રોહિત 2.0 ભલભલાને ભારે પડવાનો’



મુંબઈઃ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અનિલ કુંબલેએ આ સીઝનની આઈપીએલની પ્રથમ મેચમાં રોહિત શર્માના પ્રદર્શનની ખૂબ પ્રશંસા કરી હતી અને કુંબલેનું માનવું છે કે રોહિત શર્માનો ‘2.0 અવતાર’ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન વિરોધી ટીમો માટે ચિંતાનો વિષય રહેશે.

૩૮ વર્ષીય રોહિતે ૩૮ બોલમાં ૭૮ રન કર્યા હતા. જેની મદદથી રવિવારે આઈપીએલની શરૂઆતની મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે કોલકાતા નાઈટ રાઈડર્સને છ વિકેટથી હરાવ્યું હતું. કુંબલેએ કહ્યું હતું કે એવું લાગે છે કે રોહિત શર્મા પોતાના 2.0 અવતારમાં પાછો ફર્યો છે. તેની ઇનિંગ્સે સાબિત કર્યું કે તે ફરીથી પ્રભુત્વ મેળવવા માટે તૈયાર છે. તે જે રીતે બેટિંગ કરી રહ્યો હતો તેનાથી મને તેની કારકિર્દીના ટોચના દિવસોની યાદ આવી ગઈ. તેણે કહ્યું હતું કે , વરુણ ચક્રવર્તી, સુનીલ નારાયણ અને બ્લેસિંગ મુઝરબાની જેવા બોલરો સામે સિક્સ ફટકારવી સરળ નથી પરંતુ તેણે તેને સરળ બનાવી દીધું હતું.

તેણે પોતાની ફિટનેસ પર સખત મહેનત કરી છે અને બ્રેક બાદ વાપસી પછી લય અને ટાઈમિંગ મેળવવામાં પાંચથી સાત દિવસ લાગે છે. તે એક શાનદાર ઇનિંગ્સ હતી. આ ઇનિંગે સાબિત કર્યું કે રોહિતનું આ વર્ઝન બાકીની આઈપીએલ ટીમો માટે ચિંતાનું કારણ બનશે. ■

# હવે કૂદાકૂદ બંધ કરી મુંબઈ માટે જ રમજે : શાર્દુલને હાર્દિકે સલાહ આપેલી

મુંબઈ : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૬માં આઈપીએલના ઇતિહાસમાં પોતાના સૌથી મોટા સ્કોરનો પીછો કરતા મુંબઈ ઈન્ડિયન્સે શાનદાર શરૂઆત કરી હતી. રોહિત શર્મા અને રિયાન રિકલ્ટનની બેટિંગ અને શાર્દુલ ઠાકુરની શાનદાર બોલિંગની મદદથી મુંબઈએ કોલકત્તા સામે છ વિકેટથી જીત મેળવી હતી.

કોલકત્તા સામેની જીત બાદ મુંબઈના કેપ્ટન હાર્દિક પંડ્યાએ ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્માની પ્રશંસા કરતા કહ્યું કે તે ટીમ માટે એક સોગાદરૂપ છે.

મેં ઘણા બેટ્સમેનોને અદ્ભુત શોટ રમતા જોયા છે, પરંતુ જ્યારે પણ હું રોહિત શર્માને શોટ રમતા જોઉં છું, ત્યારે મને લાગે છે કે સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ જાય છે.

શાર્દુલ ઠાકુર વિશે બોલતા હાર્દિક પંડ્યાએ કહ્યું હતું કે, મેં આ સીઝનમાં તેને કહ્યું હતું કે હવે બહુ થયું, અલગ અલગ ફ્રેન્ચાઇઝી વચ્ચે ફરવાનું બંધ કરો. હું ઇચ્છું છું કે તે પોતાના બાકીની કારકિર્દીમાં અહીં રહે.

તે એક અનોખો ખેલાડી છે અને તેનું દિલ મોટું છે. તે હંમેશાં પોતાની બોલિંગથી બેટ્સમેનોને હરાવવાનો પ્રયાસ કરે છે. ■



# ગિલ અને ઐયર પૉઈન્ટ પુરવાર કરવા માટે મથશે

મુલ્લાનપુરઃ ઈન્ડિયન પ્રિમિયર લીગ (આઈપીએલ)માં આજે ગુજરાત ટાઈટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મેચ રમાશે. ગુજરાતના કેપ્ટન શુભમન ગિલ અને પંજાબના કેપ્ટન શ્રેયસ ઐયર જીત સાથે આઈપીએલ ૨૦૨૬ની શરૂઆત કરવા માગશે. ભારતના ટેસ્ટ અને વન-ડેના કેપ્ટન ગિલને ટી-૨૦ ટીમનો વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો હતો પરંતુ બાદમાં તેને વર્લ્ડ કપ ટીમમાંથી પણ બહાર કરી દેવાયો હતો. ભારતની ટાઇટલ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવનાર સંજુસેમસનને તેમના સ્થાને પસંદ કરવામાં આવ્યો હતો.

૨૦૨૩થી ફક્ત વિરાટ કોહલીએ આઈપીએલમાં ગિલ કરતાં વધુ રન કર્યા છે પરંતુ હવે સંપૂર્ણ ધ્યાન સાતત્ય કરતાં સ્ટ્રાઇક રેટ પર છે. ગિલનો ટી-૨૦ કારકિર્દીનો સ્ટ્રાઇક રેટ ૧૩૮ છે, પરંતુ ગયા વર્ષે તેણે ૧૫૫ના સ્ટ્રાઇક રેટથી રન કર્યા હતા. મેથ્યુ હેડન હવે બેટિંગ કોચ તરીકેની

**આજે ગુજરાત V/S પંજાબ**

ભૂમિકામાં હોવાથી ગિલની બેટિંગની આક્રમકતામાં વધારો થઈ શકે છે. હાર્દિક પંડ્યાના ગયા પછી ગિલે કેપ્ટનશિપની જવાબદારીઓ સારી રીતે નિભાવી છે.

૨૦૨૨માં પોતાના ડેબ્યૂ વર્ષમાં આઈપીએલ ટાઇટલ જીતનાર ગુજરાત ટાઇટન્સ ગયા વર્ષે ત્રીજા સ્થાને રહ્યું હતું. ટીમ ફરી એકવાર સારી રીતે સંતુલિત દેખાય છે.

ઓપનર ગિલ અને સાઈ સુદર્શન તેમની સૌથી મોટી તાકાત છે. પંજાબ કિંગ્સ માટે ફરી એકવાર શ્રેયસ પર નિર્ભર રહેશે, જેણે ત્રણ અલગ-અલગ ટીમોને આઈપીએલ ફાઇનલમાં પહોંચાડી છે. તેની કેપ્ટનશિપ હેઠળ દિલ્હી કેપિટલ્સ ૨૦૨૦માં અને પંજાબ ૨૦૨૪માં ફાઇનલમાં પહોંચ્યું હતું, જ્યારે કોલકત્તાને ટાઇટલ જીતાડ્યું હતું.

સતત પ્રદર્શન છતાં શ્રેયસને ભારતીય ટી-૨૦ ટીમમાં સ્થાન મળ્યું નથી અને ભારત તરફથી તે છેલ્લી ટી-૨૦ મેચ ડિસેમ્બર ૨૦૨૩માં રમ્યો હતો. ■

# મુંબઈ ઈન્ડિયન્સનો વનવાસ પૂરો થયો...

## કેકેઆર સામે જીત્યા પછી નીતા અંબાણી આવું શું કામ બોલ્યાં?

મુંબઈઃ મુંબઈ ઇન્ડિયન્સે (એમઆઇ) રવિવારે વાનખેડે સ્ટેડિયમમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)ની ટીમને સીઝનની પોતાની પ્રથમ મેચમાં છ વિકેટે પરાજિત કરી એ સાથે મુંબઈએ ૧૪ વર્ષથી ચાલી આવતી એક નિરાશાજનક પરંપરા તોડી હતી. મુંબઈ આઇપીએલ-સીઝનની પોતાની પ્રથમ મેચ જીત્યું હોય એવું છેક ૨૦૧૨ની સાલમાં (૧૪ વર્ષ પહેલાં) બન્યું હતું.

મુંબઈની ટીમનાં માલિક નીતા અંબાણીએ વાનખેડેની મેચ પછી ડ્રેસિંગ રૂમમાં ખેલાડીઓને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, ‘આપણે ૨૦૧૨ની સાલ પછી પહેલી વાર (૧૪ વર્ષે) સીઝનની આપણી પ્રથમ મેચ જીત્યા છીએ. છેલ્લે ૨૦૧૨માં જીત્યા હતા ત્યારે રોહિત શર્મા કેપ્ટન નહોતો, હાર્દિક પંડ્યાએ ડેબ્યૂ પણ નહોતું કર્યું, બુમરાહ પણ ટીમમાં નહોતો અને હરભજન સિંહ ત્યારે મુંબઈનો કેપ્ટન હતો.’

નીતા અંબાણીએ મુંબઈ ઈન્ડિયન્સની આ જીતને અંગત સિદ્ધિ તરીકે ઓળખાવીને ખેલાડીઓને વધુમાં કહ્યું હતું કે, ‘હિન્દુ ધર્મમાં કહેવાય છેને કે રામનો ૧૪ વર્ષનો વનવાસ પૂરો થયો હતો. એ રીતે આ મુંબઈ ઇન્ડિયન્સનો ૧૪ વર્ષનો વનવાસ હવે પૂરો થયો. ખૂબ ખૂબ અભિનંદન.’

નીતા અંબાણીની આ ટૂંકી સ્પીચ સાંભળ્યા બાદ તમામ ખેલાડીઓએ તાળી પાડીને તેમનું અભિવાદન કર્યું હતું.

રવિવારે કોલકાતાએ બેટિંગ મળ્યા પછી કેપ્ટન અજિંકય રહાણેના ૫૭ રન, ફિન ઍલનના ૩૭ રન, અંગક્રિશ રઘુવંશીના ૫૧ રન અને રિન્કુ સિંહના અણનમ ૩૩ રનની મદદથી ચાર વિકેટે ૨૨૦ રન કર્યા હતા. મુંબઈના પેસ બોલર શાર્દુલ ઠાકુરે ત્રણ વિકેટ લીધી હતી. મુંબઈ માટે જીતવું થોડું મુશ્કેલ હતું, પરંતુ રાયન રિકલ્ટનના ૮૧ રન, રોહિત શર્માના ૭૮ રન, ઇમ્પેક્ટ પ્લેયર સૂર્યકુમારના ૧૬ રન, તિલક વર્માના ૨૦ રન અને હાર્દિક પંડ્યાના અણનમ ૧૮ રનની મદદથી મુંબઈએ ૧૯.૧ ઓવરમાં ચાર વિકેટે ૨૨૪ રન કરીને રોમાંચક વિજય મેળવ્યો હતો. રોહિત અને રિકલ્ટન વચ્ચે ૧૪૮ રનની વિક્રમજનક ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. શાર્દુલ ઠાકુરને કોલકાતાની પહેલી ત્રણ વિકેટ વહેલી લેવા બદલ મેન ઑફ ધ મેચનો અવોર્ડ આપવામાં આવ્યો હતો. ■

# મારે કશું સાબિત નથી કરવાનુંઃ રહાણે



મુંબઈઃ પોતાના ભવિષ્ય અંગે ચાલી રહેલી અટકળોને ફગાવી દેતા કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન અને ભારતના અનુભવી બેટ્સમેન અજિંક્ય રહાણેએ કહ્યું હતું કે તે પોતાના વિકાસ માટે ક્રિકેટ રમી રહ્યો છે, કોઈની સામે કાંઈ સાબિત કરવા માટે નહીં. ૩૭ વર્ષીય રહાણેએ ગત સીઝનમાં મુંબઈની રણજી ટીમની કેપ્ટનશિપ છોડી દીધી હતી. તેણે વ્હાઇટ-બોલ ટૂર્નામેન્ટમાં પણ કેપ્ટનશિપ કરી ન હતી, જેના કારણે તેના ભવિષ્ય અંગે અટકળો શરૂ થઈ હતી. તે છેલ્લે ૨૦૨૩માં ભારત તરફથી રમ્યો હતો.

મુંબઈ ઈન્ડિયન્સ સામેની સીઝનની પહેલી આઈપીએલ મેચમાં ૪૦ બોલમાં ૬૭ રન ફટકારનારા રહાણેએ કહ્યું હતું કે, ‘‘લોકોને મારા વિશે વાત કરવા દો. તેઓ ૨૦ વર્ષથી વાતો કરતા આવ્યા છે. હું મારી બેટિંગથી ખુશ છું. હું કોઈની સમક્ષ એ સાબિત કરવા માટે રમી રહ્યો નથી કે હું કેટલો પ્રતિભાશાળી છું. લોકો જોઈ રહ્યા છે. તેમને જોવા અને બોલવા દો.’’ તેણે કહ્યું હતું કે, ‘‘હું ખૂબ જ ખુશ છું કે છેલ્લા બે કે ત્રણ વર્ષમાં વ્હાઈટ બોલ ક્રિકેટના ફોર્મેટમાં મારી રમતમાં સુધારો થયો છે. ક્રિકેટર તરીકે વિકાસ મહત્ત્વપૂર્ણ છે અને હું એ જ કરવાનો પ્રયાસ કરી રહ્યો છું. લોકો વાત કરતા રહેશે, તેમને વાત કરવા દો.’’ ■

# સૂર્યા કેમ ઈમ્પૅક્ટ પ્લેયર?ઃ કૉચ માહેલાનો ઈન્ટરેસ્ટિંગ જવાબ

મુંબઈઃ મુંબઈ ઈન્ડિયન્સના મુખ્ય કોચ માહેલા જયવર્દનેએ જણાવ્યું હતું કે ભારતીય ટી-૨૦ ટીમના કેપ્ટન સૂર્ય કુમાર યાદવનો ટીમની પ્રથમ આઈપીએલ મેચમાં ઈજાના કારણે ‘‘ઈમ્પેક્ટ પ્લેયર’’ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેના વિશે બિનજરૂરી વાર્તાઓ બનાવવાની કોઈ જરૂર નથી. નોંધનીય છે કે કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની મેચમાં સૂર્યકુમારે ફિલ્ડિંગ કરી ન હતી અને આઠ બોલમાં ૧૬ રન કર્યા હતા. મુંબઈએ કેકેઆરને છ વિકેટથી હરાવ્યું હતું.

મેચ પછી મહેલા જયવર્દનેને પૂછવામાં આવ્યું કે શું ગત સીઝનમાં ભારત અને મુંબઈ ઈન્ડિયન્સના ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્મા પછી હવે આ સીઝનમાં સૂર્યકુમાર યાદવનો ‘‘ઈમ્પેક્ટ પ્લેયર’’ તરીકે ઉપયોગ કરવામાં આવશે. જેના જવાબમાં તેમણે કહ્યું હતું કે, ‘‘આશા છે કે, કોઈ બિનજરૂરી વાર્તાઓ બનાવવામાં આવશે નહીં. ટીમ ખુશ છે. તેને જે વધારાનો બ્રેક જોઈતો હતો તે આપવામાં આવ્યો હતો.

તેમણે કહ્યું હતું કે, ‘‘તેને થોડી ઈજા હતી અને તે ફિલ્ડિંગ કરી રહ્યો હતો. મને ખબર છે કે આગામી મેચ માટે પાંચ દિવસ બાકી છે, તેથી હું તેને વધારાનો સમય આપવા માંગતો હતો.’’ તે ત્રણ કે ચાર ઓવર માટે ફિલ્ડિંગ કરવા માટે ઉત્સુક હતો, પરંતુ મેં ના પાડી હતી. મહેલા જયવર્દનેએ કહ્યું હતું કે, ‘‘તો મહેરબાની કરીને કોઈ વાર્તાઓ બનાવો નહીં. મેં કહ્યું હતું કે આ સાવધાનીપૂર્વક કરવામાં આવ્યું છે. આ ખૂબ જ અનમોલ ખેલાડી છે અને આ નિર્ણયો કાળજીપૂર્વક લેવામાં આવે છે.‘‘

રોહિત (૭૮) અને રિયાન રિકેલ્ટન (૮૧) ના દમ પર મુંબઈએ ૨૨૧ રનનો લક્ષ્યાંક સરળતાથી પ્રાપ્ત કર્યો હતો. કોચે કહ્યું હતું કે, ‘‘બેટિંગ કરવા માટે તે સારી વિકેટ હતી. મને લાગ્યું કે ૨૨૦ એક મોટો સ્કોર હતો અને અમે ૨૦ વધારાના રન આપ્યા હતા પરંતુ રોહિત અને રિયાને જે રીતે બેટિંગ કરી તે જોઈને ખૂબ આનંદ થયો.’’ ■

# પીએસએલમાં બોલ ટેમ્પરિંગનું ભૂત ધૂણે છે

## જોકે ફખર ઝમાન, શાહીન આફ્રિદી, સિકંદર રઝાએ આક્ષેપો નકાર્યા



લાહોરઃ પાકિસ્તાનના દિગ્ગજ બેટ્સમેન ફખર ઝમાન, ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદી અને ઝિમ્બાબ્વેના સિકંદર રઝાએ ગદ્દાફી સ્ટેડિયમમાં લાહોર કલંદર્સ અને કરાચી કિંગ્સ વચ્ચે રમાયેલી પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) મેચ દરમિયાન બોલ ટેમ્પરિંગ (બોલ સાથે છેડછાડ) ના આરોપોને નકારી કાઢ્યા છે.

૩૫ વર્ષીય ઝમાન પર રવિવારે રાત્રે મેચ રેફરી રોશન મહાનામા દ્વારા પીએસએલ આચાર સંહિતાની કલમ ૨.૧૪ હેઠળ લેવલ થ્રીના ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ઝમાન પર પીએસએલ રમવાની શરતોની કલમ ૪૧.૩ ના ઉલ્લંઘનનો આરોપ છે, જે બોલની સ્થિતિમાં ફેરફાર કરતી કોઈપણ પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકે છે.

ભૂતપૂર્વ શ્રીલંકન ક્રિકેટર (મહાનામા) સમક્ષ હાજર થઈને ઝમાને પોતાની સામેના આરોપો નકાર્યા હતા.

આ ઘટના કરાચી કિંગ્સની ઇનિંગ્સની અંતિમ ઓવર પહેલા બની હતી, જ્યારે તેમને જીતવા માટે ૧૪ રનની જરૂર હતી. ઓવર શરૂ થાય તે પહેલા ઝમાન, હારિસ રઉફ અને કલંદર્સના કેપ્ટન આફ્રિદી સાથે ચર્ચા કરતો જોવા મળ્યો હતો.

ત્યારબાદ અમ્પાયર ફૈઝલ આફ્રિદીએ બોલ મંગાવી તેની તપાસ કરી હતી અને નક્કી કર્યું હતું કે બોલની સ્થિતિ બદલવામાં આવી છે.

અમ્પાયરોએ બોલ સાથે છેડછાડ કરવા બદલ કલંદર્સને પાંચ રનનો દંડ ફટકાર્યો અને બોલ બદલી નાખ્યો.

આના કારણે કરાચીને છેલ્લી ઓવરમાં માત્ર નવ રનની જરૂર રહી, જે તેમણે સફળતાપૂર્વક હાંસલ કરી લીધી. ■

# અગસ્ત્ય હાર્દિક પંડ્યાને પજવતા પાપારાઝી પર ભડકી માહિકા શર્મા

મુંબઈઃ આઈપીએલ ૨૦૨૬ની બીજી મેચ મુંબઈ ઈન્ડિયન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે રવિવારે રાત્રે વાનખેડે સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં મુંબઈએ કોલકાતાને ૬ વિકેટથી હાર આપીને જીત સાથે અભિયાનની શરૂઆત કરી હતી. મેદાન પરના રોમાંચ સિવાય મેદાન બહારની ક્ષણોએ પણ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું.

સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઇરલ થઈ રહ્યો છે, જેમાં હાર્દિક પંડ્યાની ગર્લફ્રેન્ડ માહિકા શર્મા હાર્દિકના દીકરા અગસ્ત્ય સાથે નજરે જોવા મળી હતી. વાઇરલ વીડિયોમાં માહિકા અગસ્ત્યને લઈ ઘણી પ્રોટેક્ટિવ જોવા મળી રહી છે. આ વીડિયો ફેંસ ખૂબ પસંદ કરી રહ્યા છે.

વાયરલ વીડિયોમાં માહિકા શર્મા તેના બોયફ્રેન્ડના પુત્ર અગસ્ત્યનો હાથ પકડેલી જોવા મળી હતી. તે પાપારાઝીને વિનંતી કરતી જોવા મળી હતી કે તે બાળકની સાથે છે, તેથી તેઓ થોડા સાઇડમાં ખસી જાય અને ફ્લેશ લાઈટનો ઉપયોગ ન કરે. તેનો આ નરમ અને રક્ષણાત્મક અંદાજ લોકોને ખૂબ પસંદ આવી રહ્યો છે. તે અગસ્ત્યને ભીડ અને કેમેરાથી બચાવતી જોવા મળી હતી.

આ ઉપરાંત તે ફોટોગ્રાફરોને બ્રાઈટ લાઈટ બંધ કરવાની વિનંતી કરતાં જોવા મળી હતી. તેનાથી અગસ્ત્યને પરેશાની થઈ રહી હતી. તેણે અગસ્ત્યને પૂછ્યું હતું કે યુ ઓકે? અને પછી ફોટોગ્રાફરોને કહ્યું, પ્લીઝ લાઈટ બંધ કરો સર, તેને તકલીફ થઈ રહી છે. આ દરમિયાન ભીડ વચ્ચે રસ્તો બનાવવા માટે તેઓ વારંવાર પ્લીઝ રસ્તો આપો કહેતાં સાંભળવા મળી હતી.

ઉલ્લેખનીય છે કે, અગસ્ત્ય હાર્દિક અને તેની એક્સ વાઈફ નતાશાનો દીકરો છે. બંનેએ વર્ષ ૨૦૨૦માં લગ્ન કર્યા હતા અને ૨૦૨૪માં અલગ થયાં હતાં. બંને મળીને અગસ્ત્યનો ઉછેર કરી રહ્યાં છે. ■

# શાહીન આફ્રિદી-સિકંદર રઝાના રૂમમાં રાત્રે દોઢ વાગ્યા સુધી કોણ હતા એ ‘અજાણ્યા મહેમાનો?’

લાહોરઃ પાકિસ્તાન સુપર લીગમાં વધુ એક વિવાદ ઊભો થયો છે. લાહોર કલંદર્સના કેપ્ટન શાહીન આફ્રિદી અને વિદેશી ખેલાડી સિકંદર રઝાને તેમની હોટલના ટીમ સુરક્ષા પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા છે. મોહમ્મદ ફૈઝલ (લાહોર ડીઆઈજી, ઓપરેશન્સ) એ પીએસએલના સીઈઓને જાણ કરી હતી કે શહેરની ફાઇવ સ્ટાર હોટલમાં ગંભીર સુરક્ષા પ્રોટોકોલનું ઉલ્લંઘન થયું છે, જ્યાં આઠ ટીમો રોકાઈ રહી છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અગાઉની ચેતવણીઓ અને પ્રતિબંધો છતાં શાહીન અને સિકંદરે રઝાના આઠમા માળના રૂમમાં સવારના ૧:૩૦ વાગ્યા સુધી ચાર મહેમાનોને પોતાની રૂમમાં રાખ્યા હતા.

લાહોર કલંદર્સના મીડિયા અધિકારીએ રઝાના રૂમમાં રાત્રે ૧૦:૩૫ વાગ્યા સુધી અને ફરીથી ૧૧ વાગ્યા સુધી રહેવાની પરવાનગી માગી હતી, પરંતુ બંને વિનંતીઓ નકારી કાઢવામાં આવી હતી. ત્યારબાદ ટીમના માલિકે પીએસએલના સીઈઓ સલમાન નસીરને પણ આ જ વિનંતી કરી હતી, જેને સુરક્ષા કારણોસર નકારી કાઢવામાં આવી હતી. તેમ છતાં ચાર મહેમાનો રઝાના રૂમમાં ગયા હતા અને મોડી રાત્રે દોઢ વાગ્યા સુધી રોકાયા હતા.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, સંપર્ક અધિકારીએ શરૂઆતમાં સુરક્ષા માટે પીસીબીના મેનેજર અને ભ્રષ્ટાચાર વિરોધી એકમનો સંપર્ક કર્યો હતો, જેમાં રઝાના ચાર મહેમાનોને તેમના રૂમમાં આવવાની મંજૂરી માગવામાં આવી હતી. સુરક્ષા પ્રોટોકોલ અનુસાર રઝાની વિનંતી નકારી કાઢવામાં આવી હતી. ઇનકાર છતાં રાત્રે ૧૧:૦૫ વાગ્યે પીસીબી અને સુરક્ષા કર્મચારીઓએ અહેવાલ આપ્યો કે શાહીન અને રઝાએ પ્રોટોકોલનો ભંગ કર્યો અને સ્થળ પરના સુરક્ષા કર્મચારીઓના વિરોધ છતાં ચાર મહેમાનોને રઝાના રૂમમાં લઈ ગયા હતા. મહેમાનો મોડી રાત્રે ૧:૨૫ વાગ્યા સુધી ત્યાં જ રહ્યા હતા.

વરિષ્ઠ પોલીસ અધિકારીએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને જાણ કરી છે કે આ બોર્ડના સુરક્ષા પ્રોટોકોલ અને આચારસંહિતાનું ઉલ્લંઘન છે, જે તમામ ખેલાડીઓ, અધિકારીઓ અને સંકળાયેલા કર્મચારીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે બનાવવામાં આવ્યા છે. ■

તન-મન-ધનથી રહો તરોતાજા




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

# સંપત્તિનો આદર કરીશું તો ઉપાસક ગણાશું

બે માણસો છે. છેલ્લા ત્રણ દિવસથી બન્નેના પેટમાં અન્નનો દાણો સુધ્ધાં ગયો નથી. એક ઉપવાસ કરી રહ્યો છે, જ્યારે બીજો દરિદ્ર ભૂખ્યો છે. તમને શું લાગે છે, આ બેમાંથી કોણ વધારે બેચેન હશે અને કોણ આંતરિક શાંતિનો અનુભવ કરી રહ્યો હશે?

પેટની અવસ્થા મહત્ત્વની નથી, મનની અવસ્થા મહત્ત્વની છે. નિયમિત ઉપવાસ કરતા હોય એવી વ્યક્તિને પૂછી જોજો. ઉપવાસ દરમિયાન તેઓ હંમેશાં વધારે શાતા અને સ્થિરતાનો અનુભવ કરતા હોય છે. એમનો શ્વાસોચ્છ્વાસ ધીમા લયથી ચાલતો હોય છે, ચહેરા પર તેજ હોય છે. આ ઈશ્વર પર શ્રદ્ધા ધરાવનારા લોકો છે. ભગવાન પર તેમને ભરોસો હોય છે કે જે સર્જનહારે જીવન આપ્યું છે એ જીવન ટકાવી રાખવા માટે ખોરાક પણ આપશે જ.

**जब दांत न थे तब दूध दिया**
**अब दांत दिए तो अन्न ना दे?**

જેને ત્રણ દિવસથી ખાવાનું મળ્યું નહીં હોય એ માણસ ભોજન માટે આકુળવ્યાકુળ થઈ જશે. ભોજન સામે આવતાં જ તેના પર તૂટી પડશે. એવો અકરાંતિયાની જેમ ખાશે જાણે કાલે દિવસ જ ઊગવાનો ન હોય. એમને ડર હોય છે કે ફરી પાછું લાંબા સમય સુધી ખાવાનું નહીં મળે તો? એવા ફફડાટને કારણે પેટમાં જગ્યા નહીં હોય તોય એ ઠાંસી ઠાંસીને ખાશે. લોકો આવા માણસ તરફ દયાની નજરે જુએ છે. એ માણસને ત્રણ દિવસથી ખાવાનું શા માટે મળ્યું નથી તેનાં ઘણાં કારણો હોઈ શકે છે. કદાચ એની પાસે ખાવાના પૈસા ન હોય, કદાચ કુદરતી આફતને કારણે કોઈ એવી જગ્યાએ ફસાઈ ગયો હોય જ્યાં ખાવાપીવાનો સામાન જ ઉપલબ્ધ ન હોય, કદાચ એને ભૂખ્યા રહેવાની સજા થઈ હોય. આમાંની કોઈ પણ શક્યતા સાચી હોઈ શકે છે.

જે લોકો પાસે ધરાર ઉપવાસ કરાવવામાં આવે છે તેઓ પણ ખોરાક માટે વ્યાકુળ બની જતા હોય છે. કોઈ તહેવાર, ધાર્મિક રીતિરિવાજ કે નાદુરસ્ત તબિયતને લીધે એમને એક અઠવાડિયાથી બહારનું ખાવાનું કે જન્ક ફૂડ ન મળ્યું હોય તો તેઓ પણ ભિખારી જેવું વર્તન કરવા લાગશે. જે વસ્તુ ખાવા મળી નથી તે આરોગવા માટે એ ઘાંઘા થઈ જશે. આપણે આવા કેટલાય કિસ્સા જોતાં હોઈએ છીએ. બૂફે ભોજન દરમિયાન કતાર તોડીને કાઉન્ટર તરફ ધસી જતા લોકોને આપણે જોયા છે. વીકએન્ડ દરમિયાન ભરચક રેસ્ટોરાંમાં ટેબલ મેળવવા માટે બહાર ઊભેલા માણસને વિનવણી કરતા લોકોનું વર્તન જોજો.

આની સામે કોઈ આશ્રમમાં ભોજન માટે કતારમાં ઊભેલા ભાવિકો અથવા ગુરુદ્વારાની બહાર લંગર માટે બેઠેલા શ્રદ્ધાળુઓ કે પછી અન્ય કોઈ ધાર્મિક જગ્યાએ સામૂહિક ભોજન લઈ રહેલા લોકોની વર્તણૂકનું નિરીક્ષણ કરજો.

અન્ન પ્રત્યેનો આપણો વર્તાવ આદરભર્યો પણ હોઈ શકે અને વ્યાકુળતાભર્યો પણ હોઈ શકે. તેનો આધાર આપણી માનસિક અવસ્થા, સંસ્કાર અને ઉછેર પર રહેલો છે. અન્નની જેમ સંપત્તિનો પણ આદર કરો, એની કદર કરો, ભગવાન પર ભરોસો રાખો. ભગવાનને યોગ્ય લાગશે ત્યારે આપણી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આપણને સંપત્તિવાન બનાવવાની કૃપા જરૂર કરશે. ભીતર દૃષ્ટિ કરો. સંપત્તિની કામના કરતી વખતે આપણે બેચેન, લાલચુ અને આકુળવ્યાકુળ બની જઈએ છીએ કે પછી શાંતિ અને સ્થિરતા ધારણ કરી રાખીએ છીએ? સંપત્તિનું સન્માન કરીશું તો આપણે ઉપાસક કહેવાઈશું. સંપત્તિ માટે ભૂખ્યા થઈશું તો ભિખારી ગણાઈશું. ■

**યોગિક વેલ્થ:**

***શારીરિક સંપત્તિ (એટલે કે તંદુરસ્તી) અને આર્થિક સંપત્તિ - આ બેમાંથી તમને જીવનમાં વધારે આગળ લઈ જવામાં મદદ તો શારીરિક સંપત્તિ જ કરશે.***

ફાઈનાન્સના ફંડા

મિતાલી મહેતા

# ૪૦% EMI રૂલ: દેવું ને આવક વચ્ચે સંતુલન રાખવાની ચાવી

**સામાન્ય** રીતે વ્યક્તિગત નાણાકીય આયોજનમાં બચત અને રોકાણ પર વધુ ભાર મૂકવામાં આવે છે, પરંતુ લોન લેવી એ પણ આધુનિક નાણાકીય જીવનનો એક અવિભાજ્ય ભાગ છે. પોતાનું ઘર, ઉચ્ચ શિક્ષણ કે વાહન ખરીદવા જેવા જીવનનાં મહત્ત્વપૂર્ણ લક્ષ્યોને સમયસર પૂરા કરવામાં લોન ઘણીવાર સીડી સમાન બને છે. ખાસ કરીને આજના સમયમાં, જ્યાં માત્ર થોડા ક્લિક્સમાં લોન ઉપલબ્ધ છે.

જોકે, જે લોન પ્રગતિમાં મદદરૂપ થાય છે, તે જ જો મર્યાદા બહાર જાય તો તમારી નાણાકીય સ્થિરતા અને માનસિક શાંતિ જોખમાવી શકે છે.

અહીં એક પાયાનો પ્રશ્ન ઊભો થાય છે: લોન કેટલી લેવી સલામત ગણાય?

આ પ્રશ્નનો વ્યવહારુ ઉકેલ આપે છે ૪૦% EMI રૂલ.

**શું છે ૪૦% EMI રૂલ?**

આ નિયમ મુજબ, તમારા તમામ પ્રકારની લોનના માસિક હપ્તાઓનો કુલ સરવાળો તમારી માસિક ચોખ્ખી આવકના ૪૦% થી વધુ ન હોવો જોઈએ.

**સરળ ગણિતમાં કહીએ તો:**

કુલ માસિક ઈએમઆઈ માસિક આવકના ૪૦%

આ ૪૦% ની મર્યાદામાં આ મુજબની તમામ લોનનો સમાવેશ થાય છે, જેમકે...

* હોમ લોન
* વાહન લોન
* પર્સનલ લોન
* એજ્યુકેશન લોન
* ક્રેડિટ કાર્ડના હપ્તા

ઉદાહરણ તરીકે જો તમારી માસિક આવક ₹૧,૦૦,૦૦૦ હોય, તો તમારા તમામ હપ્તા મળીને મહત્તમ ₹૪૦,૦૦૦ની અંદર જ રહેવા જોઈએ. આ માર્ગદર્શિકાનો મુખ્ય હેતુ એ છે કે દેવું તમારી




આવક પર હાવી ન થઈ જાય.

**આ નિયમ કેમ અનિવાર્ય છે?**

જ્યારે તમે લોન માટે અરજી કરો છો, ત્યારે બેંકો તમારી ચુકવણી કરવાની ક્ષમતા તપાસે છે. એ જુએ છે કે તમારી આવકનો કેટલો ભાગ પહેલેથી જ દેવું ચૂકવવામાં વપરાય છે.

જો તમારી આવકનો મોટો હિસ્સો માત્ર હપ્તા ભરવામાં જ જતો રહે તો નાની એવી નાણાકીય મુશ્કેલી જેમ કે પગારમાં ઘટાડો અથવા અચાનક આવી પડતો તબીબી ખર્ચ તમને દેવાની જાળમાં ફસાવી શકે છે માટે EMI ને ૪૦% સુધી મર્યાદિત રાખવાથી તમારી પાસે ઘરખર્ચ, બચત અને કટોકટીના સમય માટે પૂરતી નાણાકીય લવચીકતા રહે છે.

**સરળ લોનમાં છુપાયેલું જોખમ**

આજના ડિજિટલ યુગમાં 'ઇન્સ્ટન્ટ લોન' અને 'પ્રી-અપ્રૂવ્ડ ઓફર્સ'ને કારણે દેવું લેવું અત્યંત સરળ બની ગયું છે. આ સરળતા લાભદાયી છે, પરંતુ તે ઘણીવાર લોકોને તેમની ક્ષમતા કરતાં વધુ લોન લેવા પ્રેરે છે. સ્થિર પરિસ્થિતિમાં વધુ હપ્તા સંભાળી શકાય તેવા લાગે, પરંતુ વધતો જીવનનિર્વાહ ખર્ચ કે કારકિર્દીમાં આવતા ઉતાર-ચઢાવ તમારી આર્થિક ગાડી પાટા પરથી ઉતારી શકે છે. ૪૦% નો આ નિયમ એક 'સેફ્ટી લાઇન' તરીકે કામ કરે છે, જે તમને અતિશય દેવાના બોજથી બચાવે છે.

**એક માપદંડ, જડ નિયમ નહીં**

બધા નાણાકીય નિયમોની જેમ, આ નિયમમાં પણ તમારી સ્થિતિ મુજબ ફેરફાર થઈ શકે છે. તમે કેટલું દેવું લઈ શકો તેનો આધાર કેટલાંક પરિબળો પર છે:

* **આવકની સ્થિરતા:** તમારી નોકરી કે વ્યવસાયમાં આવક કેટલી નિશ્ચિત છે?
* **ઈમર્જન્સી ફંડ:** તમારી પાસે મુશ્કેલ સમય માટે કેટલી બચત તૈયાર છે?
* **જવાબદારીઓ:** તમારા પરિવારમાં નિર્ભર સભ્યોની સંખ્યા કેટલી છે?

જેમની પાસે સારી બચત અને સ્થિર આવક છે, તે કદાચ થોડો વધારે બોજ ઉઠાવી શકે, પરંતુ અનિયમિત આવક ધરાવતા લોકો માટે આ મર્યાદા ૪૦% થી પણ ઓછી રાખવી હિતાવહ છે. મુખ્ય સિદ્ધાંત એ છે કે લોન તમારાં લક્ષ્યોને પૂરા કરવામાં મદદરૂપ હોવી જોઈએ, તેને જોખમમાં મૂકનારી નહીં.

**ટૂંકમાં....**

*દેવું એ જોખમી નથી, જો તેનો ઉપયોગ જવાબદારીપૂર્વક કરવામાં આવે. સાચી નાણાકીય શક્તિ એમાં નથી કે તમે કેટલી મોટી લોન મેળવી શકો છો, પરંતુ એમાં છે કે તમે તેને કેટલી સરળતાથી ચૂકવી શકો છો.*

*અહીં ૪૦% EMI રૂલ આપણને યાદ અપાવે છે કે નાણાકીય આયોજન એ આજની જવાબદારીઓ અને આવતીકાલની સુરક્ષા વચ્ચેનું સંતુલન છે. અંતે, શ્રેષ્ઠ લોન એ જ છે જે તમારી પ્રગતિમાં આડખીલી ન બને અને તમને તણાવમુક્ત જીવન જીવવા દે.* ■

feedback@bombaysamachar.com

ફોકસ

નિધી ભટ્ટ

# ઉનાળામાં આ રીતે શાકભાજીને લાંબા સમય સુધી તાજી રાખો

**શાકભાજીનો** ઉપયોગ દરરોજ કરવામાં આવે છે. જો કે તે ઘણીવાર માત્ર એક કે બે દિવસ પછી બગડવા લાગે છે - આ સમસ્યા મોટાભાગે અયોગ્ય સંગ્રહને કારણે થાય છે. ચાલો તમને જણાવીએ કે શાકભાજીને લાંબા સમય સુધી તાજી રાખવા માટે અસરકારક રીતે કેવી રીતે સંગ્રહિત કરવી.

ઉનાળાની ઋતુમાં શાકભાજીને તાજી રાખવી ઘણીવાર એક મોટો પડકાર બની જાય છે. તીવ્ર ગરમી અને ભેજને કારણે, લીલા શાકભાજી ઝડપથી સુકાઈ જાય છે અથવા બગડે છે. બજારમાંથી ઘરે લાવ્યા પછી માત્ર એક કે બે દિવસમાં શાકભાજી તેમની તાજગી ગુમાવે છે તે એક સામાન્ય ઘટના છે. પરિણામે, લોકોને બજારમાં વારંવાર ફરવા જવું પડે છે, અને યોગ્ય સંગ્રહ પદ્ધતિઓનો અભાવ ઘણીવાર ખોરાકનો નોંધપાત્ર બગાડ તરફ દોરી જાય છે.

વાસ્તવમાં શાકભાજીને લાંબા સમય સુધી તાજી રાખવા માટે યોગ્ય સંગ્રહ મહત્ત્વપૂર્ણ છે. જો શાકભાજીને યોગ્ય તાપમાને સંગ્રહિત કરવામાં આવે અને યોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે, તો તેમની તાજગી ઘણા દિવસો સુધી સાચવી શકાય છે. જો તમે પણ ઇચ્છો છો કે તમે ખરીદેલી શાકભાજી ઝડપથી બગડે નહીં પરંતુ લાંબા સમય સુધી તાજી રહે, તો તેમને સંગ્રહિત કરવાની યોગ્ય તકનીકો શીખવી ખૂબ જ જરૂરી છે.



**લીલા પાંદડાવાળા શાકભાજીનો સંગ્રહ કેવી રીતે કરવો?**

લીલા પાંદડાવાળા શાકભાજી સૌથી ઝડપથી સુકાઈ જાય છે અને બગડે છે. તેથી તેમને સંગ્રહિત કરવાની યોગ્ય રીત જાણવી ખૂબ જ જરૂરી છે. તેમને લાંબા સમય સુધી તાજી રાખવા માટે તેમને પહેલા ધોયા વિના સુતરાઉ કાપડમાં લપેટી લો. સુતરાઉ કાપડ વધારાનો ભેજ શોષી લે છે જ્યારે હવા મુક્તપણે ફરતી રહે છે. શાકભાજીને ફક્ત ત્યારે જ ધોઈ લો જ્યારે તમે તેમને રાંધવા માટે તૈયાર કરતા હોવ.

**સ્પ્રાઉટ્સ કેવી રીતે સંગ્રહિત કરવા?**

સામાન્ય રીતે કાચની બરણી અથવા કાચના કન્ટેનરમાં સ્પ્રાઉટ્સ સંગ્રહિત કરવાનું શ્રેષ્ઠ માનવામાં આવે છે. જો તમે જારના તળિયે કપાસ અથવા સુતરાઉ કાપડનો પાતળો પડ લગાવો છો, તો તે અંદર હાજર કોઈપણ વધારાના ભેજને શોષી લેશે. હકીકતમાં વધુ પડતા ભેજ સંચયને કારણે સ્પ્રાઉટ્સ ઝડપથી બગડે છે. કોટન લાઇનર મૂકવાથી તળિયે પાણી એકઠું થતું અટકાવે છે, જેનાથી સ્પ્રાઉટ્સ લાંબા સમય સુધી તાજા રહે છે અને બગડવાની શક્યતા નોંધપાત્ર રીતે ઓછી થાય છે. આ રીતે તેમને સંગ્રહિત કરવાથી તેમની શેલ્ફ લાઇફ અસરકારક રીતે વધે છે.

**સલાડને કેવી રીતે સંગ્રહિત કરવા**

સલાડ - જેમ કે ટામેટાં, કોબી, લેટીસ અને સિમલા મિર્ચ - હંમેશાં હવાચુસ્ત કન્ટેનરમાં સંગ્રહિત કરવા જોઈએ. મૂળભૂત રીતે હવાચુસ્ત સંગ્રહ ભેજને જાળવી રાખે છે અને તાજગી જાળવી રાખે છે. આ પાંદડાવાળા લીલા શાકભાજીને ભીના કે સુકાઈ જતા અટકાવે છે.

**લીંબુ સંગ્રહવાની યોગ્ય રીત**


ઉનાળાના મહિનાઓમાં લીંબુનો વ્યાપક ઉપયોગ થાય છે. જો કે જો લાંબા સમય સુધી સંગ્રહિત કરવામાં આવે તો તે બગડી જાય છે. જો તમે લીંબુને લાંબા સમય સુધી તાજા રાખવા માગતા હો, તો તેના પર તેલનું પાતળું પડ લગાવો, તેને હવાચુસ્ત કન્ટેનરમાં મૂકો અને રેફ્રિજરેટરમાં સંગ્રહિત કરો. આ પદ્ધતિ ખાતરી કરે છે કે લીંબુ ડાઘમુક્ત રહે અને તેનો તાજો સ્વાદ જાળવી રાખે. ■

feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક

# હાડકાને કનડતી સમસ્યા... એવસ્ક્યુલર નેક્રોસિસ



આપણે સહુ જાણીએ છીએ કે મનુષ્યનું શરીર મુખ્યત્વે હાડકાંઓનું માળખું છે. જે રીતે કોઈપણ ઇમારત કેટલી ટકશે તેનો આધાર તેનું માળખું જેને ઇંગ્લિશમાં સ્ટ્રક્ચર કહીએ છીએ, તે કેટલું મજબૂત છે તેના પર આધાર રાખે છે. આ જ રીતે આપણું શરીર પણ હાડકાંઓનું માળખું ધરાવે છે. તેની મજબૂતી ઉપર આપણા શરીરના ટકવાનો ઘણો મોટો આધાર રહેલો છે. હાડકાઓને થતાં કોઈપણ નુકસાનની આપણા શરીર પર ગંભીર અસર પડે છે. હાડકાને કનડતી આવી જ એક સમસ્યા છે : એવસ્ક્યુલર નેક્રોસિસ (Avascular Necrosis - AVN)

એવસ્ક્યુલર નેક્રોસિસ (AVN), જેને ઓસ્ટિઓનેક્રોસિસ અથવા હાડકાનો સડો પણ કહેવામાં આવે છે તે એક ગંભીર સ્થિતિ છે,

જેમાં રક્ત પુરવઠાના અભાવે અથવા અવરોધને કારણે હાડકાની પેશીઓ મૃત્યુ પામે છે. વિસ્થાપિત સાંધા અથવા તૂટેલા હાડકા હાડકાના એક ભાગમાં રક્ત પ્રવાહને અવરોધી શકે છે.

જ્યારે તમારા હાડકાની પેશીઓને પૂરતું લોહી મળતું નથી ત્યારે તે મરી જાય છે. સારવાર વિના આ સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. જેથી મૃત હાડકા આખરે તૂટી જાય છે અથવા ક્ષીણ થઈ જાય છે.

આ રોગ તમારા શરીરના કોઈપણ હાડકાને અસર કરી શકે છે, પરંતુ તે મોટાભાગે તમારા જાંઘના હાડકાના ઉપલા અને નીચલા ભાગો અથવા છેડા (ઉપલા ભાગમાં તમારા હિપનો સમાવેશ થાય છે, અને નીચેના ભાગમાં તમારા ઘૂંટણનો સમાવેશ થાય છે)ને અસર કરે છે. ઉપરાંત તે તમારા હાથના ઉપરના ભાગના હાડકાના છેડા અને તમારા ખભાને વધુ અસર કરે છે.

આપણા હાડપિંજર તંત્રને મૃત પેશીઓને બદલે સ્વસ્થ પેશીઓ બનાવવા માટે સતત રક્ત પ્રવાહની જરૂર હોય છે. રક્ત પ્રવાહ વિના, ઝડપથી નવી હાડકાની પેશીઓ ઉત્પન્ન થઇ શકતી નથી. એવીએનને આઘાતજનક અથવા બિન-આઘાતજનક એવસ્ક્યુલર નેક્રોસિસ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. આઘાતજનક એવીએન ત્યારે થાય છે જ્યારે આપણું હાડકું તૂટી જાય અથવા સાંધા ખસી જાય. હિપ ફ્રેક્ચર અથવા ડિસલોકેશન એક સામાન્ય કારણ છે.

શામાટે આપણે આ સમસ્યા વિશે વાત કરી રહ્યા છીએ? કારણકે એવી ઘણી આરોગ્ય સમસ્યાઓ છે, જેની સાથે આ સમસ્યા ઊભી થઇ શકે છે. હાડકાની સમસ્યાઓમાં સામાન્ય રીતે શરૂઆતમાં જ્યારે દુખાવો ઓછો હોય ત્યારે આપણે તેને ઘણીવાર ઘરગથ્થુ ઉપચારોથી નિવારવાનો પ્રયત્ન કરીએ છીએ, પણ જો લાંબો સમય સુધી સમસ્યાનું સમાધાન ન થાય તો કોઈ ગંભીર વિકૃતિ નથી ને? તેની તપાસ કરાવી લેવી જોઈએ.

AVN તરફ દોરી શકે તેવી તબીબી પરિસ્થિતિઓ અથવા સારવારમાં શામેલ છે, રક્ત વિકૃતિઓ જેમ કે સિકલ સેલ એનિમિયા, એચઆઇવી, લ્યુપસ, રેડિયેશન થેરાપી જેવી કેન્સરની સારવાર અને અંગ પ્રત્યારોપણની દવા, જેમ કે કોર્ટીકોસ્ટેરોઇડ્સ જે તમારા શરીરને પ્રત્યારોપણ કરાયેલ અંગને નકારવાથી અટકાવે છે વગેરે.

વધારે પડતું મદ્યપાન કરનારાઓને પણ આ સમસ્યા થઇ શકે છે તેવું નિષ્ણાતો કહે છે. હાડકાની ઘનતા વધારવા માટેની દવાઓનો લાંબા ગાળાનો ઉપયોગ જડબાના ઓસ્ટિઓનેક્રોસિસના (જે એક દુર્લભ સમસ્યા છે) વિકાસમાં ફાળો આપી શકે છે.

## લક્ષણો શું હોય છે?

AVNનાં લક્ષણો તરત દેખાતા નથી. પણ ધીમેધીમે અઠવાડિયા કે મહિનાઓમાં વિકસે છે. જ્યારે તમે તમારા હાડકા પર વજન આવવા દો છો અથવા દબાણ કરો છો ત્યારે દુખાવો થવો, હાથ કે પગને વાળવાનો કે સીધા કરવાનો પ્રયાસ કરતી વખતે દુખાવો, સીડી ચઢવામાં, ઊભા રહેવામાં કે ચાલવામાં મુશ્કેલી થવી વગેરે સામાન્યપણે જોવા મળતાં લક્ષણો છે.

આ સમસ્યાનું નિદાન કરવા માટે એક્સરે, સીટી સ્કેન, એમઆરઆઈ, ન્યુક્લિયર ઇમેજિંગ ટેકનીક, બાયોપ્સી જેવી અનેક પદ્ધતિઓનો ઉપયોગ નિદાનો કરે છે. સમસ્યા કેવી છે અને કેટલી ગંભીર છે તેનું નિદાન કરીને તબીબો દવા દ્વારા અથવા સર્જરી દ્વારા તેનો ઈલાજ કરવાની સલાહ આપી શકે છે. આ બીમારીનું જોખમ ઘટાડવા શરાબ કે ધૂમ્રપાનની આદત છોડવી જોઈએ.

કોલેસ્ટ્રોલનું સ્તર ઓછું રહે તેનું ધ્યાન રાખવું જોઈએ. જો કોઈ રોગના ઈલાજ માટે સ્ટીરોઈડનો ઉપયોગ કરવો પડતો હોય તો તેના ઉપયોગ પર નજર રાખવી અગત્યની છે. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# સંતુલિત તથા પોષણ મૂલ્યોથી ભરપૂર ગ્લૂટેન મુક્ત આહાર રાગી



સ્વાદિષ્ટ પૌષ્ટિક્તાથી ભરપૂર આહાર માનવીના જીવન માટે અત્યંત આવશ્યક છે. આયુર્વેદ અનુસાર આહાર એવો હોવો જોઈએ કે જે વ્યક્તિની ભૂખ સંતોષવાની સાથે તેનું સ્વાસ્થ્ય તંદુરસ્ત રાખવામાં મદદ કરે. મોસમ પ્રમાણે આહાર લેવાથી તન-મન આનંદિત બની જાય છે. તો ચાલો આજે આપણે એક એવા આહાર વિશે જાણકારી મેળવીએ જેની ખ્યાતિ તેના પોષક ગુણોને લીધે દેશ-વિદેશમાં ફેલાઈ ગઈ છે. જેને નાચણી કે રાગી તરીકે ઓળખવામાં આવે છે.

રાગીની શરૂઆત આફ્રિકાથી થઈ છે તેવી માહિતી મળે છે. તેનો પાક યુગાન્ડા, ઈથોપિયામાં હજારો વર્ષ પહેલાં થતો હતો. ભારતમાં તેની ખેતી લગભગ ૪૦૦૦ હજાર વર્ષ પહેલાં થતી હતી. હડપ્પન સભ્યતાના અવશેષો મેળવવાં જે ખોદકામ થયું તેમાં રાગીનો પાક લેવાતો હશે તેવા સંકેત મળ્યા હતા. રાગી એક સમયે અત્યંત લોકપ્રિય કડધાન્ય ગણાતું. ધીમે ધીમે લોકોના આહારમાંથી તે વિસરાતું ગયું. વર્તમાનમાં નિષ્ણાત આહાર તજજ્ઞો દ્વારા તેની પૌષ્ટિક્તા વિશે જાણકારી મળવા લાગી છે. જેને કારણે હાલમાં તેનો ઉપયોગ યુવાનો દ્વારા મોટા પ્રમાણમાં થવા લાગ્યો છે. નાચણીના દાણા દેખાવમાં એકદમ નાના રાઈ જેવા હોય છે. જેનો રંગ લાલ હોય છે. રાગીનો પાક પ્રત્યેક મોસમમાં ઓછા પાણીએ મળે છે. રણ પ્રદેશમાં પણ રાગી સરળતાથી પાકે છે. દેખાવમાં તેનો લોટ થોડો કાળાશ પડતો હોય છે, પરંતુ તેમાં થાયમિન, રાઈબોફ્લેવિન, નિયાસિન, વિટામિન બી કૉમ્પલેક્સની ભરપૂર માત્રા સમાયેલી હોય છે. જે પાચનક્રિયાની સાથે સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે મહત્ત્વપૂર્ણ ગણાય છે. રાગીમાં ફાઈબર, કૅલ્શિયમ, આયર્ન, મૈગ્નેશ્યિમ જેવા અતિ-આવશ્યક ખનીજ તત્ત્વો સમાયેલાં છે. જેથી અનેક આહાર પ્રત્યે સજાગ વ્યક્તિઓ માટે શ્રેષ્ઠ વિકલ્પ ગણાય છે. ગ્લૂટેન મુક્ત આહાર હોવાથી સીલિએક રોગની સમસ્યા હોય તેવાં વ્યક્તિ માટે ગુણકારી ગણાય છે. પિત્તદોષની પ્રકૃતિ ધરાવનાર વ્યક્તિ અથવા તો ગરમીમાં શરીરને શીતલતા મળી રહે તે માટે રાગીનો ઉપયોગ કરવો જોઈએ. પાચનક્રિયા વખતે પિત્તને કારણે ગરમી તથા ખાટા ઓડકારથી બચાવે છે.

આયુર્વેદિક ગ્રંથ ચરકસંહિતામાં રાગીના લાભ વિશે અનેક સકારાત્મક વાતો લખાયેલી છે. સંતુલિત આહારને કારણે તંદુરસ્ત સ્વાસ્થ્ય મેળવવામાં પડતી સરળતાનો ઉલ્લેખ જોવા મળે છે. આયુષ્ય વધારનાર અનાજ તરીકે તે ઓળખાય છે. રાગીને વિવિધ ભાષામાં અલગ-અલગ નામે ઓળખવામાં આવે છે જેમ કે સંસ્કૃતમાં મધૂલિકા કે નર્તક, હિન્દીમાં મંડુઆ મકરા, અંગ્રેજીમાં ફિંગર મિલેટ, ગુજરાતીમાં પાગલી, નાવતોનાગલી જે હવે નાચણી તરીકે ઓળખાવા લાગી છે. પંજાબીમાં ચાલોડરા કે કોદા, મરાઠીમાં નાચણી કે નચીરી, રાજસ્થાનમાં રાગી, આસામીમાં મરૂબા ધાન.

## રાગીના મૂઠિયા



૧ કપ રાગીનો તાજો લોટ, ૧ કપ ઘઉંનો જાડો લોટ અથવા ૧ કપ રવો, ૧ મોટી વાટકી મેથીની ભાજી, ૧ નાની વાટકી ઝીણી સમારેલી કોથમીર, ૧ વાટકી દહીં, ૧ નાની ચમચી તલ, ૨ ચમચી ખાંડ, સ્વાદાનુસાર મીઠું, ૧ નાની ચમચી હિંગ, ૧ નાની ચમચી હળદર, ૨ નાની ચમચી ધાણાજીરું, ૨ ચમચી વાટેલાં આદું-મરચાં-લસણ, ૨ મોટી ચમચી તેલ મોણ માટે, ૨ મોટી ચમચી તેલ વઘાર માટે, વઘાર માટે રાઈ, મીઠો લીમડો, હિંગ, તલ તથા સજાવટ માટે કોથમીર.

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ રાગીનો લોટ તથા ઘઉંનો જાડો લોટ એક કથરોટમાં લેવો. તેમાં ૨ ચમચી તેલનું મોણ ઉમેરવું. ત્યારબાદ તેમાં આદું-મરચાં-લસણ, સ્વાદાનુસાર મીઠું, ખાંડ, હળદર, ધાણાજીરું, હિંગ ભેળવીને હલાવી લેવું. ત્યારબાદ તેમાં મેથીની ભાજી, ઝીણી સમારેલી કોથમીર ભેળવીને આવશ્યક્તા મુજબ દહીંથી લોટ થોડો ઢીલો બાંધવો. તેના ગોળા વાળી લેવાં, પ્રેશરકુકરમાં ૩ સિટી વગાડવી. ગરમાગરમ મૂઠિયાને વઘારીને ઉપરથી કોથમીર-તલથી સજાવીને લીલી ચટણી સાથે પીરસવા.

**વજનને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગીઃ** રાગીમાં ટ્રિપ્ટોફૈન એમિનો એસિડ ભૂખ ઘટાડવામાં ઉપયોગી ગણાય છે. મેટાબોલિઝમને સુધારવામાં રાગીમાં સમાયેલું ફાઈબર મદદ કરે છે. રાગીમાં ફાઈબરની માત્રા ભરપૂર હોય છે. જેથી તેનો આહારમાં ઉપયોગ કરવાથી લાંબા સમય સુધી પેટ ભરાયેલું રહે છે. જેને કારણે વારંવાર ખાઈને કૅલેરી વધારવાની આવશ્યક્તા રહેતી નથી. જેમને વારંવાર કાંઈને કાંઈ ખાવાની આદત હોય કે પછી ફાસ્ટફૂડની દિવાનગી હોય તેમને માટે રાગીનો વિકલ્પ શ્રેષ્ઠ પર્યાય બની શકે છે.

**હાડકાં મજબૂત બનાવવામાં ગુણકારી :** હાડકાંની તંદુરસ્તી જાળવવામાં મુખ્ય ભૂમિકા કૅલ્શિયમની હોય છે. રાગીમાં કૅલ્શિયમની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી છે. રાગીનું વિવિધ રીતે નિયમિત સેવન હાડકાંને બરડ બનતાં અટકાવે છે. ૧૦૦ ગ્રામ રાગીમાં ૩૪૪ મિલીગ્રામ કૅલ્શિયમ સમાયેલું હોય છે. જે હાડકાંના ઘનત્વને જાળવી રાખવામાં મદદ કરે છે. રાગીના સ્વાસ્થ્ય લાભ વિશે પૂરતાં વૈજ્ઞાનિક પ્રમાણ હોવાની સાથે આયુર્વેદના સિદ્ધાંતોની સાથે તેનો મેળ બેસે છે.

**કબજિયાતથી રાહતઃ** રાગીમાં ડાયેટરી ફાઈબરની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. ૧૦૦ ગ્રામ રાગીની રોટીમાં ૧૧.૫ ગ્રામ ડાયેટરી ફાઈબર સમાયેલું હોય છે.જેથી રાગીની રોટી કે રાગીનો ઢોંસો ખાવાથી તેનું પાચન સરળતાથી કરી શકાય છે. જેને કારણે લાંબા સમયથી ચાલી આવતી કબજિયાતની સમસ્યાને દૂર કરવામાં મદદ મળે છે. માનસિક તાણ કે ઉજાગરાને કારણે કબજિયાતની તકલીફ રહેતી હોય તેમણે રાગીનો આહારમાં ઉપયોગ વધુ કરવો જોઈએ.

**બ્લડપ્રેશરને નિયંત્રિત કરવામાં લાભકારીઃ** વૈજ્ઞાનિક શોધ દ્વારા એવું જાણવા મળે છે કે રાગીમાં ફાઈબરની માત્રા ભરપૂર પ્રમાણમાં હોવાથી તેના રેચક ગુણો રક્તવાહિનીને બંધ થતાં કે લોહી ગંઠાઈ જતાં રોકવામાં મદદ કરે છે. જેને કારણે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

## રાગીના આરોગ્યવર્ધક ગુણો

**ઍનિમિયાની તકલીફમાં ઉપયોગી :** રાગી આયર્નથી સમૃદ્ધ ધાન ગણાય છે. ૧૦૦ ગ્રામ રાગીમાં ૩.૨ મિલિગ્રામ આયર્ન સમાયેલું હોય છે. ઍનિમિયાનું મુખ્ય કારણ શરીરમાં આયર્નની ઊણપ ગણાય છે. થોડું કામ કરવાથી અશક્તિ આવી જવી કે શરીર સફેદ બની જવું જેવી સમસ્યા હોય તેમણે લોહીમાં આયર્નની માત્રા અચૂક તપાસ કરાવવી જોઈએ. રાગીનો ઉપયોગ પ્રમાણભાન રાખીને કરવાથી ઍનિમિયાની સમસ્યાથી રાહત મેળવી શકાય છે.

**ત્વચાને મુલાયમ રાખવામાં મદદરૂપ :** રાગીમાં મેથિઓનિન, ટ્રિપ્ટોફૈન તથા લાઈસિન જેવા એમિનો એસિડ સમાયેલાં છે. જે ત્વચાના ટીસ્યૂને નુકસાન થતાં બચાવે છે.

ત્વચાના કૉલેજનને વધારવામાં મદદ કરે છે. જેને કારણે ત્વચાની મુલાયમતા જળવાઈ રહે છે. અનેક વખત વય વધવાની સાથે કે ત્વચા સૂકી પડી જવાને કારણે ત્વચા ઉપર કરચલી દેખાવા લાગે છે. જે રાગીનો આહારમાં ઉપયોગ કરવાથી ટાળી શકાય છે.

**બાળકો માટે લાભદાયી :** રાગીમાં કૅલ્શિયમનું પ્રમાણ વધુ હોવાથી બાળકોના સંપૂર્ણ વિકાસ માટે આવશ્યક ખનીજ ગણાય છે. જે બાળકોના સંપૂર્ણ વિકાસ માટે લાભકારક ગણાય છે. હાડકાંને મજબૂત બનાવવાની સાથે રાગીમાં સમાયેલું પ્રોટીન કુપોષણની અસર ધરાવતાં બાળકો માટે અત્યંત આવશ્યક આહાર ગણાવી શકાય.

**ડાયાબિટીસમાં લાભકારી :** રાગીની રોટલી કે રાગી ઢોસો ડાયાબિટીસના દર્દીઓ માટે વરદાન સમાન ગણાવી શકાય. રાગીમાં ફાઈબરની ઉચ્ચ માત્રા હોવાથી તે લોહીમાં શર્કરાની માત્રા નિયંત્રિત કરવામાં મદદ કરે છે. વળી કૅલ્શિયમ, ઍન્ટિ-ઓક્સિડન્ટ, ફાઈટોકેમિકલનું પ્રમાણ ભરપૂર સમાયેલું હોય છે. જે પાચનમાં ધીમું ગણાય છે. જેને કારણે લોહીમાં રક્ત-શર્કરાની માત્રા લાંબા સમય સ્થિર રાખવામાં મદદ કરે છે. રાગીનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો છે. તેનો અર્થ એવો થાય છે કે રાગીનું સેવન કર્યા બાદ લોહીમાં શર્કરાની માત્રા ધીમે-ધીમે છોડે છે, જેને કારણે ઍનર્જી લેવલ જળવાઈ રહે છે. કારણે બ્લડશુગરને નિયંત્રિત રાખવામાં મદદ મળે છે. તેથી જ મધુમેહના દર્દીઓને માટે રાગીનો આહારમાં ઉપયોગ આવશ્યક તથા ગુણકારી ગણાય છે.

**રાગીનું સેવન કઈ રીતે કરી શકાય :** રાગીનો આહારમાં સમાવેશ વિવિધ રીતે કરી શકાય છે. જેમ કે રાગી દલિયાઃ રાગીના દલિયા એટલે કે રાગીને રાત્રે પાણીમાં પલાળીને તેને સવારે બાફી લેવાં. તેમાં દૂધ-ખાંડ ભેળવીને ખાઈ શકાય. ઘીમાં જીરું-મીઠો લીમડો હિંગનો વઘાર કરીને સ્વાદાનુસાર મીઠું-વાટેલાં આદું-મરચાં ભેળવીને કોથમીરથી સજાવીને ઉપયોગમાં લઈ શકાય. દહીં સાથે અત્યંત સ્વાદિષ્ટ લાગે છે.

**રાગીના ઢોંસા કે રોટલી :** રાગીના લોટને નવશેકા પાણીથી બાંધીને શુદ્ધ ઘી ૧ ચમચી ભેળવીને બરાબર કેળવીને ગરમાગરમ રોટલી બનાવીને ખાઈ શકાય. રાગીના ઢોંસા બનાવીને તેનો આનંદ માણી શકાય. રાગીનો ઉપમા, રાગીની ઈડલી વગેરે બની શકે છે.

**રાગીનું પીણું :** રાગીના લોટને થોડો શેકીને તેમાં દૂધ કે પાણી ભેળવીને તેનું પીણું બનાવીને પીવું જોઈએ. જે નાના-મોટા પ્રત્યેક વ્યક્તિને માટે પૌષ્ટિકતાનો શ્રેષ્ઠ વિકલ્પ છે.


**રાગી લાડુઃ** રાગીના લોટને શેકીને તેમાં સૂકોમેવો અધકચરો વાટીને ગોળના લાડુ બનાવીને ખાવાનો એક હટકે આનંદ છે.

**મિક્સ રાગી-બાજરો-ચોખા-મગની દાળઃ** રાગીની સાથે વિવિધ કડધાન્ય જેવાં કે બાજરો-મગની દાળ-જુવાર-ચોખા પ્રત્યેકને ૩-૪ કલાક પલાળીને તેની સ્વાદિષ્ટ ખીચડી બનાવીને એક સમતોલ આહાર ગ્રહણ કર્યાનો સંતોષ મેળવી શકાય છે.

રાગીના મૂઠિયાં, રાગીની સેવ, રાગીની ગોળપાપડી વગેરે બનાવી શકાય છે. બજારમાં રાગીના ખાખરા સરળતાથી મળી રહે છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

# પ્રાથમિક સારવાર શ્રેણી
# શ્વાસ ગૂંગળાવા માંડે ત્યારે...




### શું છે એનાં લક્ષણ?

અન્ન કે કોઇ અન્ય પદાર્થ શ્વાસનળીમાં આવી જવાથી શ્વાસ લેવામાં તકલીફ પડવી...

શ્વાસનળી રૂંધાવાથી ફેફસાઓને પ્રાણવાયુ મળતો નથી, તેથી મગજના કોષોનો ૪-૫ મિનિટમાં નુકસાન થવા લાગે છે. જો તે સમયે યોગ્ય સારવાર લેવામાં ન આવે તો દર્દી મૃત્યુ પામે છે.

### આવી ગૂંગળામણથી બચવાનાં ઉપાય



શ્વાસ રૂંધાઇ ગયો હોય અને વ્યક્તિ ભાનમાં હોય ત્યારે મદદ કરવાની રીત ...

જો દબાણપૂર્વક ઉધરસ આવતી હોય તો સંભવ છે કે પદાર્થ પોતાની રીતે બહાર નીકળી જશે, પરંતુ જો તેનાથી ન નીકળે તો આ મુજબની રીત અપનાવવી...

જો કોઇ મદદ કરનાર ન હોય તો નજીકમાં સ્થિર વસ્તુ (ખુરશી, ટેબલ વગેરે) હોય ત્યાં જઇને અહીં દર્શાવેલ ફોટા મુજબ કરવું, જેમકે...

### દર્દીની પાછળ ઊભા રહેવું



એક હાથની મુટ્ઠીવાળી અંગૂઠાવાળો ભાગ નાભીથી ૧ ઇંચ ઉપર અને છાતીના હાડકાથી નીચે રાખી બીજો હાથ તેના પર મૂકવો.

હાથને પેટના અંદરના ભાગ તરફ દબાવવા અને ઉપર તરફ ઝડપથી ખેંચવા. જયાં સુધી પદાર્થ બહાર ન નીકળે ત્યાં સુધી વારંવાર આમ કરતાં રહેવું...

જો દર્દી બેભાન થઇ ગયો હોય તો તરત CPR શરૂ કરી દેવું.

### ૧ વર્ષથી નાનાં બાળકોને મદદ કરવાની રીત



અહીં દર્શાવેલા ફોટા મુજબ બાળકને ઊંધું સૂવડાવી, તેને એક હાથમાં પકડી બીજા હાથના પંજા દ્વારા પાંચ વાર પીઠમાં મારવું.

જો ઉપરોક્ત પદ્ધતિથી વસ્તુ બહાર ન નીકળે તો બાળકને જમીન પર છતું સૂવડાવી છાતીની મધ્યે બે આંગળીઓ મૂકી પાંચ વાર ધીરે અને ઊંડું દબાવવું.

જો બાળક બેભાન થઇ ગયું હોય તો તરત જ શરૂ કરી દેવું....

* * * ** * * *

### સી. પી. આર. એટલે શું?

### હૃદય - ફેફસાંનું પુનર્જીવન

(CPR એટલે Cardio Pulmonary Resuscitation )

CPR એ અચાનક હૃદય બંધ પડવાની કે શ્વાસોશ્વાસ બંધ થઇ જવાની ઘટનામાં વ્યક્તિને છાતી ઉપર આપવામાં આવતી ઝડપી દબાણની તાત્કાલિક સારવાર છે. CPR આપવાથી હૃદય બંધ પડી ગયેલી વ્યક્તિના શરીરમાં લોહીનું પરિભ્રમણ ચાલુ કરી શકાય છે. આનાથી શરીરના મહત્ત્વના અંગો જેવાં કે, મગજ, હૃદય, કિડની અને લીવર વગેરેને લોહી મળતું રહે છે અને આવી વ્યક્તિને જો તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં આવે તો, તેમની જિંદગી બચવાની શકયતા ખૂબ જ વધી જાય છે.

જો વ્યક્તિ જાગૃત હોય તો CPR ક્યારેય ન કરવું.

જયારે તમે એકલા હો અને અચાનક કોઇ વ્યક્તિને જમીન પર પડેલી જુઓ તો સૌથી પહેલા એ ચકાસી લો કે શું તેન ખરેખ CPRની જરૂર છે કે નહીં, તે આ મુજબની રીતથી તપાસી શકાય છેઃ

### તેના શ્વાસ ચાલે છે?

મુખ્ય બે ધમની દ્વારા ચેક કરી શકાય.

૧) ગળાની અને ૨) હાથની

ગળાની બંને સાઇડ કેરોટીડ નામના ધમની હોય છે. ત્યાં ધબકારા ચેક કરવા.

હાથની બહારની સાઇડ પર રેડીયલ નામની ધમની હોય છે. ત્યાં ધબકારા માટે તપાસવું.

### સી. પી. આર. ક્યારે કરવું ?

અહીં દર્શાવેલાં કોઇ પણ કારણસર જયારે વ્યક્તિનું હૃદય બંધ પડી જાય અને તે બેભાન થઇ જાય ત્યારે...

- હાર્ટએટેક
- સ્ટ્રોક
- અકસ્માત
- પાણીમાં ડૂબેલ વ્યક્તિને તરત બહાર કાઢ્યો હોય.
- ઇલેક્ટ્રિક શોક
- ઝેર પીધું હોય તે દરમિયાન કે પછી અન્ય કારણોસર હૃદય બંધ પડી ગયું હોય.

### CPR કરવામાં કયારેય ડર ન રાખવો

ઘણા લોકો આત્મવિશ્વાસના અભાવે અથવા જોખમના ભયે સામેના વ્યક્તિને CPR કરવામાં ડરતા હોય છે, પરંતુ તેમાં ડરવાની કાંઇ જરૂરિયાત નથી. વળી ઘણા લોકો ડરતા હોય છે કે, તેમના કારણે દર્દીને વધારે નુકસાન તો નહીં થાય ને? પરંતુ તે ખોટી માન્યતા છે. કેમ કે, જો તમે સમયે યોગ્ય નિર્ણય નહીં લઈ શકો, તો વ્યક્તિનું ૮ થી ૧૦ મિનિટમાં મૃત્યુ થઈ શકશે. કદાચ તમારા CPR દ્વારા જો વ્યક્તિને અન્ય નુકસાન થાય તો તે રિપેર થઈ શકે છે, પરંતુ તે સમયે તમારા નિર્ણય ન લેવાથી વ્યક્તિ મૃત્યુ પામશે. માટે પાછળથી પસ્તાવું પડે તેના કરતાં CPR કરવાનું શરૂ કરી દેવું બહુ સારું.

### સી.પી.આર. કરવાની રીત

**નોંધઃ** અહીં માત્ર CPR કરવાની રીત દર્શાવેલી છે. વ્યવસ્થિત શીખવા માટે તેનો પ્રેક્ટિકલ કોર્સ કરવો લાભદાયક છે.

૧) દર્દીને સપાટ અને નક્કર જગ્યા પર સૂવડાવો.


૨) દર્દીનું માથું પાછળની બાજુ નમાવો, જેથી તેની શ્વાસનળી ખુલ્લી રહે.

૩) વ્યક્તિની છાતીની વચ્ચોવચ તમારા બંને હાથ મૂકો. તમારા એક હાથ પર બીજો હાથ રાખો.

૪) હવે છાતી પર મિનિટમાં ૧૦૦ વાર દબાણ આવે એ રીતે જોરથી અને ખૂબ ઝડપથી વારંવાર દબાણ આપો.

૫) દરેક દબાણ વખતે છાતી ૨ ઇંચ જેટલી દબાવવી જોઈએ.

૬ ) જો દર્દી બચી જાય તો પછી તેને આરામદાયક સ્થિતિમાં સૂવડાવી દેવો. અને જો કાંઈ પ્રતિક્રિયા ન દર્શાવે તો એમ્બ્યુલન્સ આવે ત્યાં સુધી CPR ચાલુ રાખવું. ■



feedback@bombaysamachar.com
ટૂંકુ ને ટચ
રશ્મિ શુક્લ

# લિવરને હેલ્ધી રાખવું છે તો ખાઓ આ શાકભાજી

**લિવર** આપણાં શરીરનું 'પાવર હાઉસ' ગણાય છે. જે આપણાં શરીરમાંથી ઝેરી તત્ત્વોને બહાર કાઢવામાં મદદ કરે છે અને સાથે જ મેટાબોલિઝમને પણ તંદુરસ્ત રાખે છે. ડૉક્ટર મુજબ જો આપણી ખાણીપીણીમાં થોડો સુધાર કરીએ તો લિવરને તંદુરસ્ત રાખી શકાય છે.

લિવર આપણાં શરીરનો સૌથી અગત્યનો અંગ છે. લિવરને કારણે અનેક બીમારીઓ થાય છે. એને કારણે ફેટી લિવર, હેપેટાઇટિસ અથવા લિવર સોરાયસિસ જેવી સમસ્યા ઉદ્ભવે છે. એથી લિવરને સ્વસ્થ રાખવા માટે ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. ડાએટ્સમાં પોષણયુક્ત આહારનો સમાવેશ કરવો જોઈએ.

**બીટઃ** બીટમાં બીટાલેન અને એન્ટિઓક્સિડેન્ટ્સની માત્રા વધુ હોય છે. લિવરના સોજાને ઘટાડવામાં મદદ કરે છે. સાથે જ ઓક્સિડેટિવ સ્ટ્રેસને પણ એ ઘટાડે છે. પિત્તના પ્રવાહને સુધારે છે. જેનાથી શરીરની ગંદકી સરળતાથી બહાર નીકળી જાય છે. બીટનું જ્યૂસ અથવા સલાડ લિવર ડિટોક્સ કરવા માટે ઉત્તમ છે.

**બ્રોકલીઃ** બ્રોકલીમાં ગ્લૂકોસાઇનોલેટ નામનું તત્ત્વ મળી આવે છે. લિવરને કુદરતી સ્વચ્છ રાખવા માટે જરૂરી એન્ઝાઇમને વધારે છે. લિવરને ડેમેજ થતાં અટકાવે છે. સાથે જ ફેટી લિવર પણ નથી થવા દેતું. એમાં હાજર ફાઈબર પાચન તંત્રને દુરુસ્ત રાખે છે.

**કારેલાઃ** લિવરને સ્વસ્થ રાખવા માટે તો કારેલા ખૂબ જરૂરી છે. એ લોહીને સાફ કરે છે અને લિવરને મજબૂત બનાવે છે. સાથે જ સ્કિનને પણ ચમકદાર બનાવે છે. લિવરને ડિટોક્સ કરવાની સાથે એન્ઝાઇમના ઉત્પાદનને પણ વધારે છે અને કબજિયાત પણ મટાડે છે.

**ખાટા ફળઃ** લીંબુ અને આંમળામાં વિટામિન-સી ભરપૂર માત્રામાં હોય છે. જે ટોક્સિનની અસરને ઘટાડે છે.

**ઓલિવ ઓઇલઃ** ઓલિવ ઓઇલ લિવરમાં ફેટ નથી જમા થવા દેતું.

**ઓટ્સઃ** એમાં ભરપૂર પ્રમાણમાં ફાઇબર હોવાથી પાચનની પ્રક્રિયાને સુધારે છે.

**પાણીઃ** પેશાબ અને પરસેવાના માધ્યમથી ઝેરી પદાર્થ બહાર કાઢવામાં પાણી અગત્યની ભૂમિકા ભજવે છે. એથી દિવસમાં ૮-૧૦ ગ્લાસ પાણી પીવું જોઈએ. એનાથી ગંદકી બહાર નીકળી જાય છે.

**પરેજીઃ** પ્રોસેસ્ડ ફૂડ, સાકર, મેંદો અને દારૂનું સેવન ન કરવું.

**સ્વસ્થ ખોરાકઃ** ઘરે બનાવેલો તાજો ખોરાક ખાવાનો આગ્રહ રાખવો.

**વ્યાયામઃ** શારીરિક પ્રવૃત્તિઓ રક્ત સંચારને વધારે છે. ચયાપચયને વધારે છે. ઝડપથી ચાલવું અને યોગ જેવી પ્રવૃત્તિઓ લિવરને સુચારુ ઢબે કાર્ય કરવામાં મદદ કરે છે.

**પૂરતી નિંદરઃ** આપણે જ્યારે ઊંઘતા હોઈએ ત્યારે લિવર સક્રિય થાય છે અને જરૂરી પ્રક્રિયા કરે છે. એથી ૭-૯ કલાકની નિંદર દરેકે લેવી જોઈએ. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# શરીરના પોષણ માટે યોગ્ય સંયોજન જરૂરી...

છેલ્લાં પચાસ વર્ષમાં આપણા ખાદ્યપદાર્થો અને ખાવાની રીતોમાં ઘણાં પરિવર્તન આવ્યા છે. ભૌતિક અને માનસિક ખુશહાલી માટે ભોજન જરૂરી છે. ખાન-પાન આપણાં સ્વાસ્થ્યને સશક્ત અને મજબૂત બનાવી શકે છે. ખાદ્યપદાર્થના સંયોજન યોગ્ય અને મેળ ખાતાં હોવા જરૂરી છે તેમજ એકબીજાના પૂરક અને સ્વાદમાં મેળ ખાતાં હોવા જરૂરી છે જેથી શરીરમાં રસાયણ પ્રક્રિયા યોગ્ય રીતે થાય તે સંપૂર્ણ પ્રક્રિયાથી વિટામિન, મિનરલ્સ, હોર્મોન અને એન્ઝાઈમ તેમાંથી બની શકે. અમાયનો એસિડની પ્રક્રિયા પૂર્ણ થયા પછી જ શરીરમાં પ્રોટીન બની શકે છે. જે ખાદ્યપદાર્થ રસાયણ અને હોર્મોન માટેનો ખોરાક અજાણતાના સ્તર પર લઈએ છીએ જે યોગ્ય ખોરાક ન હોય તો તે બીમારીનું મોટું કારણ બની શકે છે.

જેમ વિચાર મેળ ન ખાય તો વિવાદનું કારણ બને છે તેમ યોગ્ય સંયોજન વાળો ખોરાક શરીરને પોષણ આપે છે. યોગ્ય સંયોજન વગરનો ખોરાક શરીરને પોષણ આપતો નથી જેથી શરીરમાં ઘણી ખામી સર્જાય છે. ખરાબ ખાનપાન આરોગીને સંતુલન બગડે પછી એન્ટાસીડ કે એન્ટિબાયોટિક લઈ સંતુલન તો થતું નથી વધુ બગડે છે, જે મૂર્ખતા માનવ કરી રહ્યો છે. પ્રાણીઓમાં જે શાણપણ છે તે માનવમાં કેમ નથી એ પ્રશ્ન જરા વિકટ છે. પ્રાણીઓ જે પદાર્થને સુંઘી લે છે પછી તે ખાવા યોગ્ય ન હોય તો તે ખાતા જ નથી. માનવ એવો ખોરાક ખાય છે જે પશુ અડતાં નથી. પશ્ચિમીકરણના પ્રભાવથી આજે લોકો મહિનાઓ પહેલાં બનેલો ખોરાક ખાય છે જેમાં કોઈ ફૂડ વેલ્યૂ નથી. ફક્ત કેમિકલ અને સ્વાદ છે અને તે અયોગ્ય સંયોજનથી બનેલો છે. તામસિક અને પોષણ વગરનો ખોરાક હોવાને કારણે શરીરની ઊર્જાનો નાશ થાય છે. શરીરમાં એક પ્રકારની જડતા આવે છે. આ જડતાના કારણે શરીરની પ્રક્રિયા ધીમી પડે છે અને શરીર વ્યવસ્થા બગડી જાય છે. પુનર્નિર્માણ કરવા માટે ખૂબ મોટો સમય લે છે એટલે બીમારી આવે છે હાથીની જેમ અને જાય છે કીડીની જેમ. એટલે બીમારી મોટા સ્વરૂપે આવે છે અને તે ધીમી ગતિએ સાજી થાય છે. યોગ્ય ચિકિત્સા હોય તો થોડું સારું થાય છે નહીં તો તે બીમારી સાથે જ જીવવું પડે છે.



સંપત્તિથી સમૃદ્ધ દેશ કે દેશના લોકો પાસે ઘણાંય વિકલ્પો ખાન-પાન માટે હોય છે. છતાં પણ તેઓ કમર્શિયલ રીતે બનાવેલું ભોજન લે છે. આ એક મોટી મૂર્ખતા છે. આ કમર્શિયલ રીતે બનાવેલો ખોરાકથી સ્વાસ્થ્યનું સંતુલન બગાડીને પછી તેઓ રાસાયણિક દવાઓ જેવી એન્ટાસીડ કે એન્ટિબાયોટિકનું સેવન કરે છે. ભારતીય શૈલી થોડી પશ્ચિમી અનુકરણને કારણે બગડી છે. ભારતીય સંસ્કૃતિમાં ભોજન બની ગયા પછી દોઢ કલાકના સમયગાળામાં વપરાઈ જતા તાજા બનાવેલા ખોરાકની પરંપરા હતી. આ ભોજન ઊર્જાના સ્તર વધારી દે છે.

કામકાજી જીવનના કારણે કે ભોજન બનાવાની પારંપરિક પદ્ધતિ ભૂલવાના કારણે આજે યોગ્ય સંયોજનવાળો ખોરાક લોકો નથી લઈ શકતા, જેના કારણે ઊર્જાનું સ્તર નીચે જઈ રહ્યું છે. જલદી થકાવટ, વાળ સફેદ થવા, શરીરમાં દુખાવા વગેરે નાની વયમાં દેખાઈ રહ્યું છે. ખાવાના યોગ્ય સંયોજન વિશે થોડી માહિતી આપણે જાણીએ.

સિંગ-ચણા સાથે ખાવાનું કારણ જાણવું જરૂરી છે. શેકેલા ચણા અને સિંગમાં ઘણુંય પ્રોટીન છે. આ પ્રોટીનનો લાભ લેવા માટે બન્ને સાથે ખાવા જરૂરી છે સરખી માત્રામાં. કારણ કે ચણામાં લાઈસીન અમાયનો એસેન્સ છે પણ મિથ્યોનીન નથી. સિંગમાં મિથ્યોનીન છે પણ લાઈસીન નથી. એક પ્રોટીન બનાવવા આ બન્ને અમાયનો એસેન્સની જરૂર છે. પ્રોટીન બનાવવા આ એકબીજાના પૂરક છે. લીવર સારી રીતે પ્રોટીન બનાવી શકે માટે આ બન્ને સરખી માત્રામાં લેવા જરૂરી છે. એકલા ખાવાથી બીજા તત્ત્વ મળશે પણ સારું પ્રોટીન અને પૂરેપૂરો લાભ બન્ને સાથે ખાવાથી જ મળે છે. બન્ને એકબીજા વગર અધૂરા છે.

દાળમાં મિથ્યોનીન અને ભાતમાં લાઈસીન છે. બન્નેને ભેગા લેવાથી જ આનો લાભ મળે છે. એકપણ અમાયનો એસેન્સ ઓછું હોય તો પૂર્ણ પ્રોટીન બનાવું મુશ્કેલ છે. એક કમ્પલિટ ફૂડ છે કે સંપૂર્ણ પ્રોટીનનો સ્ત્રોત છે.

ડ્રાયફ્રૂટ અને સીડ સાથે લેવા જોઈએ. બન્ને સાથે લેવા. હળદરમાં કરક્યુમીન છે. મરીમાં ગ્લાઈસિન લ્યૂસીન જેવા એસેન્સ છે. બન્ને એટલે હળદર મરીને સાથે લેવા જેમ કે તાજી હળદર અને મરીનું અથાણું અથવા તાજી હળદરની ચટણીમાં મરી નાખી ખાવું. ત્યારે જ તેમાંથી એક યોગિક સંયોજનનો ફાયદો થાય છે. હળદર અને મરી એન્ટિબાયોટિક છે જે વાયરસને શરીરમાં પ્રવેશવા દેતો નથી.

પાલકમાં આયરન છે. લીંબુમાં વિટામિન સી છે. આયરન ખટાશથી જ પચે છે. તો પાલક સાથે કે શાક બનાવતી વખતે તેમાં ખટાશ નાખવી જરૂરી છે. હળદરવાળું દૂધ લ્યો ત્યારે તેમાં ચપટી મરી નાખવા. ટમેટા એ એન્ટિ ઓક્સિડેન્ટ છે. તેમાં ફેટ નાખીને ખાવાથી તે પચે છે. ટમેટાના સુપમાં તાજું માખણ નાખીને ખાવું કે ઘી નાખીને ખાવું. દહીંમાં જીરું નાખીને ખાવું.

સંયોજન એ યોગ્ય હોય તો ખાવાનું પાચન થાય અને તેમાંથી યોગ્ય પ્રોટીન, કાર્બ અને ફેટ બને છે. તો આવાં ઘણાંય સંયોજન વિશે આપણા વડીલો જ્ઞાની હતાં. તેમના આ જ્ઞાનને આપણા માટે ઉપયોગી બનાવીએ. ■

feedback@bombaysamachar.com
વિશેષ
રેખા દેશરાજ

# લીમડોઃ ગરમીમાં શરીરનું સુરક્ષા કવચ



આપણા દેશમાં ઋતુ બદલાતાં જ આપણી જીવનશૈલી પણ બદલાઈ જાય છે. આપણે ઋતુ પ્રમાણે પોતાને ઢાળવું પડે છે. પ્રકૃતિ પ્રમાણે પોતાને ઢાળશું નહીં તો તકલીફ થશે. હોળી બાદ વસંત ઋતુની શરૂઆત થઈ જાય છે. વાતાવરણ ગરમ બની જાય છે. એને કારણે અનેક બીમારીઓ પણ આપણને ઘેરી વળે છે. એવામાં લીમડાની નાજુક પત્તીઓ આપણા સ્વાસ્થ્યને સુરક્ષા પ્રદાન કરે છે.

આયુર્વેદમાં લીમડાના પત્તાંઓને 'સર્વરોગ નિવારણ' કહેવામાં આવે છે. વસંત ઋતુમાં લીમડાના ઝાડ પર અનેક કોમળ અને હલ્કી કડવી પત્તીઓ ઊગી નીકળે છે. જેમાં ઔષધિ ગુણ સમાયેલા હોય છે. આ જ કારણ છે દેશનાં અનેક શહેરોમાં લીમડાનાં આ કોમળ પાંદડાં ચાવવામાં આવે છે.

### વસંતઋતુમાં આપણું સ્વાસ્થ્યઃ

આયુર્વેદ મુજબ શરીરમાં જામેલો કફ વસંત ઋતુમાં ઓગળવા માંડે છે. શિયાળાની ઋતુમાં આપણે ખૂબ જ ગરમ, મીઠાઈઓ અને પકવાન ખાઈએ છીએ. એનાથી અનેક સ્વાસ્થ્ય સંબંધી તકલીફો પણ શરૂ થાય છે. એલર્જી, ખાંસી, શરદી, ત્વચાના રોગ, આળસ અને પાચન સંબંધી તકલીફો ઊભી થાય છે. એવામાં લીમડાના પાંદડાં ચાવવા ખૂબ લાભદાયી છે. એનો કડવો સ્વાદ શરીરની અંદર રહેલો કફ અને ઝેરી તત્ત્વોને ઘટાડવામાં મદદ કરે છે. એથી વસંતને સફાઈની ઋતુ પણ ગણવામાં આવે છે. એમાં લીમડાના પાંદડાં ખૂબ ઉપયોગી નીવડે છે.

**લીમડાના પાંદડાની રોગ પ્રતિરોધક ક્ષમતાઃ** લીમડાના પાંદડામાં અનેક પ્રકારના જૈવ તત્ત્વ મળી આવે છે, જેમ કે નિમ્બિન, નિમગિન અને એન્ટિ-ઓક્સિડન્ટ. આ તત્ત્વો આપણા શરીરની રોગ પ્રતિકારક શક્તિને વધારે છે. વર્તમાનમાં પ્રદૂષણ, અસંતુલિત આહાર અને તણાવને કારણે લોકોની ઇમ્યુનિટી નબળી પડી ગઈ છે.

આ ખૂબ જ સરળતાથી મળી આવતી અને સસ્તી છે. જો આપણે આ ઋતુમાં એના પાંદડાનું નિયમિત સેવન કરીએ તો આખું વર્ષ આપણને વિવિધ ઇન્ફેક્શનથી બચવામાં સંરક્ષણ મળશે.

### કયા તત્ત્વો લીમડાને બનાવે છે ખાસ

લીમડાના પાંદડામાં એવા કેટલાંક કુદરતી તત્ત્વો મળી આવે છે જે આપણા આરોગ્યને વધુ સારું બનાવે છે. એ તત્ત્વો કયાં છે એના પર એક નજર...

**કુદરતી એન્ટિ-બાયોટિકઃ** લીમડામાં જીવાણુ અને વાયરસથી લડવાની અદ્ભુત શક્તિ હોય છે. એની અંદર રહેલા કુદરતી એન્ટિ-બાયોટિક તત્ત્વ જ તેને ખાસ બનાવે છે.

**રક્ત શુદ્ધિકરણઃ** લીમડાના પાંદડાં રક્તને સાફ કરવા અને ત્વચાના રોગોને ઘટાડવાની ક્ષમતા ધરાવે છે.

**કફ સંતુલનઃ** વસંત ઋતુમાં શરીરમાં અન્ય ઋતુની સરખામણીએ કફ વધી જાય છે. લીમડાના પાંદડાં કફને સંતુલિત કરવામાં મદદ કરે છે.

**પ્રતિરોધક શક્તિઃ** લીમડાના પાંદડાનો નિયમિતરૂપે ઉપયોગ કરવામાં આવે તો એનાથી આપણાં શરીરમાં કુદરતી રોગ પ્રતિકારક શક્તિનો વિકાસ થાય છે.

**પાચનમાં સુધારઃ** લીમડાના પાંદડાંમાં રહેલી કડવાશ આપણા પાચનતંત્રને સક્રિય કરે છે.

### ત્વચાની સુરક્ષા અને રક્ત શુદ્ધિ

વસંત ઋતુમાં ત્વચા સંબંધી સમસ્યાઓ વધી જાય છે, જેમ કે ચહેરા પર દાણા નીકળવા, ખંજવાળ અને એલર્જી થવી એ સામાન્ય બાબત બની ગઈ છે. એવામાં લીમડાના પાંદડાં આ તમામ તકલીફોથી રાહત આપે છે. જે આપણા લોહીને પણ શુદ્ધ કરે છે. આજ-કાલ તો લીમડાનાં અનેક ઉત્પાદનો જેમ કે સાબુ તથા તેલ માર્કેટમાં મળે છે. જોકે આ બધા પ્રોડક્ટ્સને બદલે માત્ર લીમડાના પાંદડાનો જ ઉપયોગ કરીએ તો અનેક ફાયદા થઈ શકે છે. લીમડાના પાંદડાને પાણીમાં ઉકાળીને તેનાથી સ્નાન કરવાથી ત્વચા સંબંધિત બીમારીઓ પણ દૂર રહે છે.

**શરીરને અંદરથી સાફ અને પાચન સુધારેઃ** લીમડાની કડવાશ આપણી પાચનશક્તિને સક્રિય બનાવે છે. લીમડાના કોમળ પાંદડાઓના સેવનથી આપણા શરીરની અંદર રહેલા ઝેરી પદાર્થો બહાર નીકળવામાં મદદ મળે છે. પાચનતંત્ર પણ મજબૂત બને છે. જોકે એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે આ પાંદડાનું વધુ પડતું સેવન પણ ન કરવું જોઈએ. ■

feedback@bombaysamachar.com
ફોકસ પ્લસ
રાજકુમાર 'दिनकर'

# સાઇટ્રસ ફળ ખાઓ ને ડિપ્રેશનથી દૂર રહો...

શું તમે જાણો છો કે દરરોજ એક સંતરું ખાવાથી ડિપ્રેશનનું જોખમ ૨૦ ટકા ઓછું થાય છે? માત્ર સંતરા જ નહીં, કુદરતે આપણને એવા ઘણા સાઇટ્રસ ફળો આપ્યાં છે જે આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. આ ખાટાં ફળો સ્વાદમાં તો અદ્ભુત હોય જ છે, સાથે જ તે આપણા માટે મૂડ બૂસ્ટર તરીકે પણ કામ કરે છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જો તમે માનસિક તણાવ અને ડિપ્રેશનથી બચવા માગતા હોવ, તો તમારા રોજિંદા આહારમાં સાઇટ્રસ ફળોનો સમાવેશ અવશ્ય કરો. સાઇટ્રસ ફળોમાં સંતરાં, લીંબું, મોસંબી, જામફળ અને કિન્નુ જેવાં ફળોનો સમાવેશ થાય છે. આ ફળો આપણા આંતરડાની શક્તિ અને રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે.

તમારા રોજિંદા આહારમાં આ ફળોનો સમાવેશ કરો. તેનો રસ પીવાને બદલે જો તમે આખું ફળ ખાશો, તો તેનાથી તમને ફાઈબર પણ મળશે. આ ઉપરાંત, બજારમાં વેચાતા પ્રોસેસ્ડ અને પેકેજ્ડ જ્યૂસ આપણા સ્વાસ્થ્ય માટે નુકસાનકારક હોય છે, કારણ કે તેમાં ખાંડનો વધુ પડતો ઉપયોગ કરવામાં આવે છે અને તેમાં રહેલા પ્રિઝર્વેટિવ્સ આપણા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે.

### હાર્વર્ડ અભ્યાસ શું કહે છે?

વર્ષ ૨૦૨૪માં 'માઇક્રોબાયોમ' જરનલમાં પ્રકાશિત એક સંશોધનમાં ૩૦ હજારથી વધુ મહિલાઓના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે જે મહિલાઓ નિયમિતપણે સાઇટ્રસ ફળો ખાય છે, તેમને ડિપ્રેશન થવાની શક્યતા ૨૦ ટકા ઓછી થઈ જાય છે. સંશોધકોએ સાઇટ્રસ ફળોમાં સંતરાને સૌથી વધુ અસરકારક ગણાવ્યાં છે. દરરોજ એક મધ્યમ કદનું સંતરું ખાવાથી આપણામાં ડિપ્રેશન વિકસાવવાનું જોખમ ઘટી જાય છે. તે આપણા આંતરડાના સોજાને ઘટાડે છે અને સેરોટોનિન અને ડોપામાઇન જેવા હોર્મોન્સને મગજ સુધી પહોંચાડવામાં મદદ કરે છે. નોંધનીય છે કે, આપણા શરીરનું લગભગ ૯૦ ટકા સેરોટોનિન અને ૫૦ ટકાથી વધુ ડોપામાઇન હોર્મોન, જે આપણને 'ગુડ ફીલ' કરાવે છે, તે એવા ન્યુરોટ્રાન્સમીટર છે જે આપણા આંતરડામાં બને છે. જ્યારે આપણું આંતરડું સ્વસ્થ હોય છે, ત્યારે આપણો મૂડ પણ સારો રહે છે અને તેનાથી આપણું માનસિક સ્વાસ્થ્ય મજબૂત બને છે.



વિવિધ સંશોધનો દર્શાવે છે કે સંતરાં અને અન્ય સાઇટ્રસ ફળો આપણા આંતરડામાં સ્વસ્થ બેક્ટેરિયાને પ્રોત્સાહન આપે છે. તેમાં રહેલી વિટામિન 'સી' ની વિપુલ માત્રા આપણા શરીરમાં સ્ટ્રેસ હોર્મોન એટલે કે કોર્ટિસોલના સ્તરને ઘટાડવામાં મદદ કરે છે, જે આપણને ચિંતા અને તાણથી રાહત આપે છે. ખાટાં ફળોની તાજી સુગંધ આપણા મૂડને બહેતર બનાવે છે. તેમાં રહેલા પોટેશિયમ અને સાઇટ્રિન થાકને દૂર કરે છે અને ઊર્જા પ્રદાન કરે છે. ખાટાં ફળો કુદરતી રીતે આપણને ધીમે-ધીમે એનર્જી આપે છે, શરીરને હાઇડ્રેટ રાખે છે અને તેમાં પાણીનું પ્રમાણ વધુ હોવાને કારણે તે ઇલેક્ટ્રોલાઇટનું કામ કરે છે. આ જ કારણ છે કે તે ખેલાડીઓની પહેલી પસંદ છે. સંતરાં અને અન્ય સાઇટ્રસ ફળો વર્કઆઉટ પછી શરીરને તાજગીથી ભરી દે છે.

તે ફક્ત સંતુલિત આહારનો જ ભાગ નથી, પરંતુ તેમનું પોષણ મૂલ્ય વજન અને ભૂખ બંનેને નિયંત્રિત કરવામાં પણ મદદ કરે છે. સાઇટ્રસ ફળોમાં કેલરી ઓછી અને પાણીનો ભાગ વધુ હોવાથી, તેને ખાધા પછી લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. તેમાં રહેલી કુદરતી ખાંડ ધીમે-ધીમે લોહીમાં ભળે છે, તેથી લોહીમાં સુગરનું સ્તર અચાનક વધતું કે ઘટતું નથી. તેનો જીઆઇ (ગ્લાયસેમિક ઇન્ડેક્સ) સ્કોર ઓછો હોય છે, તેથી તે ડાયાબિટીસના દર્દીઓ માટે પણ ફાયદાકારક છે.

### તમારા આહારમાં સાઇટ્રસ ફળોનો સમાવેશ કેવી રીતે કરવો

સાઇટ્રસ ફળો સ્વાદિષ્ટ, પૌષ્ટિક અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. તો ચાલો જાણીએ કે આપણે તેને આપણા આહારમાં કેવી રીતે સામેલ કરી શકીએ.

* સાઇટ્રસ ફળોનું જ્યૂસ પીવાને બદલે જો આખું ફળ ખાવામાં આવે, તો આપણને તેનો મહત્તમ લાભ મળે છે. આ ફળોનો રસ પીવો એટલે તેને ફાઈબર રહિત કરવા જેવું છે. કારણ કે આખું ફળ ખાવાથી તમને જેટલા ફાઈબર અને પોષક તત્ત્વો મળે છે, તેટલા ગરવાળા તાજા જ્યૂસમાં પણ હોતા નથી.
* જ્યારે પણ તમે સલાડ ખાઓ, ત્યારે તેમાં લીંબુના ટુકડા જરૂર સામેલ કરો. તમે લીંબુના ટુકડાને સલાડમાં નિચોવીને અથવા તમારા પીવાના પાણીમાં નિચોવીને લઈ શકો છો. જો તમે બેક કરેલી વાનગીઓમાં પૌષ્ટિકતા ઉમેરવા માગતા હોવ તો તેમાં ફળ, તેનો રસ અથવા તેની છાલની સ્મૂધી બનાવીને ઉપયોગમાં લઈ શકાય છે. ફળોને સૂકવીને તેનો ઉપયોગ ચામાં પણ કરી શકાય છે.
* સાઇટ્રસ ફળોને સ્મૂધીમાં ઉમેરીને અથવા તેને લીલા શાકભાજી સાથે ઉપયોગમાં લઈ શકાય છે.
* તાજા નિચોવેલા સાઇટ્રસ ફળોના રસ અને તેની છાલનો ઉપયોગ તમારી વાનગીઓના ડ્રેસિંગ અને સોસ તરીકે પણ કરી શકાય છે.
* ફળ, તેના રસ અથવા તેની છાલમાંથી બનાવેલી સ્મૂધીમાં કરી શકો છો. તમે ફળને સૂકવીને ચામાં પણ વાપરી શકો છો.
* જો તમે સૂકવેલા સાઇટ્રસ ફળો બહારથી ખરીદીને ખાઓ છો, તો પહેલા તે ફળોની તપાસ કરી લો. તેમાં વધારાની ખાંડ ન હોવી જોઈએ, કારણ કે તે સ્વાસ્થ્ય માટે નુકસાનકારક હોઈ શકે છે.
* જે લોકોને સાઇટ્રસ ફળોથી એલર્જી હોય છે, તેમના હોઠ અને પેઢામાં સોજો આવી શકે છે. મોઢામાં અથવા ગળામાં જડતા અનુભવાઈ શકે છે. તેથી, 'સ્કિન ટેસ્ટ' દ્વારા જાણી શકાય છે કે તમને ખાટાં ફળોની એલર્જી છે કે નહીં.
* લીંબુની છાલમાં જોવા મળતા 'લિમોનિન' નામના રસાયણથી પણ એલર્જી થઈ શકે છે. તેથી, જો તમને લીંબુની એલર્જી હોય, તો તેને ખાવાનું ટાળો.

જોકે, સાઇટ્રસ ફળો ફક્ત જોવામાં જ સુંદર નથી પણ પોષક તત્ત્વોથી પણ ભરપૂર છે. તેની મીઠી-મીઠી સુગંધ આપણને તેનું સેવન કરવા માટે પ્રેરિત કરે છે. તમે તેને આખા ફળ તરીકે ખાઓ, અથવા તેનો ગર, તેનો રસ અથવા તેની રેસાયુક્ત છાલના ઝેસ્ટ તરીકે કોઈપણ સ્વરૂપમાં તેનું સેવન કરો. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# શ્રદ્ધા હોય તો બધે અયોધ્યા ને શંકા હોય તો બધે લંકા...




આપણને એવું જરાય અભિમાન નઈ કે કોઈ ભગવાન આપણી બર્થડેમાં ન આવે તો આપણે નઈ જવાનું.. હું તો હમણાં રામના જન્મદિને રામમંદિરમાં ઉપડ્યો... કેમ જાણે કાલે પ્રભુ ૧૪ વર્ષ વનવાસ જતાં રહેવાનાં હોય એટલી ભીડ. હવે ગૂંચ એ પડી કે એને હેપી બર્થડે કહી ગિફ્ટ કે શુભેચ્છા કેમ આપવી? એમ તો ન કહેવાય કે 'શતાયુ ભવઃ'

કારણકે ભગવાનોમાં જનમ મરણના ફેરાનો રિવાજ નથી. એમ પણ ન કહેવાય કે 'તને સુખ સમૃદ્ધિ મળે...'

ત્યાં તો ચંબુએ પૂછ્યું : 'અરે વાહ અંકલ, આજે તમે પણ દર્શન કરવા આવ્યા છો?'

'ના, અમે અહીં ડાન્સ કરવા આવ્યા છીએ, સિલેન્ડર લેવા આવ્યા છીએ, પ્રભુ સાથે છુપાછુપી રમવા આવ્યા છીએ, અમારી રૂમ ખૂબ નાની છે એટલે ગુલાટ મારવા આવ્યા છીએ ... અમે દર્શન આપવા કે દર્શન કરવા આવ્યા તારે શું કામ છે?'

'અંકલ, ગરમ થયા વગર સાચું કહેજો પ્રભુના દર્શનમાં રસ છે કે એ શું આપે છે એમાં?'

'અરે, તો એમાં ખોટુ શું છે એક તો છે જે વગર માગે પણ ઘણું બધું આપે છે અરે ઘણીવાર લાયકાત કરતાં પણ વધારે આપે છે.'

'એગ્રી... પણ એ માટે તમારે અયોધ્યાના રામમંદિર જવું પડે.'

'અરે શ્રદ્ધા હોય તો બધે અયોધ્યા ને શંકા હોય તો બધે લંકા' એટલું બોલી હું બહાર નીકળ્યો પણ તુર્તજ મારો મોબાઈલ રણક્યો :

'હલ્લો કોણ?'

'હવે અવાજ ઉપરથી ઓળખ કોણ હોઈશ?'

'અરે રોજના કેટલા ફોનનો ઢગલો થાય છે એમ બધાના અવાજ ઓળખવા બેસું તો મારો જ અવાજ ન ઓળખી શકું.'

'અલ્યા રિંગટોન રાખ્યો છે 'હે રામ જગમાં સાચું તારું નામ' ને હમણાં તો મારી પાસે આવીને નીકળ્યો.'

'એટલે ખુદ પ્રભુ રામ પોતે જાતે?!' હું ભાવવિભોર બની ગયો. મારી ખોપરીમાં મગજ ભોય ચકરડીની જેમ ફરવા લાગ્યું...

'હા વત્સ, હું ખુદ રામપ્રસાદ દસરથલાલ અયોધ્યાવાળા, ઉર્ફે સીતાના પતિ ઉર્ફે લવ- કુશના પિતા... લક્ષ્મણ ભરતના મોટાભાઈ... હવે પહેલાં નંબર સેવ કર.'

'અરે પ્રભુ, અમે ગુજરાતી ખાલી સેવ નઈ પણ સેવમમરા, સેવગાંઠિયા, સેવબુંદી, સેવપાપડી બધું સેવ કરી દઉં બસ? તમે પોતેજ મારા દિલમાં સેવ થઈને બેઠા છો.'

'તો પછી બે મિનિટમાં દર્શન કર્યા ન કર્યા કરી ઉતાવળમાં નીકળી કેમ ગયો?'

'અરે પ્રભુ, આજે તમારા જન્મદિને હું કઈ માગું ને તમે આપી ન શકો તો કારણ વગર આપણા સંબંધો ખરાબ થઇ જાય.'

'હે અજ્ઞાની સુભાષ નામના જીવ, તું એ કેમ વિસરી જાય છે કે માગવા આવે છે એના કરતાં મળવા આવ તને માગવાની જરૂર નઈ પડવા દઉં. ચલ, હવે યુ ટર્ન મારી પાછો આવ આજે મારે તારી આગળ કેટલીક હૈયાવરાળ ઠાલવવી છે.'

-ને હું તુર્તજ પ્રભુ પાસે પહોંચ્યો : 'બોલો પ્રભુ.'

'હૈયાવરાળ નંબર એક : આ બુદ્ધ જયંતી, મહાવીર જયંતી, હનુમાન જયંતી, નાનક જયંતી, ગાંધી જયંતી કેટલી જનમ જયંતી ઉજવે છે? તો મારા જન્મદિને રામનવમી શું કામ રામ જયંતી કેમ નઈ? હું બધાથી અલગ?'

'અરે હા પ્રભુ ... પોઈન્ટ ટુ બી નોટેડ.'

'આવાં નોટેડ જેવાં તો ઘણા બફાટ કર્યા છે, બોલ ગંગા નીકળે ક્યાંથી?

'શંકરની જટામાંથી.'

'તો શંકરની જટામાંથી નીકળતી ગંગાને પાપ ધોઈ મેલી તમે કરો ને તોય પેલો તમારો રાજ કપૂર લઈ આવે રામ તેરી ગંગા મેલી?'

'સોરી પ્રભુ, કેટલાક સવાલોના જવાબ આપવા નથી મારી પાસે મગજ કે નથી શબ્દો.'

'તો શોધ ... અરે જેને જિંદગીમાં મારું નામ લીધું નથી ને જે કાયમ માટે સાંભળતો બંધ થઈ ગયો છે તેની અંતિમયાત્રામાં એના કાનની દુકાન બંધ હોવા છતાં બોલો છો 'રામ નામ સત્ય હૈ' અરે, તમે જે લાશને સ્મશાનમાં લઇ જાઓ છો એ શંકરનું નિવાસ સ્થાન છે તો શંકર 'બોલો ભાઈ શંકર' કે 'શંકર નામ સત્ય હૈ' બોલો. તમે માણસો ક્યારેય શાંતિથી રહ્યાં નથી પણ અમારા ભગવાનોમાં ઝઘડા કરાવવા લાગ્યા છો.'

'પ્રભુ પ્રભુ પ્રભુ...'

'એમ પ્રભુ પ્રભુ ન કર મને ખબર છે કે હું રામ નામનો પ્રભુ છું. અરે હમણાં મારા મંદિરમાં રાખેલી ભજન સંધ્યામાં જીગીશાએ જેવું ગાયું 'રાખના રમકડાં મારા રામે રમતા રાખ્યા રે મૃત્યુલોકની માટીમાંથી માનવ થઈને ભાખ્યા રે.' ત્યારે દેવલોકમાં ભલભલા ભગવાન ટેન્સનમાં આવી ગયા ત્યારે રહીમ જ ભડકયા 'અલ્યા રામ, આ રમકડાં વળી તું ક્યારથી બનાવવા લાગ્યો આ તો બ્રહ્માજીનો પોર્ટફોલિયો.'

'મને ખબર છે રહીમ કે માનવ સર્જનની ડ્યૂટી આમ તો બ્રહ્માજીની જ છે પણ થોડા વર્ષો પહેલા બ્રહ્માજી બીમાર પડેલા ને સિકલીવ પર ગયેલા ત્યારે આ સર્જનનો હવાલો મને સોંપેલો. મને થયું ચાલો, આપણે પણ માટીમાંથી થોડા માણસ નામના રમકડા બનાવીએ જે ક્રેડિટ મળે એને હું ફટાફટ સર્જન કરી પૃથ્વી પર ઠાલવતો ગયો... ભાઈ રહીમ, નવાઈ તો એ છે કે આ રમકડું પોતે રાખનું હોવા છતાં પોતે આખેઆખો રાખ બની જાય ત્યાં સુધી પોતે જ કેટલા રમકડાં રાખ રાખ કરે છે.. ધન-સાધનનું રમકડું પદપ્રતિષ્ઠાનું રમકડું, નામનાનું રમકડું પણ...'

આટલું હું બોલ્યો ત્યાં તો બ્રહ્માજી પોતાની ડ્યૂટી પર આવ્યા... 'પણ આ શું?' તેમના ચહેરા પર ૯૯૯૯ ક્રોધિત ભાવનો ઊભરો આવ્યો તેમની આંખો શેરવાણીના મોટા બટન જેવી થઇ ગઈ ને ભડક્યા :

'અલ્યા રામ માર્યોને લોચો. તે આ માટીમાંથી માણસો બનાવ્યા? આ માટી જાનવરો માટે હતી એ બિચારાઓએ મને વિનંતી કરેલી કે પ્રભુ અમને બીજીવાર જન્મ આપવો હોય ત્યારે કંઈપણ બનાવજો પણ માણસ ન બનાવતા પ્લીઝ.... ને તે મોટો લોચો માર્યો હું કંઈપણ વિચારું એ પહેલાં નીચે ઠાલવી દીધા હવે ભોગવજો બધા ભગવાનો. હવે હું હેલ્પલેસ.'

રામજીને કેવો પસ્તાવો થયો હશે...

શું કહો છો? ■

# ગારગાઈ ડેમ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન ઝડપી બનાવવા સુધરાઈ સ્પેશ્યલ સેલ બનાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પાલઘર જિલ્લામાં ગારગાઈ ડેમ પ્રોજેક્ટ માટે બાકી રહેલી ઔપચારિકતા પૂર્ણ કરવા માટે ખાસ જમીન સંપાદન સેલની સ્થાપના કરવાનો પ્રસ્તાવ પાલિકા પ્રશાસન સ્થાયી સમિતિમાં મંજૂરી માટે લાવી છે. તાજેતરમાં સ્થાયી સમિતિએ ગારગાઈ ડેમ પ્રોજેક્ટમાં થઈ રહેલા વિલંબ અને ખર્ચમાં થઈ રહેલા વધારાને કારણે પ્રોજેક્ટને અટકાવ્યો હતો.

અધિકારીઓના જણાવ્યા મુજબ પ્રસ્તાવિત સેલમાં બે વધારાના કલેક્ટર, ચાર ડેપ્યુટી કલેક્ટર અને ચાર તહેસીલદાર સહિત ૧૦ અધિકારી હશે. આ ટીમની નિમણૂક ૨૬ એપ્રિલ, ૨૦૨૬થી ૩૧ માર્ચ, ૨૦૨૭ સુધીના સમયગાળા માટે કામચલાઉ ધોરણે કરવામાં આવશે.

પાલિકાના પ્રસ્તાવ મુજબ કલેટરની ઓફિસ અને મહેસૂલ વિભાગના અધિકારીઓને પાલિકાના ભંડોળમાંથી ચૂકવણી કરવામાં આવશે, કારણકે આ અધિકારીઓ જમીન સંપાદનમાં સીધા સામેલ રહેશે. આ નિમણૂક રોટેશનલ હશે. પાંચ અધિકારીઓ જેમાં એક એડિશનલ કલેક્ટર, બે ડેપ્યુટી કલેક્ટર અને બે તહસીલદારનો સમાવશ થાય છે. તે પહેલા છ મહિના માટે સેવા આપશે અને ત્યારબાદ બાકીના પાંચ આગામી છ મહિના માટે સેવા આપશે.

આ સ્પેશિયલ સેલમાં કલેક્ટર ઓફિસ અને મહેસૂલ વિભાગના અધિકારીઓના સમાવેશ થશે. જેઓ જમીન સંપાદન સાથે સીધી રીતે વ્યવહાર કરશે. તેથી જમીન સંપદાનની બાકીની પ્રક્રિયા સરળ બનશે અને પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ થઈ શકશે.

ગારગાઈ પ્રોજેક્ટથી અસરગ્રસ્ત વ્યક્તિઓને પુનર્વસન માટે અને વૃક્ષોના પુનરોપણ માટે ૬૫૮ હેક્ટર જમીનની જરૂરિયાત પડશે. આમાંથી અત્યાર સુધી ૫૭૪ હેક્ટર જમીનનું સપંદાન થઈ ગયું છે જયારે ૮૪ હેક્ટર હજુ બાકી છે. અધિકારીના જણાવ્યા મુજબ અત્યાર સુદી સંપાદિત કરાયેલી જમીનમાં ચંદ્રપુરમાં હિંગોલી અને વાશિમ જિલ્લામાં સ્થિત અનેક જમીનના પ્લોટ છે.

આ અગાઉ ૧૧ માર્ચના સ્થાયી સમિતિમા ગારગાઈ ડેમ પ્રોજેક્ટને લગતો પ્રસ્તાવ મંજૂરી માટે આવ્યો હતો, જેને સમિતિએ ફગાવી દીધો હતો. પાલિકા જમીન સંપાદન પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું હોવાનું તેમ જ ખર્ચમાં ઓછામાં ઓછો નવ ટકાનો વધારો થયો હોવાનું દર્શાવવામાં આવ્યું હતું.

ગારગાઈને કારણે મુંબઈના પાણીપુરવઠામાં વધારાનું ૪૫૦ મિલ્યન લિટર પ્રતિ દિવસ પાણીનો વધારો થવાની શકયતા છે. મુંબઈની પાણીની દૈનિક માગ હાલમાં ૪,૨૦૦ મિલિયન લિટર છે, તેની સામે પાલિકા હાલ ફક્ત ૩,૮૫૦ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો કરી રહી છે. એક વખત તમામ મંજૂરી મળી જાય અને બાંધકામ શરૂ થઈ જાય એ પછી પ્રોજેક્ટ પૂર્ણ થવામાં છ વર્ષનો સમય લાગવવાની ધારણા છે.

લગભગ એક દાયકા પહેલા જાહેર કરવામાં આવેલા આ પ્રોજેક્ટ મૂળ ૨૦૨૫ સુધીમા કાર્યરત થવાનો હતો. જોકે પર્યાવરણીય કારણ આગળ કરીને આ પ્રોડેક્ટ અઠવાઈ ગયો હતો. ■

# પુણેમાં ડોક્ટરોની ગંભીર બેદરકારી: નાની ગાંઠને બદલે ગર્ભાશય કાઢી નાખ્યું

પુણે: પુણેમાં ડોક્ટરોની ગંભીર બેદરકારીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. માંજરી બુદ્રુકની 'સાઈ કેર મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ'માં ૩૫ વર્ષીય મહિલાની માત્ર એક સામાન્ય ગાંઠ કઢાવવાની હતી, પરંતુ ડોક્ટરોએ ગાંઠ કાઢવાને બદલે તેનું આખું ગર્ભાશય જ કાઢી નાખ્યું. આ મામલે કોર્ટે ચારેય જવાબદાર ડોક્ટરોની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. કેશવનગર વિસ્તારમાં રહેતી એક બ્યુટી પાર્લર સંચાલિકા મહિલાના ગર્ભાશયમાં નાની ગાંઠ હોવાનું સોનોગ્રાફીમાં જાણવા મળ્યું હતું. સારવાર માટે તે ૧૫ સપ્ટે ૨૦૨૫ના રોજ 'સાઈ કેર હોસ્પિટલ'માં ગઈ હતી. જોકે, ડોક્ટરોએ મહિલા કે તેમના સંબંધીઓની કોઈપણ પૂર્વ મંજૂરી લીધા વગર ઓપરેશન કરીને તેમનું આખું ગર્ભાશય જ કાઢી નાખ્યું. આ બાબત સામે આવ્યા બાદ પીડિત મહિલાએ માંજરી પોલીસ સ્ટેશન પહોંચીને ફરિયાદ નોંધાવી હતી.

સરકારી વકીલ એડવોકેટ વિશ્વાસ સાતપુતેએ કોર્ટમાં સવાલ ઉઠાવ્યો હતો કે શું આ અંગોની તસ્કરી છે કે કોઈ મોટા કાવતરાનો ભાગ છે, કારણ કે ડોક્ટરોએ કાઢેલા ગર્ભાશયનું શું કર્યું તે સ્પષ્ટ નથી. સાથે જ મેડિકલ કોલેજના રિપોર્ટે પણ પુષ્ટિ કરી હતી કે ડોક્ટરોએ સારવારમાં અક્ષમ્ય બેદરકારી દાખવી હતી. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લેતા કોર્ટે ચારેય ડો. સંદીપ કરાડ, ડો. મંદાર સાહુજી, ડો. નિહાલ શેખ અને ડો. મોહમ્મદ શેખના જામીન ફગાવી દીધા હતા. ■

### હજુ એક કૌભાંડમાં અશોક ખરાતનો હાથ?

# ખરાતના ભાઈને દીપક કેસરકરના કારણે શાળાર્થ આઈડી મળ્યું હોવાનો આરોપ, શિક્ષણ વિભાગ મૌન

નાશિક : રાજ્યભરમાં ગાજેલા શાળાર્થ આઈડી કૌભાંડમાં ઢોંગીબાબા અશોક ખરાતની સંડોવણીની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. અશોક ખરાતના ભાઈ દિલીપ ખરાતની નાશિક આર્થિક ગુના શાખા દ્વારા પૂછપરછ કરવામાં આવે તેવી શક્યતા છે. દિલીપ ખરાતનું શાળાર્થ આઈડી અસલી છે કે નકલી તે અંગે પોલીસ તપાસ કરવા જઈ રહી છે. તેથી શાળાર્થ આઈડી કેસમાં આર્થિક ગુના શાખાની તપાસ દરમિયાન ચોંકાવનારી માહિતી પ્રકાશમાં આવે તેવી શકયતા છે. મહિલાઓનું શારીરિક શોષણ અને નાણાકીય છેતરપિંડી જેવા ગંભીર આરોપો માટે પહેલાથી જ સમાચારમાં રહેલા અશોક ખરાત હવે બીજા એક ગંભીર કેસમાં ફસાઈ શકે છે. તે શાળાર્થ આઈડી કૌભાંડમાં સંડોવાયેલો હોવાની શંકા છે અને તેના ભાઈને મળેલા શાળાર્થ આઈડી અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૦૨૨માં તત્કાલીન શિક્ષણપ્રધાન દીપક કેસરકરના કાર્યકાળ દરમિયાન અશોક ખરાતે તેના ભાઈને શાળાર્થ આઈડી અપાવ્યાની ચર્ચા છે. આનાથી શિક્ષણ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. અશોક ખરાતનો ભાઈ દિલીપ ખરાત સિન્નર તાલુકાના બારાગાંવ પિંપરીમાં આવેલી ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ અને જુનિયર કોલેજમાં શિક્ષક તરીકે કાર્યરત છે. જોકે, હવે તેને મળેલ શાળાર્થ આઈડી અસલી છે કે નકલી તે અંગે શંકા છે. આ કેસમાં રાજકીય દખલગીરીની ચર્ચા થઈ રહી છે.■

# રશિયાના મૉલમાં નોકરી અપાવવાને બહાને યુવકને લાખો રૂપિયાનો ચૂનો ચોપડ્યો

### ત્રિપુટી સામે ગુનો

થાણે: થાણે જિલ્લાના યુવકને રશિયાના મૉલમાં નોકરી અપાવવાને બહાને લાખો રૂપિયાની ઠગાઇ આચરવા બદલ ત્રણ વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

બદલાપુર પૂર્વમાં રહેતા ૩૮ વર્ષના કાર્પેન્ટરને ટ્રાવેલ એજન્સી દ્વારા રશિયાના મૉલમાં નોકરી મેળવી આપવાનું આરોપીઓએ વચન આપ્યું હતું.

તેમણે પાસપોર્ટ, વિઝા અને ઍર ટિકિટની વ્યવસ્થા કરી આપવાનું જણાવીને નવેમ્બર, ૨૦૨૫થી જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન ફરિયાદી યુવક પાસેથી ૨.૯૨ લાખ રૂપિયા લીધા હતા, એમ ભિવંડી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે રશિયા પહોંચ્યા બાદ તેની પાસેથી સખત કામ કરાવવામાં આવ્યું હતું અને વચન મુજબ તેને ત્યાંના મૉલમાં કામ અપાવ્યું નહોતું. તેની પાસેથી લીધેલા રૂપિયા પણ આરોપીઓએ પાછા કર્યા નહોતા.

રશિયાથી પાછા ફર્યા બાદ યુવકે ભિવંડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે શનિવારે મહિલા સહિત ત્રણ જણ સામે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીઓને પકડવા માટે પોલીસની ટીમ તૈયાર કરવામાં આવી છે અને ગુનામાં સંડોવાયેલી ટ્રાવેલ એજન્સીની પણ ભૂમિકા ચકાસવામાં આવી રહી છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# ગઢચિરોલીમાં દુર્લભ બીમારી સાથે જન્મ્યું બાળક

### ત્રણ લાખ પ્રસૂતિમાંથી આવો એક કેસ હોય છે

મુંબઈ : નવજાત બાળક આવવાનો આનંદ કંઈક અલગ જ હોય છે, પરંતુ જન્મતાની સાથે જ જીવન ટકાવી રાખવા માટે મોટો સંઘર્ષ કરવો પડે અને તેમાંથી સુરક્ષિત બહાર આવવું, એ આ નાનકડા જીવ માટે એક મોટો પડકાર છે. ગઢચિરોલી જિલ્લા મહિલા અને બાળ હોસ્પિટલમાં અત્યંત દુર્લભ બીમારી સાથે એક નવજાત બાળકનો જન્મ થયો છે, જેની અવસ્થા જોઈને અનુભવી ડોક્ટરોની આંખો પણ ભીની થઈ ગઈ હતી. તબીબી પરિભાષામાં, તેને હાર્લેક્વિન ઇચથિઓસિસ કહેવામાં આવે છે. આ રોગ એટલો દુર્લભ છે કે તે સામાન્ય રીતે ૩ લાખ પ્રસૂતિઓમાંથી માંડ એકાદ આવો કિસ્સો સામે આવે છે. આ બીમારીમાં જન્મ લેતા બાળકના શરીર પર કુદરતી ત્વચા હોતી જ નથી. તેને બદલે શરીર પર સફેદ રંગની જાડી, કઠણ અને કોઈ કવચ જેવી પ્લેટો હોય છે. શરીર પર એટલા ઊંડા ચીરા હોય છે કે તેમાંથી રક્તસ્રાવ થવાનો અને ઈન્ફેક્શન લાગવાનો મોટો ખતરો રહે છે.

આ બીમારી જન્મજાત ખામીને કારણે થાય છે, જેમાં બાળક માટે હલનચલન કરવું કે શ્વાસ લેવો પણ બહુ મુશ્કેલ હોય છે. આરમોરી તાલુકાની એક માતાએ આ બાળકને જન્મ આપ્યો છે. બાળકની આંખો અને હોઠ બહારની તરફ ખેંચાયેલા છે, તેથી તેની હાલત જોઈને ડોક્ટરો પણ ચિંતિત છે. અત્યારે બાળકને ખાસ સારવાર માટે આઇસીયુમાં રાખવામાં આવ્યું છે. હાર્લેક્વિન ઇચથિઓસિસ ધરાવતા શિશુઓમાં મૃત્યુદર ઊંચો હોય છે અને તેઓ ચેપ, હાયપોથર્મિયા, ડિહાઇડ્રેશન, ઇલેક્ટ્રોલાઇટ અસંતુલન અથવા શ્વસન તકલીફને કારણે જન્મ પછી તરત જ મૃત્યુ પામે છે. ■

# પેલ્હારમાં ગૂણીમાંથી યુવકનું માથા વિનાનું ધડ મળી આવ્યું

પાલઘર: પાલઘર જિલ્લાના પેલ્હાર વિસ્તારમાં આંબાની વાડીમાં પ્લાસ્ટિકની ગૂણીમાંથી અજાણ્યા યુવકનું માથા વિનાનું ધડ મળી આવ્યું હતું. પેલ્હાર પોલીસે ધડને હોસ્પિટલમાં મોકલી આપ્યા બાદ યુવકની ઓળખ મેળવવા માટે આજુબાજુના વિસ્તારોમાં તપાસ આદરી હતી.

મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસના ક્રાઇમ યુનિટ-૪ના સિનિયર ઇન્સ્પેક્ટર પ્રમોદ બડાખે કહ્યું હતું કે પેલ્હાર વિસ્તારમાં આવેલી આંબાની વાડીમાં સોમવારે સવારે ૯.૩૫ વાગ્યાની આસપાસ ગૂણીમાંથી ૩૦થી ૩૫ વર્ષની વયના અજાણ્યા યુવકનું માથા વિનાની ધડ મળી આવતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃતકે ફૂલની પેટર્નવાળું સફેદ શર્ટ અને બ્રાઉન રંગનું હાફ પેન્ટ પહેર્યા હતા. તેના ડાબા પગ અને ડાબા હાથ પર કાળા રંગનો દોરો બાંધ્યો હતો. તેના જમણા હાથ પર 'અશોક સિંહ' નામ તેમ જ બદામનું ચિહ્નનું ટેટૂ હતું. પોલીસે અપીલ જારી કરીને જાહેર જનતાને વિનંતી કરી છે કે જો તેમની પાસે મૃતકના વર્ણન સાથે મેળ ખાતી કોઇ વ્યક્તિ વિશે માહિતી હોય તો તેઓ પાલઘર પોલીસનો સંપર્ક સાધે. (પીટીઆઇ) ■

# ચારિત્ર્ય પર શંકાને લઇ પત્નીની કરપીણ હત્યા કરનારા પતિ, તેના મિત્રની ધરપકડ

### ઉત્તર પ્રદેશથી પત્નીને નાલાસોપારા લાવ્યા બાદ નિર્જન સ્થળે લઇ જઇ ગળું ચીરી નાખ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પાલઘર જિલ્લામાં ચારિત્ર્ય પર શંકાને લઇ પત્નીની કરપીણ હત્યા કરીને ફરાર થયેલા પતિ અને તેના મિત્રને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યા હતા. ઉત્તર પ્રદેશથી પત્નીને નાલાસોપારા લાવ્યા બાદ નિર્જન સ્થળે લઇ જઇને આરોપી પતિએ તેનું ગળું ચીરી નાખ્યું હતું.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૩ (વિરાર)ના અધિકારીઓએ ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ રોશન રામજગ યાદવ (૨૬) અને ભાનુપ્રતાપ વિજય બહાદુર યાદવ (૩૦) તરીકે થઇ હતી. બંનેને વધુ તપાસ માટે માંડવી પોલીસને હવાલે કરવામાં આવ્યા હતા.

વિરાર પૂર્વમાં માંડવી પોલીસ સ્ટેશનની હદમાં વજેશ્વરીથી શિરસાડ જનારા માર્ગ પર ખેતરમાં ૨૧ માર્ચે અજાણી મહિલાનો કોહવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. મહિલાનું ગળું ચીરવામાં આવ્યું હતું અને તેના માથામાં ઇજાના નિશાન હતા. માંડવી પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો અને ક્રાઇમ બ્રાન્ચની ટીમ પણ કેસની સમાંતર તપાસ કરી રહી હતી.

પોલીસે મુંબઈ, નવી મુંબઈ, થાણે, પાલઘર, નાશિક અને ઉત્તર પ્રદેશમાં ગુમ થયેલી વ્યક્તિઓ વિશે માહિતી મેળવી હતી અને પાંચસોથી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા બાદ ગુનામાં સામેલ બંને આરોપીઓને ૨૮ માર્ચે ઝડપી પાડ્યા હતા. બંને આરોપીની પૂછપરછમાં મૃત મહિલાનું નામ મધુબાલા ઉર્ફે પ્રિયાકુમારી હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર મૂળ ઉત્તર પ્રદેશના આઝમગઢ જિલ્લાનો વતની અને નાલાસોપારામાં રહેતો આરોપી રોશન યાદવ તેની પત્ની મધુબાલાના ચારિત્ર્ય પર શંકા કરતો હતો અને તેની હત્યા કરવાને ઇરાદે તે મધુબાલાને ઉત્તર પ્રદેશથી ૧૫ માર્ચે નાલાસોપારા લઇ આવ્યો હતો. રોશન યાદવ તેના મિત્ર ભાનુપ્રતાપ સાથે મળીને પત્ની મધુબાલાને ૧૯ માર્ચે નાલાસોપારાથી મોટરસાઇકલ પર માંડવી પોલીસ સ્ટેશનની હદમાં શિરવલી ગામના નિર્જન સ્થળે લઇ ગયો હતો, જ્યાં ગળું ચીરીને મધુબાલાની હત્યા કરી હતી. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખેંચ | HUNTER |
| ખેંચાણ | SCARCITY |
| ખેકડો | CULTIVATION |
| ખેટક | CRAB |
| ખેડાણ | ATTRACTION |

### માતૃભાષાની મહેક

ભાષામાં સાતનો મહિમા જાણવા જેવો છે. સાત ખોટનું સંતાન એટલે ઘણું જ વહાલું. સાત દીકરીઓ પછી ઘણી માનતાએ એક જ દીકરો થયો હોય તો તે સાત ખોટનો દીકરો ગણાય છે. સાત ગળણે ગાળીને પાણી પીવું એટલે ખૂબ જોઈ વિચારીને પગલું ભરવું, બધી શક્યતાઓ ચકાસી લેવી. સાત ગાઉના નમસ્કાર એટલે લાંબું અંતર રાખવું, જરાપણ સંબંધ ન રાખવો.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ AUTOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) આકાશ બ) એકલતા
ક) કાર ડ) મશીન

### ઈર્શાદ

*પ્રેમ નામે એક વસાહત મેં રચેલી, યાદ છે?*
*જેમાં તારી સાથે કેવળ હું વસેલી, યાદ છે?*

-- મુકુલ ચોક્સી

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | | ૩ | | | ૪ |
| | | | | ૫ | | | | ૬ | |
| ૭ | ૮ | | | | | ૯ | ૧૦ | | |
| | ૧૧ | | ૧૨ | | | | | | ૧૩ |
| ૧૪ | | | | | ૧૫ | ૧૬ | | | |
| | | ૧૭ | | | | | | ૧૮ | |
| | | | | | ૧૯ | | | | |
| | ૨૦ | | ૨૧ | | | | | ૨૨ | ૨૩ |
| ૨૪ | | | ૨૫ | | | | ૨૬ | | |
| | | ૨૭ | | | | ૨૮ | | | |

**આડી ચાવી**

૧ ગુનેગાર, દોષી (૪)
૩ ગાંડું, ચસ્કેલું (૨)
૫ પાંડવોના પિત્રાઇ (૩)
૬ રોણું, ---- ને વગોણું (૨)
૭ સૂર્ય (૨)
૯ રૂઢિ, પદ્ધતિ (૩)
૧૧ પ્રખ્યાત, જાણીતું (૪)
૧૪ દેશ તેવો ---- (૨)
૧૫ અજ્ઞાત, અદૃશ્ય (૩)
૧૭ આકાશ (૩)
૧૮ વખત, સમય (૨)
૧૯ એકબીજામાં પરોવાયેલું (૪)
૨૦ અર્જુનનું ધનુષ્ય (૩)
૨૨ લાભ, ફાયદો (૨)
૨૪ ---- બુદ્ધિ નાઠી (૨)
૨૫ સ્ત્રી મિત્ર (૩)
૨૭ ધન, દોલત (૨)
૨૮ આંદોલન, હિલચાલ (૪)

**ઊભી ચાવી**

૧ ખૂબ, પારવિનાનું (૩)
૨ રાણી (૨)
૩ એક મીઠાઇ (૩)
૪ ડાહ્યું, ચતુર (૨)
૫ તાકાત (૩)
૬ જુસ્સો (૨)
૮ ---- કાળે વિપરીત બુદ્ધિ (૩)
૧૦ સબળું, બળવાન (૩)
૧૨ પુસ્તક, ચોપડી (૩)
૧૩ ---- વાવો તો કાંટા જ મળે (૩)
૧૪ ઉજ્જડ (૩)
૧૬ વીતી ગયેલું (૩)
૧૭ ---- તો હાથી પર જ શોભે (૩)
૧૮ દરમાયો, પગાર (૩)
૧૯ યાદ, સ્મૃતિ (૩)
૨૦ ગરથ ---- અને વિદ્યા પાઠે (૨)
૨૧ નિંદા, ફજેતી (૩)
૨૩ સોપારી (૩)
૨૪ સ્વચ્છ (૨)
૨૬ કાંટો (૨)

### ગયા વખતનો ઉકેલ

### ઓળખાણ પડી?



મધ્ય પ્રદેશની સમૃદ્ધ લોક સંસ્કૃતિમાં અનેક વૈવિધ્યપૂર્ણ પારંપરિક સંગીત વાદ્ય સામેલ છે. એમાંના એક વાદ્યની ઓળખાણ પડી?

અ) એકતારો બ) ટિમકી ક) પખવાજ ડ) ઢોલ

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'કવિએ નવી દીર્ઘ ગઝલ લખી' પંક્તિમાં 'દીર્ઘ' શબ્દનો અર્થ જણાવો.

અ) સુંદર બ) દિલેર ક) લાંબી ડ) સરળ

### માઈન્ડ ગેમ

આંકડામાં લખવામાં આવતી સંખ્યા રોમન નંબર્સમાં લખતી વખતે અંગ્રેજી અક્ષરનો ઉપયોગ થાય છે? MCXXX એટલે કઈ સંખ્યા?

અ) 630 બ) 970 ક) 1130 ડ) 1260

### સુડોકુ-૯૨૫૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | | ૪ | | ૯ | |
| ૪ | | | | ૨ | | ૧ | | |
| ૯ | ૬ | | ૭ | | | | | |
| | ૩ | | | ૬ | | | | ૫ |
| | | | | | | | | |
| ૬ | | | | ૯ | | | ૮ | |
| | | | | | ૮ | | ૬ | ૪ |
| | | ૮ | | ૩ | | | | ૧ |
| | ૨ | | ૯ | | | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોકસમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-૯૨૫૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૧ | ૬ | ૯ | ૨ | ૫ | ૭ | ૪ |
| ૯ | ૪ | ૫ | ૧ | ૩ | ૭ | ૬ | ૮ | ૨ |
| ૭ | ૬ | ૨ | ૪ | ૫ | ૮ | ૧ | ૯ | ૩ |
| ૨ | ૩ | ૬ | ૭ | ૧ | ૯ | ૮ | ૪ | ૫ |
| ૮ | ૧ | ૪ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૭ |
| ૫ | ૭ | ૯ | ૮ | ૪ | ૩ | ૨ | ૧ | ૬ |
| ૧ | ૫ | ૮ | ૩ | ૭ | ૬ | ૪ | ૨ | ૯ |
| ૪ | ૯ | ૭ | ૫ | ૨ | ૧ | ૩ | ૬ | ૮ |
| ૬ | ૨ | ૩ | ૯ | ૮ | ૪ | ૭ | ૫ | ૧ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ખિતાબ | TITLE |
| ખિદમત | SERVICE |
| ખિજાવું | ANGRY |
| ખિલાફ | OPPOSE |
| ખિચડિયું | MIXED |

**ગુજરાત મોરી મોરી રે:** સોય

**ઓળખાણ પડી?** રબાબ

**માઈન્ડ ગેમ :** ૬૪૦

**ચતુર આપો જવાબ અર્થ જણાવો:** સાધુ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) નીતા દેસાઈ (૨) પુષ્પા ખોના (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) મુલરાજ કપૂર (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) નિશબ્ધ દેસાઈ (૯) તાહેર ઔરંગાબાદવાલા (૧૦) શીરીન ઔરંગાબાદવાલા (૧૧) સુભાષ મોમાયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) ભારતી બુચ (૧૪) હર્ષા મહેતા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) પુષ્પા પટેલ (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) મીનલ કાપડિયા (૧૯) લજિતા ખોના (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કજરિયા (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) પ્રવીણ વોરા (૨૮) વિણા સંપટ (૨૯) અંજુ ટોલિયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) કમલ માતલિયા (૩૨) ભાવના કર્વે (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) ડાયના સંતોકે (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) રમેશ દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હિના દલાલ (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) વિજય આસર (૪૧) નિતીન જયંતીલાલ બજરિયા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) મહેશ દોશી

# નાણાકીય વર્ષ ૨૦૨૬ના અંતિમ સત્રનો અંત પણ કડાકા સાથે, નિફ્ટી ૨૨,૩૫૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પાંચમા સપ્તાહમાં પ્રવેશેલા ઇરાની યુદ્ધમાં ધારણા અનુસાર શાંતિના કોઇ અણસારને સ્થાને વધુ ઉગ્રતાની સંભાવના વધવાથી નાણાકીય વર્ષ ૨૦૨૬ના અંતિમ સત્રમાં સેન્સેક્સ વધુ ૧,૬૩૬ પોઈન્ટ ગબડ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૨,૩૫૦ની નીચે સરકી ગયો હતો. સેન્સેક્સ સત્રમાં ૧૮૦૯.૦૯ પોઇન્ટના કડાકા સાથે ૭૧,૭૭૪ની સપાટી જોયા બાદ અંતે ૧૬૩૫.૬૭ પોઇન્ટ અથવા તો ૨.૨૨ ટકાના ઘટાડા સાથે ૭૧,૯૪૭.૫૫ની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૪૮૮.૨૦ પોઇન્ટ અથવા તો ૨.૧૪ ટકા ગબડીને ૨૨,૩૩૧.૪૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

સેન્સેક્સના શેરોમાં બજાજ ફાઇનાન્સ, સ્ટેટ બેન્ક, ઇન્ટરગ્લોબ એવિએશન, બજાજ ફિનસર્વ, એક્સિસ બેન્ક અને કોટક મહિન્દ્રા બેન્ક ટોપ લુઝર રહ્યા હતા. જ્યારે ટેક મહિન્દ્રા અને પાવરગ્રીડ ગેઇનર રહ્યા હતા. ઈરાન અને યુએસ-ઇઝરાયલ વચ્ચે વધતા યુદ્ધને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં ફરી તીવ્ર ઉછાળા જોવા મળ્યા હતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓઇલ બેરલદીઠ ૧૨૦ ડોલર વટાવી ગયું હોવાના અહેવાલોએ સેન્ટિમેન્ટને તોડી નાંખ્યું હતું. આ ઉપરાંત બજારનું માનસ ડહોળવામાં એફઆઇઆઇની એકધારી વેચવાલી સહિતના અન્ય કેટલાક પરિબળોનો પણ સમાવેશ થાય છે.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં ટેક મહિન્દ્ર ૧.૬૫ ટકા અને પાવર ગ્રીડ ૦.૨૭ ટકા વધ્યા હતા જ્યારે બજાજ ફાઈનાન્સ ૫.૦૯ ટકા, સ્ટેટ બેંક ૩.૯૫ ટકા, ઈન્ડિગો ૩.૮૦ ટકા, બજાજ ફિનસર્વ ૩.૭૧ ટકા, એક્સિસ બેન્ક ૩.૫૯ ટકા, કોટક મહિન્દ્ર ૩.૪૮ ટકા, એચડીએફસી બેંક ૩.૨૩ ટકા, ટ્રેન્ટ ૩.૧૦ ટકા, ભારતી એરટેલ ૨.૯૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૭૯ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૭૮ ટકા, આઈટીસી ૨.૩૯ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૨.૩૫ ટકા, સન ફાર્મા ૨.૧૩ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૯૪ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૮૧ ટકા, ઈટર્નલ ૧.૭૪ ટકા, લાર્સન ૧.૭૩ ટકા, એચસીએલ ટેક ૧.૬૫ ટકા, ઈન્ફોસીસ ૧.૪૮ ટકા, એનટીપીસી ૧.૩૨ ટકા, ટીસીએસ ૧.૨૯ ટકા, ભારત ઈલેક્ટ્રોનિક્સ ૧.૦૩ ટકા અને મારુતિ ૧.૦૩ ટકા ઘટ્યા હતા.

બજારનો અંડરટોન નરમ થઇ ગયો છે અને સોમવારના સત્રમાં ખાસ કરીને નાણાકીય, બેંકિંગ, આઇટી અને ઓટોમાં વેચવાલીનું વધુ દબાણ જોવા મળ્યું હતું. મેટલ્સ, મીડિયા અને ઓઇલ એન્ડ ગેસ જેવા કેટલાક ક્ષેત્રો સ્થિતિસ્થાપકતા જોવા મળી હતી. કોમોડિટી-લિંક્ડ ક્ષેત્રોમાં રક્ષણાત્મક સ્થિતિ અને પસંદગીયુક્ત ખરીદી સાથે એકંદરે રોકાણકારોમાં સાવચેતીનું માનસ જોવા મળ્યું છે. નાણાકીય વષ૪ ૨૦૨૫-૨૬ દરમિયાન સેન્સેક્સે ૫૪૬૭.૩૭ પોઇન્ટ અથવા તો સાત ટકા અને નિફ્ટીએ ૧૧૮૭.૯૫ પોઇન્ટ અથવા તો પાંચ ટકા ગુમાવ્યા છે. આજે શેરબજાર ઘટવાના મુખ્ય કારણોમાં યુએસ-ઈરાન યુદ્ધમાં વધેલી ભીષણતા, ક્રૂડ ઓઇલના ભાવ ઉછળીને ૧૨૦ ડોલર પ્રતિ બેરલની નજીક પહોંચવા, વૈશ્વિક બજારોમાંથી નબળાઇના સંકેત, એફઆઇઆઇની એકધારી અને મોટી વેચવાલી તથા આરબીઆઇ દ્વારા એફએક્સ પોઝિશન પર લાદવામાં આવેલી મર્યાદાનો સમાવેશ થાય છે. અંતે બ્રેન્ટ ક્રૂડ ૨.૧૮ ટકાની જમ્પ સાથે ૧૧૫.૧ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

કોલ ઇન્ડિયાની કંપની સીએમપીડીએલના શેર તેના રૂ. ૧૭૨ના ઇશ્યૂ ભાવ સામે સોમવારે લગભગ સાત ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયાં હતાં. કસ્ટમ ઓથોરિટીએ આયાતી માલના ગેરવર્ગીકરણ માટે વોલ્ટાસને રૂ. ૨૩.૫૨ કરોડની ડિમાન્ડ નોટીસ ફટકારી છે. નેક્સ્ટ જેન સોલ્યુશન પ્રોવાઇડર ઇન્ટેલિઅસ રિકોડ, ઓનલાઇન રેન્ટલ પ્લોટફોર્મ રેન્ટોમોજો લિમિટેડે, રેલવે કોમ્પોનન્ટ બનાવતી પાયોનીઅર ફિલ મેડે સેબી પાસે ડીઆરએચપી જમા કરાવ્યા છે. સરકારી માલિકીની કંપની ભેલને તેલંગના થર્મલ પાવર પ્રોજેક્ટ માટેરૂ. ૧૩,૫૦૦ કરોડનો ઓર્ડર મળ્યો છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકોને દરેક કાર્યકારી દિવસના અંત સુધીમાં વિદેશી વિનિમય બજારમાં તેમની ચોખ્ખી ઓપન રૂપી પોઝિશન ૧૦૦ મિલિયન સુધી મર્યાદિત રાખવાનો નિર્દેશ આપ્યા બાદ સોમવારે બેંક નિફ્ટીમાં ચારેક ટકાનો કડાકો જોવા મળ્યો હતો. રિઝર્વ બેંકે જારી કરાયેલા આ નિર્દેશ મુજબ ૧૦ એપ્રિલ સુધીમાં તેનું પાલન જરૂરી છે.

આ આદેશને પગલે શેરબજારમાં બેંક નિફ્ટી ઇન્ડેક્સના તમામ ૧૪ ઘટકો આજે સોમવારે રેડ ઝોનમાં ધકેલાઈ ગયા હતા. નોંધવું રહ્યું કે પાછલા બે સત્રોમાં ઇન્ડેક્સમાં ચાર ટકાથી વધુનો વધારો થયો હતો પરંતુ સોમવારે પ્રવાહ પલટાઈ ગયો અને એક જ દિવસમાં તમામ સુધારો ધોવાઇ ગયો હતો. સત્રને અંતે નિફઅટી બેન્ક ઇન્ડેક્સ ૩.૮૨ ટકાના ધોવાણ સાથે ૫૦,૨૭૫.૩૫ની સપાટીએ પહોંચ્યો હતો.

ધોવાણને મામલે એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક ટોચ પર રહી, જે નેશનલ સ્ટોક એક્સચેન્જ પર સત્ર દરમિયાન ૨.૫ ટકા ઘટીને રૂ. ૮૬૦.૨ પ્રતિ શેર બોલાઈ હતી. ફેડરલ બેંક અને પંજાબ નેશનલ બેંકમાં પણ અનુક્રમે ૧.૯૧ ટકા અને ૧.૯૬ ટકા સુધીના કડાકા જોવા મળ્યા હતા. એકંદરે હેવીવેઇટ ફાઇનાન્શિયલ્સ, બેંકો, ખાનગી બેંકો અને પીએસયુ ધિરાણકર્તાઓમાં ૨-૨.૫ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

બજારના સાધનો અનુસાર આ ઘટાડો રિઝર્વ બેન્ક દ્વારા બેંકોની વિદેશી વિનિમય સ્થિતિ પર મર્યાદા કડક કરવાના નિર્ણયને પગલે થયો, જેના કારણે ઓનશોર માર્કેટમાં ડોલરનું વેચાણ શરૂ થયું કારણ કે ટ્રેડર્સ આર્બિટ્રેજ પોઝિશન ઘટાડવા માટે ઉતાવળમાં ડીલ કરી રહ્યા છે. આને પરિણામે ફોરેક્સ માર્કેટમાં રૂપિયાને થોડો ટેકો મળ્યો હતો.

બજારના સહભાગીઓએ જણાવ્યું હતું કે આ પગલાથી બેંકો લાભ ગુમાવશે, કારણ કે, હવે બેંકો ઓફશોર નોન-ડિલિવરેબલ ફોરવર્ડસ અને ઓનશોર ફોરવર્ડ માર્કેટ વચ્ચેના ભાવ તફાવતનો નફો નહીં મેળવી શકે. આ ઘટાડાથી બેંકોને સ્થાનિક બજારમાં ડોલર વેચવા દબાણ થવાની શક્યતા છે.

# વર્ષ ૨૦૨૫-૨૬ની રવી મોસમમાં સરસવનું ઉત્પાદન વધીને ૧૧૯.૪ લાખ ટન થવાનો અંદાજ

જયપુરઃ વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની રવી મોસમમાં દેશમાં સરસવનું ઉત્પાદન ગત સાલના ૧૧૫.૨ લાખ ટન સામે વધીને ૧૧૯.૪ લાખ ટન રહેવાનો અંદાજ ઔદ્યોગિક સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને મૂક્યો છે. દેશના સરસવના મુખ્ય ઉત્પાદક જિલ્લાઓમાં ખેતરના સર્વેક્ષણ અને લણણીના નિર્દેશોને ધ્યાનમાં લેતા ઉત્પાદનનો આ પ્રથમ અંદાજ મૂકવામાં આવ્યો છે. એસોસિયેશનના અહેવાલ અનુસાર વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬માં રાયડા/ સરસવનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૯૨.૧૫ લાખ હેક્ટર સામે વધીને ૯૩.૯૧ લાખ હેક્ટર રહ્યો હતો. તેમ જ પાક માટે સાનુકૂળ હવામાન અને સારી કૃષિ પદ્ધતિને ધ્યાનમાં લેતાં હેક્ટરદીઠ ઊપજ ગત સાલના પ્રતિ હેક્ટર ૧૨૫૦ કિલોગ્રામ સામે વધીને ૧૨૭૧ કિલોગ્રામ રહેવાની ધારણા મૂકવામાં આવી હોવાનું એસોસિયેશનના પ્રમુખ સંજીવ અસ્થાનાએ જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું હતું કે દેશમાં સરસવના ઉત્પાદનમાં મક્કમ દરે વૃદ્ધિ જોવા મળી રહી છે. વર્ષ ૨૦૧૯-૨૦માં દેશમાં સરસવનું ઉત્પાદન જે ૮૬ લાખ ટન હતું તે હવે વર્ષ ૨૦૨૫-૨૬માં વધીને ૧૨૦ લાખ ટન આસપાસની સપાટીએ રહેશે. સરસવના વધુ પાકથી સ્થાનિક ખાદ્યતેલની ઉપલબ્ધિમાં વધારો થવાથી આયાત નિર્ભરતામાં પણ ઘટાડો થશે, એમ તેમણે ઉમેર્યું હતું. એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર આ વર્ષે રાજસ્થાન ટોચનું ઉત્પાદક રાજ્ય જળવાઈ રહેતાં અંદાજે ૫૩.૯ લાખ ટનનું ઉત્પાદન થશે, ત્યાર બાદ ૧૮.૧૦ લાખ ટનના ઉત્પાદન સાથે બીજા ક્રમાંકે ઉત્તર પ્રદેશ રહેશે. આ સિવાય મધ્ય પ્રદેશમાં ઉત્પાદન સાધારણ ઘટીને ૧૩.૯ લાખ ટન અને હરિયાણામાં ઉત્પાદન ૧૨.૭ લાખ ટનની વિક્રમ સપાટીએ રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. એસોસિયેશને યાદીમાં જણાવ્યું હતું કે ઉત્પાદનના આ અંદાજ પ્રાથમિક હોવાથી ભવિષ્યમાં ખેતરોના સર્વેક્ષણ અને આંકડાકીય માહિતીની ઉપલબ્ધિ અનુસાર અંદાજમાં ફેરફાર કરવામાં આવશે.

# ખાંડમાં સાધારણ નરમાઈ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૧૦થી ૩૭૪૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ ખાસ કરીને સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. બેથી છનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ પણ જળવાઈ રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૪૬થી ૩૯૩૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના અને ઉપલા મથાળેથી રૂ. છના ઘટાડા સાથે રૂ. ૩૯૬૦થી ૪૦૩૬માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૩૦માં અને રૂ. ૩૮૭૦થી ૩૯૩૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝન**

**ટ્રાન્સફોર્મર નું બદલીકરણ**

**ટેન્ડર નં. ૧૧-ટીઆરડીબીવીપી-૨૦૨૫-૨૬-R**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **કામનું નામઃ** ભાવનગર TSS : ૧૨.૫ MVA ટ્રાન્ફોર્મર થી ૨૧.૬ MVA સુધીના ટ્રાન્ફોર્મરનું બદલીકરણ **ટેન્ડર રકમઃ** ₹ ૩,૦૨,૪૦,૫૭૭.૧૬/- **ટેન્ડર ફીઃ** શૂન્ય, **ઈએમડી રકમઃ** ₹ ૬,૦૪,૮૦૦/- **સરનામુંઃ** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩. બીડર્સે માત્ર ઓનલાઈન લીંક એટલે કે www.ireps.gov.in મારફતે અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવિલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખઃ **૨૩-૦૪-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાક સુધી છે. BVP-319

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

# સ્થાનિકમાં ચાંદી ₹ ૮૪૮૮ ચમકી, સોનું ₹ ૩૭૯૧ ઝળક્યું

મુંબઈઃ લંડન ખાતે આજે સત્રના આરંભે સોના અને ચાંદીમાં બાર્ગેઈન હંટિંગ અથવા તો ઘટ્યા મથાળેથી રોકાણકારોની લેવાલી નીકળતાં ભાવમાં અનુક્રમે ૧.૧ ટકાનો અને ૨.૨ ટકાનો ચમકારો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સપ્તાહના આરંભે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૮૪૮૮નો ચમકારો આવ્યો હતો, જ્યારે સોનું ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૭૫થી ૩૭૯૧ ઝળક્યું હતું. આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે વેરારહિત ધોરણે ભાવ આગલા બંધ સામે કિલોદીઠ રૂ. ૮૪૮૮ના ચમકારા સાથે રૂ. ૨,૩૦,૧૩૫ના મથાળે રહ્યા હતા. જોકે, વધ્યા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહી હતી. તે જ પ્રમાણે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ રૂ. ૩૭૭૫ વધીને રૂ. ૧,૪૬,૧૪૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૭૯૧ વધીને રૂ. ૧,૪૬,૭૩૩ના મથાળે રહ્યા હતા.

સોનામાં પણ છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે ઘટ્યા મથાળેથી રોકાણકારોની લેવાલી નીકળતાં હાજર અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૧ ટકા વધીને અનુક્રમે ઔંસદીઠ ૪૫૪૧.૭૬ ડૉલર અને ૪૫૭૨.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૨.૨ ટકા વધીને ઔંસદીઠ ૭૧.૧૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવ વધવાને કારણે ફુગાવો વધવાની શક્યતા અને ફુગાવો વધતાં અમેરિકી ફેડરલ રિઝર્વ સહિતની અન્ય મુખ્ય કેન્દ્રવર્તી બૅન્કો તંગ નાણાનીતિ જાળવી રાખે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં તાજેતરમાં સોનાના ભાવ એક કરતાં વધુ મહિનાની નીચી સપાટીએ ઉતરી ગયા હોવાથી રોકાણકારોની ઘટ્યા મથાળેથી લેવાલી નીકળી હોવાનું એક્ટિવ ટ્રેડ્સનાં વિશ્લેષક ઈવાન્જેલિસ્ટાએ જણાવ્યું હતું. ગત ૨૮મી ફેબ્રુઆરીએ અમેરિકા-ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર હુમલો કર્યો હતો અને ત્યાર બાદ ઈરાને પણ વળતો હુમલો કરતાં યુદ્ધ શરૂ થયું હતું અને ક્રૂડતેલમાં તેજીની સાથે અત્યાર સુધીમાં ડૉલર ઈન્ડેક્સ પણ બે ટકા મજબૂત થયો હોવાથી આ મહિનામાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ઑક્ટોબર, ૨૦૦૮ પછીનો સૌથી મોટો ૧૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

**મુંબઈ પોર્ટ ઓથોરિટી**

**ટેન્ડર મંગાવતી નોટિસ (નં. EM-૦૧/૨૦૨૬)**

''લાયસન્સ ધોરણે ૫ વર્ષની મુદત માટે અપફ્રન્ટ પ્રીમિયમ ધોરણે ઈ-ટેન્ડર કમ ઈ-ઓક્શન પદ્ધતિ દ્વારા પોર્ટ સંબંધિત પ્રવૃત્તિ (જર્જરિત રેવેન્યૂ ઓફિસ સાથે અને સંલગ્ન માળખાં સાથે, ૧૮૭.૭૬ ચો.મી.ના બિલ્ટ અપ એરિયા સાથે) તથા ૧૩૭.૫૦ ચો.મી.નો કાર પાર્કિંગ એરિયા (કુલ વિસ્તાર ૯૦૯.૮૩ ચો.મી.) માટે વેસ્ટર્ન વોટર ફ્રન્ટ પર સિ ટુરિઝમ એન્ટરટેઈનમેન્ટ/ સિ ફૂડ સેન્ટર માટે માહિમ બંદર એસ્ટેટ ખાતે ભરતમાં ૭૭૨.૩૩ ચો.મી. જમીનના પ્લોટની ફાળવણી'' માટે દરખાસ્ત માટે વિનંતી (RFP) મંગાવાય છે.

ટેન્ડરોની વિગતો MbPAની વેબસાઈટ **https://www.mumbaiport.gov.in** તથા **https://www.eprocure.gov.in/eprocure/app** પર ઉપલબ્ધ છે.

એસ્ટેટ મેનેજર
મુંબઈ પોર્ટ ઓથોરિટી

MbPA-57-2025

**પશ્ચિમ રેલવે ખાસ ટ્રેનો ચલાવશે**

| ટ્રેન નં. | શરૂઆતનું સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૫૧૮૪ | બાંદ્રા ટર્મિનસ – આઝમગઢ (સુપરફાસ્ટ) | ૦૬.૦૪.૨૦૨૬થી ૧૩.૦૭.૨૦૨૬ | ૧૦.૪૫ કલાક (સોમવાર) | ૨૦.૧૦ કલાક (બીજા દિવસે) |
| ૦૫૧૮૩ | આઝમગઢ – બાંદ્રા ટર્મિનસ (સુપરફાસ્ટ) | ૦૪.૦૪.૨૦૨૬થી ૧૧.૦૭.૨૦૨૬ | ૨૩.૧૫ કલાક (શનિવાર) | ૦૮.૧૦ કલાકે (સોમવાર) |
| **થોભશેઃ** બોરીવલી, સુરત, વડોદરા, રતલામ, નાગદા, કોટા, ગંગાપુર સિટી, બયાના, ઈદગાહ આગ્રા, ટુંડલા, ગોવિંદપુરી, પ્રયાગરાજ, પ્રયાગરાજ રામબાગ, જ્ઞાનપુર રોડ, બનારસ, ઔનરિહાર, મઉ અને મુહમ્મદાબાદ સ્ટેશન બન્ને દિશામાં. | | | | |
| **સંરચનાઃ** એસી 3 - ટાયર ઈકોનોમી, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |
| ૦૫૦૩૪ | બાંદ્રા ટર્મિનસ – ગોમતી નગર | ૦૭.૦૪.૨૦૨૬થી ૧૪.૦૭.૨૦૨૬ | ૨૩.૦૦ કલાક (મંગળવાર) | ૦૭.૪૫ કલાક (ગુરુવાર) |
| ૦૫૦૩૩ | ગોમતી નગર – બાંદ્રા ટર્મિનસ | ૦૬.૦૪.૨૦૨૬થી ૧૩.૦૭.૨૦૨૬ | ૧૪.૦૦ કલાકે (સોમવાર) | ૨૦.૦૦ કલાક (બીજા દિવસે) |
| **થોભશેઃ** બોરીવલી, વાપી, વલસાડ, સુરત, વડોદરા, રતલામ, કોટા, બયાના, ઈદગાહ આગ્રા, ટુંડલા, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ, ઐશબાગ અને બાદશાહનગર સ્ટેશનો બન્ને દિશામાં. | | | | |
| **સંરચનાઃ** એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |
| ૦૨૨૦૦ | બાંદ્રા ટર્મિનસ – વિરાંગના લક્ષ્મીબાઈ (સુપરફાસ્ટ) | ૦૪.૦૪.૨૦૨૬થી ૧૧.૦૭.૨૦૨૬ | ૦૫.૧૦ કલાક (શનિવાર) | ૦૫.૦૦ કલાક (બીજા દિવસે) |
| ૦૨૧૯૯ | વિરાંગના લક્ષ્મીબાઈ – બાંદ્રા ટર્મિનસ (સુપરફાસ્ટ) | ૦૨.૦૪.૨૦૨૬થી ૦૯.૦૭.૨૦૨૬ | ૧૬.૫૦ કલાકે (ગુરુવાર) | ૧૬.૧૦ કલાક (બીજા દિવસે) |
| **થોભશેઃ** બોરીવલી, વાપી, સુરત, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, બિયાવરા રાજગઢ, ચાચુરા બીનાગંજ, રૂથિયાઈ, ગુના, શિવપુરી, ગ્વાલિયર ડબરા અને દતિયા સ્ટેશન બન્ને દિશામાં. | | | | |
| **સંરચનાઃ** AC ૨-ટાયર, AC ૩-ટાયર, AC ૩-ટાયર (ઈકોનોમી) સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |
| ૦૪૧૨૬ | બાંદ્રા ટર્મિનસ – સુબેદારગંજ (સુપરફાસ્ટ) | ૦૭.૦૪.૨૦૨૬થી ૧૪.૦૭.૨૦૨૬ | ૧૧.૧૫ કલાક (મંગળવાર) | ૧૭.૦૦ કલાક (બીજા દિવસે) |
| ૦૪૧૨૫ | સુબેદારગંજ– બાંદ્રા ટર્મિનસ (સુપરફાસ્ટ) | ૦૬.૦૪.૨૦૨૬થી ૧૩.૦૭.૨૦૨૬ | ૦૫.૨૦ કલાકે (સોમવાર) | ૦.૯.૩૦ કલાકે (બીજા દિવસે) |
| **થોભશેઃ** બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બાયના, રૂપબાસ, ફતેહપુર સિકરી, ઈદગાહ આગ્રા, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી અને ફતેહપુર સ્ટેશન બન્ને દિશામાં. | | | | |
| **સંરચનાઃ** એસી 2-ટાયર, એસી 3-ટાયર, એસી 3-ટાયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |
| ૦૫૦૧૮ | વલસાડ – મઉ | ૦૫.૦૪.૨૦૨૬થી ૧૨.૦૭.૨૦૨૬ | ૧૫.૧૦ કલાક (રવિવાર) | ૦૦.૪૫ કલાક (મંગળવાર) |
| ૦૫૦૧૭ | મઉ – વલસાડ | ૦૪.૦૪.૨૦૨૬થી ૧૧.૦૭.૨૦૨૬ | ૦૩.૪૫ કલાક (શનિવાર) | ૧૨.૩૫ કલાક (બીજા દિવસે) |
| **થોભશેઃ** સુરત, વડોદરા, રતલામ, નાગદા, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, ગંગાપુર સિટી, બાયના, ઈદગાહ આગ્રા, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, આઈશબાગ, બાદશાહનગર, બારાબંકી, ગોંડા, બસ્તી, ગોરખપુર, દેવરિયા સદર, બેલમપુર રોડ, બેલથરા સ્ટેશન બન્ને દિશામાં. | | | | |
| **સંરચનાઃ** AC ૨-ટાયર, AC ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |

**સમય, થોભવાના સ્થળો અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.**

**ટ્રેન નં. ૦૫૧૮૪, ૦૫૦૩૪, ૦૨૨૦૦, ૦૪૧૨૬ અને ૦૫૦૧૮ માટે બુકિંગ ૩૧.૦૩.૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.**

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરોઃ facebook.com/WesternRly X.com/WesternRly Instagram.com/WesternRly https://www.youtube.com/@WesternRly https://bit.ly/WesternRailwayOfficial

**કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે ઓરીજીનલ ઓળખપત્ર સાથે રાખો.**

# ટીન અને કોપરની આગેવાની હેઠળ ધાતુમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે ડૉલર ઈન્ડેક્સની મજબૂતીને ટેકે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં આગેકૂચ જળવાઈ રહી હોવાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે ટીન, કોપર અને નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. ચારથી ૬૩ સુધીની આગેકૂચ જોવા મળી હતી. જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨નો અને નિરસ માગે લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ખપપૂરતી માગે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૬૩ની તેજી સાથે રૂ. ૪૬૮૮, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને અનુક્રમે રૂ. ૧૧૬૮ અને રૂ. ૧૧૬૩, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૧૧૬૫, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૧૨૩૩ અને રૂ. ૩૪૫, નિકલના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૧૬૫૨, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૨૬૫ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૩૨૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૭૨૮ અને નિરસ માગે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૯૫ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૦૭૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

# દેશી-આયાતી તેલમાં વિશ્વ બજાર પાછળ આગળ ધપતી તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના જૂન વાયદામાં ૧૪૧ રિંગિટનો ઉછાળો આવ્યાના અહેવાલ હતા. તેમ જ આજે ગુજરાતના મથકો પર ખાસ કરીને સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫નો ઉછાળો આવ્યો હતો અને અન્ય દેશી તેલમાં પણ સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં મક્કમથી સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં માત્ર સન રિફાઈન્ડમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ દેશી આયાતી તેલમાં તેજી આગળ ધપી હતી. આજે ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૫૦, સરસવમાં રૂ. ૧૫ અને સિંગતેલમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા, જ્યારે આયાતી તેલમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા અને સન રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે વધ્યા મથાળેથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હતા. તાજેતરમાં વિશ્વ બજારમાં વધી રહેલા ક્રૂડતેલના ભાવને ધ્યાનમાં લેતા ઈન્ડોનેશિયન સરકાર આ વર્ષથી જ પેટ્રોલમાં બાયોડીઝલની ભેળવણી માટેના બીપ૫૦ ધોરણો અપનાવશે, એમ ઈન્ડોનેશિયન પ્રમુખે આજે જાપાનની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના એપ્રિલ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૮૦ અને સોયા રિફાઈન્ડના મે ડિલિવરી શરતે રૂ. ૧૫૪૫, જી-વનના મે ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૫૧, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦, પતંજલિ ફૂડ્સના એપ્રિલ-મે ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦થી ૧૪૬૫, સોયા રિફાઈન્ડના મે ડિલિવરી શરતે રૂ. ૧૫૧૫ અને સન રિફાઈન્ડના એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૭૨૦ અને ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ થયા હતા.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**No. Dy.C.E./S.I.C./૧૨૩૨૭/સીટી તા. ૩૦.૦૩.૨૦૨૬**

| MCGM | 'ઈ'-ટેન્ડર નોટિસ |
|---|---|
| વિભાગ | ચીફ એંજીનિયર |
| ઉપ-વિભાગ | ડે. સીટી એંજીનિયર (સ્કૂલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલ) |
| વિષય | F/S વોર્ડમાં દાદર નાયગાંવનો CTS નં. ૨૯/૨૬ ધરાવતી પ્લોટ પર નાયગાંવ મ્યુનિસિપલ સ્કૂલનું પ્રસ્તાવિત રિકન્સ્ટ્રકશન (ટેન્ડર દસ્તાવેજ ID:- ૨૦૨૬_MCGM_૧૨૯૧૩૭૭_૧) |
| ટેન્ડર વેચાણ | તા. ૩૧.૦૩.૨૦૨૬ સમયઃ સવારે ૧૧.૦૦ ક. થી તા. ૧૦.૦૪.૨૦૨૬ બપોરે સમય ૧૨.૦૦ સુધી |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક અધિકારી નામ. ટેલીફોન નં. ઈ-મેઈલ એડ્રેસ | શ્રી અશોક બી. કર્પે, આસીસ્ટન્ટ એન્જિનિયર (SIC)Z-II મોબાઈલ નં.: ૯૮૯૨૨૫૮૫૫૧ E-mail ID: aesic03.ce@mcgm.gov.in |

સહી/-
શ્રી અવિનાશ એ. વિશ્વાસરાવ
ડે. સીટી એંજીનીયર
(સ્કૂલ ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ)

PRO/3434/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**વિભાગઃ- ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)**
**નં. E.E. મિકે./EI/૮૮૮૭/મેઈન્ટ તા. ૩૦.૦૩.૨૦૨૬**

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેકશન હેઠળ મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહા ટેન્ડર્સ)/ B.M.C. ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૬_MCGM_૧૨૯૧૨૯૩_૧ | ૦૫ વર્ષની મુદત માટે વિવિધ મ્યુનિસિપલ પ્રિમાઈસીસ/હોસ્પિટલ ખાતે સ્થિત OTIS મેક લીફ્ટોની ૧૩ નં.ની વ્યાપક સર્વિસિંગ અને જાળવણી. |
| ૨ | ૨૦૨૬_MCGM_૧૨૫૯૯૨૮_૧ | G/સાઉથ વોર્ડમાં હજી અલી સ્ટાફ ક્વાર્ટર્સ બિલ્ડિંગ નં. ૫ ખાતે આઉટડોર પેસેન્જર લીફ્ટ નં. ૨નું અપગ્રેડેશન કામ. |

ઈચ્છુક ટેન્ડરરોએ ટેન્ડરની વધુ વિગતો માટે મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહા ટેન્ડર્સ) (http://mahatenders.gov.in) અને http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટની મુલાકાત લેવી.

સહી/-
E.E. મિકે. (EI) મેઈન્ટ

PRO/3426/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

ભગવાન મહાવીરના
પાવન જન્મકલ્યાણકના દિવસે
મોક્ષની ગતી કરી..
એવા અમારા માડી ને શત્ શત્ વંદન.

તૃતીય પુણ્યતિથીએ પુષ્પાંજલી



સ્વ. શ્રીમતી ધનલક્ષ્મીબેન
ચિમનલાલ દોશી

બહોળો પરિવાર એ તમારૂં હૃદય હતું,
તમારો હરહંમેશ હસતો ચહેરો એ અમારૂં હૃદય હતું.
અરિહંતની ભક્તિ અને
સાધુ સાધ્વી વૈયાવચ્ચ એ તમારો આત્મા હતો.
પરોપકારની ભાવના એ સતત
તમારા હોઠ ઉપરનું રટણ હતું.
સત્કાર્યો એ તમારી સુવાસ હતી
અને હવે એ અમારી શાન છે.
આપની સંસ્કૃતિનો વારસો,
અમારા હૈયામાં વહ્યા કરે છે.
પ્રભુશ્રી મહાવીરના
પાવન જન્મકલ્યાણકના દિવસે
અરિહંત-અરિહંતનું રટણ કરતા
નિર્વાણના માર્ગે ગતી કરવી એ
આપની અરિહંત પ્રભુની
અતૂટ ભક્તિની પરાકાષ્ઠા હતી.
આપની આ તૃતીય શ્રધ્ધાંજલિએ
પૂરા પરીવારના નમન - વંદન.

જય જીનેન્દ્ર

સ્નેહાધીન
સમસ્ત દોશી પરિવાર
વડોદરા | મુંબઈ | દુબઈ



ભાવભીની શ્રદ્ધાંજલિ



શ્રીમતી કુંદનબેન
કૌશિકલાલ મહેતા
૮ માર્ચ ૧૯૪૦ – ૨૮ માર્ચ ૨૦૨૬

મુળ મોરબી, હાલ વરલી, મુંબઇ ના રહેવાસી અમારા વહાલા કુંદનબેન મહેતા, જેઓ પ્રેમથી'ભાભી' તરીકે જાણીતા હતા, તેઓ ૨૮ માર્ચ ૨૦૨૬ના રોજ શાંતિપૂર્ણ રીતે સ્વર્ગવાસ પામ્યા છે.
તેમને શ્રદ્ધાંજલિ આપવા ૩૧મી માર્ચ, મંગળવારે સાંજે ૫-૭ ની વચ્ચે FPH બિલ્ડિંગ, ૫ મે માળે, લાલા લાજપતરાય માર્ગ, હાજી અલી ખાતે સભા રાખવામાં આવી છે.

શોકાતુર / સ્મરણ કરનાર:
સ્વ. પ્રવિણભાઈ અને રંજનબેન મહેતા
રાજીવ અને જાહ્નવી મહેતા
અજય અને નંદિની મહેતા
સંજીવ અને હીના મહેતા
સ્વ. છાયા અને સ્વ. જીતેશભાઈ વોરા
સ્વ. કલ્પના અને વિપુલભાઈ મોટાણી
ભાવના અને રાજેશભાઈ મહેતા
જયનીલ અને અમૃતા વોરા
કવિન અને શેફાલી મોટાણી
વિનીત અને પ્રાચી વોરા
મનન્જય અને સત્યા મહેતા
યશ અને પંક્તિ મોટાણી
કૈવલ્ય મહેતા
વૈધુર્ય અને વસિલિકી મહેતા
નિરીક્ષા અને રોહન શ્રીરામ
પરમાંગના મહેતા


# પીએનજી માટે અરજી નહીં કરો તો ગેસ સિલિન્ડર કનેક્શન બંધ થઈ જશે

મુંબઇ : ગલ્ફ વોરની અસર હવે ભારતમાં પણ દેખાવા લાગી છે. મહારાષ્ટ્ર સહિત સમગ્ર ભારતમાં ઊર્જા સંકટ સર્જાયું છે. ભારતમાં કુદરતી ગેસ અને ક્રૂડ ઓઇલની તીવ્ર અછત સર્જાઈ છે. તેથી જ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો થયો છે. ગેસ બુક કરાવવા છતાં લોકોને સમયસર ગેસ સિલિન્ડર મળી રહ્યા નથી. લોકોને કલાકો સુધી લાઈનોમાં ઊભા રહેવું પડે છે. તેથી મહારાષ્ટ્રમાં જ્યાં પણ પીએનજી કનેક્શન મેળવવાનું શક્ય હોય ત્યાં શક્ય તેટલી વહેલી તકે અરજી કરો. કેન્દ્ર અને રાજ્ય સરકારો તરફથી વહેલામાં વહેલી તકે ઘરે પીએનજી કનેક્શન મેળવવા માટે અપીલ કરવામાં આવી

(જુઓ પાનું ૪) ▸▸

# રેશનિંગ પર પણ કેરોસીન મળતું નથી

## મુંબઈ, થાણે વિસ્તારોમાં કાળાબજાર તેજીમાં

મુંબઈ : એલપીજી ગેસની અછતને પગલે, રાજ્ય સરકારે રેશનિંગ દ્વારા કેરોસીન (રોકેલ)નું વિતરણ શરૂ કર્યું છે. જો કે મુંબઈ, થાણે, પુણે અને નાગપુર જેવા શહેરી વિસ્તારોને આ નિર્ણયમાંથી બાકાત રાખવામાં આવ્યા હોવાથી, આ શહેરોના નાગરિકોને કોઈ રાહત મળી નથી. એકબાજુ ગ્રામીણ વિસ્તારોને કેરોસીનથી કામચલાઉ રાહત મળી રહી છે, જ્યારે શહેરી રહેવાસીઓ ગેસની અછતથી પ્રભાવિત થઈ રહ્યા છે. આનાથી

(જુઓ પાનું ૪) ▸▸

**મહારાષ્ટ્રમાં ફરી સંકટ**

# સળંગ ત્રણ દિવસ કમોસમી વરસાદ અને માવઠાની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હાલ મહારાષ્ટ્રમાં વિચિત્ર વાતાવરણનો લોકો અનુભવ કરી રહ્યા છે. એક તરફ વિદર્ભમાં આકરી ગરમી પડી રહી છે તો બીજી તરફ રાજ્યના મોટાભાગના જિલ્લામાં છેલ્લા અનેક દિવસથી કમોસમી વરસાદ અને માવઠાને કારણે ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. માર્ચ મહિનો પૂરો થવાનો છે, છતાં રાજ્યના માથા પરથી કમોસમી વરસાદનું સંકટ દૂર થયું નથી. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ ફરી એક વખત રાજ્યમાં કમોસમી વરસાદ અને માવઠાની ચેતવણી આપી છે.

અચાનક આવી પડેલા વરસાદને કારણે દ્રાક્ષ, જુવાર, કાંદા સહિત કેરીના પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ ફરી રાજ્યના મોટાભાગના જિલ્લામાં વરસાદ અને માવઠાની શક્યતા વ્યક્ત કરી છે. બુધવાર અને ગુરુવારે વરસાદનું જોર હળવું થવાની શક્યતા છે.

નિષ્ણાતોના કહેવા મુજબ ઉત્તર તરફથી આવી રહેલા ઠંડા પવનો અને બાષ્પયુક્ત પવનો એકબીજા સાથે ટકરાતા હોવાથી આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે અને તેને કારણે વરસાદની શકયતા છે. નિષ્ણાતોના કહેવા મુજબ વિદર્ભથી દક્ષિણ કર્ણાટક સુધી હવાના ઓછા દબાણનો પટ્ટો નિર્માણ થયો છે, તેથી અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગર પરથી રાજ્યમાં ભેજવાળા પવનો ફૂંકાઈ રહ્યા છે. તેથી આગામી ત્રણ દિવસ ઠંડા પવનોની સાથે વરસાદ અને છૂટક જગ્યાએ માવઠાની શક્યતા છે. એ સિવાય વાતાવરણના ઉપરના સ્તર પર પાંચથી દિસ કિલોમીટરના અંતર પરથી પશ્ચિમ તરફથી દક્ષિણ તરફ ઠંડા પવનો કલાકના ૭૦થી ૮૦ કિલોમીટરની ઝડપે ફૂંકાઈ રહ્યા છે. આ પવનો સીધા ફૂંકાવાને બદલે ઉપર નીચે ફૂંકાઈ રહ્યા છે. તેમ જ વિદર્ભથી દક્ષિણ કર્ણાટક સુધી ઓછા

(જુઓ પાનું ૪) ▸▸

**અપરાધીની સંપત્તિની ટાંચનો મુદ્દો**

# ડેટ રિકવરી કાનૂનથી ઉપરવટ છે પીએમએલએ: હાઈ કોર્ટ

મુંબઈ: બોમ્બે હાઈકોર્ટે એવો ચુકાદો આપ્યો છે કે 'અપરાધીની (ગુનામાંથી મળેલી) રકમ'ને ટાંચમાં લેવાની વાત આવે ત્યારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) ડેટ રિકવરી માટેના કાયદાઓ જેમ કે 'સરફાસી' અને આરડીબી એક્ટની ઉપરવટ છે.

૨૩ માર્ચના રોજ આપેલા ચુકાદામાં હાઈ કોર્ટની નાગપુર બેન્ચે પીએમએલએ એપેલેટ ટ્રિબ્યુનલ દ્વારા બેંકોને ટાંચમાં લેવાયેલી મિલકતોમાંથી દેવાની વસૂલાત કરવાના અધિકારોની તરફેણ કરનારા આદેશોને રદ કર્યા હતા.

જસ્ટિસ એમ. એસ. જવળકર અને નંદેશ દેશપાંડેની ખંડપીઠે ભારપુર્વક જણાવ્યું હતું કે દેવાની વસૂલાત માટેના કાયદાઓ જેમ કે સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ (સરફાસી) અને દેવાની વસૂલાત અને નાદારી અધિનિયમ (આરબીડી) 'બંને કાયદાઓના અલગ અલગ ઉદ્દેશ્યો અને કારણો ધરાવે છે, પરંતુ આથી તેઓ પીએમએલએની ઉપરવટ જઈ શકે નહીં.'

પીએમએલએમાં કાયદાનો ઉદ્દેશ બે અન્ય કાયદાઓ - આરડીબી એક્ટ અને સરફેસી એક્ટ -ના હેતુઓથી અલગ હોવાથી આ બંને કાયદા પીએમએલએની ઉપરવટ જઈ શકતા નથી.આ કેસ ૨૦૧૨ માં કોલ બ્લોક ફાળવણીમાં અનિયમિતતા અંગે ગ્રેસ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ની તપાસમાંથી ઉદ્ભવ્યો હતો.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ

(જુઓ પાનું ૪) ▸▸


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


# રાજકારણમાં ભૂકંપ આવવાનો છે

## શિંદે સેનાના નેતાના નિવેદનથી ખળભળાટ

મુંબઈ : રાજ્યના રાજકારણમાં ફરી એક મોટો ભૂકંપ આવવાની શક્યતા છે. એકનાથ શિંદેની દિલ્હી મુલાકાત બાદ સત્તાના સમીકરણો બદલાવાની શક્યતા છે. દિલ્હીની મુલાકાત દરમિયાન એકનાથ શિંદેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ સાથે મુલાકાત કરી હતી.

આ બેઠક પછી ઉદ્ધવ સેના કે રાષ્ટ્રવાદી શરદ પવાર જૂથને ફટકો પડવાની ચર્ચા થઈ હતી. રાજ્યસભાની ચૂંટણી પછી રાજકીય ભૂકંપની ચર્ચા પર રોક લાગી ગઈ હતી, પરંતુ શિંદે જૂથના નેતાના નિવેદનથી પડદા પાછળ કંઈક રંધાઈ રહ્યું હોવાનો ખુલાસો થયો છે.

૨૦૨૨માં, શિવસેના પછી રાષ્ટ્રવાદી પક્ષને મોટો ઝટકો લાગ્યો હતો. શિંદે શિવસેના અને અજિતદાદા એનસીપીના ઘણા સભ્યો સાથે ભાજપ સરકારમાં જોડાયા હતા. આ બંને ઘટનાઓએ રાજ્યના રાજકારણમાં હલચલ મચાવી દીધી હતી. બધા પક્ષો હંમેશા ભાજપના ઓપરેશન લોટસથી ડરતા હોય

(જુઓ પાનું ૪) ▸▸

# પાર્થ પવાર રાજ ઠાકરેને મળ્યા

## દોઢ કલાક ચર્ચા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં વધુ એક મોટો ઘટનાક્રમ જોવા મળ્યો છે. સ્વર્ગસ્થ અજિત પવારના પુત્ર પાર્થ પવાર મનસે પ્રમુખ રાજ ઠાકરેને મળવા દાદર સ્થિત શિવતીર્થ નિવાસસ્થાને પહોંચ્યા હતા. રાજ ઠાકરેને મળવા માટે પાર્થ પવારની અચાનક મુલાકાતથી રાજકીય વર્તુળોમાં વિવિધ ચર્ચાઓ શરૂ થઈ છે.

થોડા દિવસો પહેલાં વિધાનસભ્ય રોહિત પવાર મનસે પ્રમુખ રાજ ઠાકરેને મળ્યા હતા. એવું કહેવાય છે કે આ બેઠકમાં અજિત પવારના વિમાનની દુર્ઘટના અંગે ચર્ચા થઈ હતી. ત્યારબાદ રાજે પણ આ મુદ્દે પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને અજિત પવારની વિમાન દુર્ઘટના અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. અજિત પવાર જેવી વ્યક્તિ અકસ્માતમાં નિધન પામે છે અને સરકાર સાદો ગુનો નોંધતી નથી. રાજ ઠાકરેએ પૂછ્યું હતું કે એફઆઈઆર કેમ નોંધાતો નથી. ત્યારબાદ પાર્થ પવાર આજે રાજ ઠાકરેને મળવા શિવતીર્થ પહોંચ્યા હતા. આ બંને નેતાઓ શા માટે મળ્યા તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. રાજ ઠાકરેને મળ્યા પછી, પાર્થ પવાર કોઈ પ્રતિક્રિયા આપ્યા વિના નીકળી

(જુઓ પાનું ૪) ▸▸





| DEP DATES | 24th APR | 08th MAY | 22nd MAY | 05th JUN | 19th JUN |
|---|---|---|---|---|---|

Package Inclusions
- Helicopter Ride, The Great Wall, Avatar Mountains, Kuixing Tower Square, Glass Bridge, Face-Changing Show, Maglev Train, Charming Xiangxi Show, Shanghai Tower, Heaven's Gate, Acrobatic Show, Panda Breeding Centre, અને Hongyadong Cave Complex નો અદભુત અનુભવ.
- વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
- વીઝા અને એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
9920490227 07506679945, 09324064281 (022) 26103073, 74






કુલીન કુમાર હોલીડેઝ – એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે
ઓકલેન્ડ ▸▸ બે ઓફ આઈલેન્ડ ▸▸ રોટોરૂઆ ▸▸ કવીન્સટાઉન ▸▸ માઉંટ કુક ▸▸ ક્રાઈસ્ટચર્ચ
- વર્લ્ડ ક્લાસ સિંગાપુર એરલાઇન્સમાં સફર
- લક્ઝરી હોટલ્સમાં રહેવાનું (કન્ફર્મ હોટલ્સ)
- ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઇયા દ્વારા ભોજનનો આસ્વાદ
- ગુજરાતી, હિન્દી, ઇંગલીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
- ભરપુર સાઇટ સીઇંગનો સમાવેશ
- લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
- કોઇપણ છુપા ખર્ચ વગર
- સ્પષ્ટ ટુર પ્રોગ્રામ તથા પ્રમાણીક વ્યવહાર

DEPARTURES - 2026
May 02, 04, 06, 09, 11, 13, 15, 19, 25, 28
June 01, 07, 10

TRUSTED NEW ZEALAND TOUR SPECIALISTS SINCE 1997

SCAN ME
NO GIMMICKS. NO HYPE. SINCE 1976.
KULIN KUMAR HOLIDAYS
Hughes Road (H.O.): 022-43555555 | Opera House: 022-43555551
Borivali: 022-43555590 | Mulund: 022-25695500 | Ghatkopar: 022-46679928
Pune: 020- 25537344 | Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Follow us on @kulinkumarholidays for live tour moments!